RNI No. 6489/57

# શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા

## માસિક પત્રિકા

Issue : 10, Year : 66, January, 2020, Pages : 56, Price Rs. 7.00





આપણું ઝાલાવાડ.....સમૃદ્ધ ઝાલાવાડ

# *Heartiest Congratulations*



## Dr. Nilesh B. Doshi

M.D. (Ayu-Surgery)

**SPECIALIST IN PILES - FISTULA - FISSURE - PILONIDAL SINUS**
**KSHARASOOTRA - LASER - SURGERY**

FOUNDER PRESIDENT - ASSOCIATION OF AYURVEDIC PRACTITIONERS

has been conferred prestigious

## "SUSHRUTA AWARD"

by **Directorate AYUSH - Maharashtra State**
**for his valuable contribution** in the field of **Ayurvedic Surgery.**

He has treated thousands of **ANORECTAL CASES** successfully
and holds to treat heighest number of cases of **PILONIDAL SINUS** in the country by Ksharasootra.

***Wishing him many more successes and feathers in his Life in future.***

**With Best Compliments from**

**Late Mrs. Chandrika Navinchandra Shah**
Mrs. Vatsala - Praful Gandhi
Mrs. Purnima - Pankaj Jhobalia
Mrs. Neepa - Kamlesh Shah
Mrs. Shilpa - Hemang Dagli
Mona - Miten, Pratik, Swati, Sagar,
Pooja, Yasho, Janhvi, Kashish,
Punya, Meera - Veer

**Mrs. Subhadra - Bhupatray Doshi**
Mrs. Varsha - Dr. Arun Kothari
Mrs. Hema - Jayesh Doshi
Mrs. Mayuri - Kamlesh Doshi
Mrs. Shreya - Yogesh Doshi
Mrs. Alpa Nilesh Doshi

Dr. Ankur - Dr. Jhankhana
Dr. Nisarg - Dr. Shivani
Krupali, Shivani,
Dr. Dhwani, Harmish,
Dr. Aarohi, Dr. Rutvi,
Devangi, Dr. Dharmin,
Dr. Pratiti - Keyur Shah,
Bhavinbhai, Aaral, Daivik,

## DEVANGI HOSPITAL

**502, Raj Chambers, Manchhubhai Road, Near Malad Station, Malad (East), Mumbai - 400 097.**

**Ph. :** 022 - 2881 8400 / 9757008400 | **Email :** devangihospital@gmail.com

Advt.

## ઝાલાવાડી સભા ચેરીટેબલ ફાઉન્ડેશન
સંચાલિત

**શ્રીમતિ કમળાબેન ગંભીરચંદ ઉમેદચંદ શાહ**
સેનેટોરિયમ - લોનાવાલા



**શ્રીમતી ઈન્દુમતીબેન ધીરજલાલ છોટાલાલ શાહ**
સેનેટોરિયમ - પંચગીની



**શ્રી સી. યુ. શાહ સેનેટોરિયમ**
દેવલાલી



**શ્રીમતી હંસાબેન આશકરણભાઈ શાહ**
સેનેટોરિયમ - માથેરાન



અને
હવે
**એક નવી સોગાદ...**

**ઝાલાવાડી સભાના સભ્યોને નવુ નજરાણું**

ઝાલાવાડી સભાના લોનાવાલા, પંચગીની, દેવલાલી અને માથેરાન ના સેનેટોરિયમ પછી વતન સુરેન્દ્રનગરમાં આઠ સેલ્ફ કન્ટેઈન્ડ એરકંડિશન્ડ રૂમની સુવિધા ધરાવતું એક નાજુક નમણુ સેનેટોરિયમ તૈયાર થઈ ગયુ છે...

## શ્રી સી. યુ. શાહ સેનેટોરિયમ, સુરેન્દ્રનગર

**ઉદ્‌ઘાટન સમારોહ : તા. ૨૬/૦૧/૨૦૨૦, સમય : ૯.૦૦ થી...**




-:ઉદ્‌ઘાટક :-

## શ્રીમતી મીનળબેન રોહીતભાઈ શાહ

**આશીર્વાદ : પૂજ્ય ભાઈશ્રી નલિનભાઈ કોઠારી**

**સ્થળ :**
''મહાવીરાલય'',બીજો માળ, ઘર હો તો ઐસા, કમળ મંદિર પાસે, સુરેન્દ્રનગર.

# BIODATA

**Contact Details:**




| | |
|---|---|
| Residence | +91 22 23524902 |
| Deepak Vora | +91 9930922033 |
| Resi. Add. | 81/2 Sahakar Niwas, |
| | 20, Tardeo Road, Hajiali, |
| | Next to Brand Factory, |
| | Mumbai - 400034. |
| Birth Time/Date | 4.16 pm, 8th Aug. 1993, |
| Birth Place | Mumbai |
| Height | 5.10 |
| Religion | Zalawadi Vishashrimali |
| | Sthanakwasi Jain |
| Native Place | Wadhwan, Surendranagar |
| Qualification | MBA In Finance, Wellingkar Institute |
| | Bachelors in BMS, KC College of Commerce |
| Family Business | DP Vora Securities Pvt Ltd (mem.BSE-NSE) |
| | Tradelink Distribtion (HUL & RB Distribution) |
| Office Add | 21/22B Khatau Bldg, A.D. Mody Marg, |
| | Fort, Mumbai - 400023. |
| Warehouse Add | 221, Gr. floor, Q street, Darukhana, |
| | Mazgoan, Mumbai - 400010. |
| Interest | Sports & Music Lover |

**Family Details**

| | |
|---|---|
| Grand Father | Late Shri. Popatlal Nayalchand Vora |
| Grand Mother | Late Smt. Shantaben Popatlal Vora |
| Father | Deepak Popatlal Vora |
| Mother | Kalpana Deepak Vora (+91 9920722033) |
| Brother | Ankit Deepak Vora (+91 9820722033) |
| Sister in Law | Saloni Ankit Vora (+91 9819690469) |

**Family Background :**

| | |
|---|---|
| KAKA | MAHENDRABHAI VORA (+91 9821217087) |
| MAHESH VORA | (+91 9821569383) |
| MUKESH VORA | (+91 9820267889) |
| MAMA | DEEPAK HARJIVANDAS SHAH (+91 9022721264) |

Advt.




શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા (મુંબઈ)
સ્થાપના : ઈ. સ. ૧૯૦૩

**માસિક પત્રિકા**

જાન્યુઆરી–૨૦૨૦
વર્ષ : ૬૬ : : અંક : ૧૦
: તંત્રી :
સંધ્યાબેન બિપિનભાઈ શાહ
માલિક :
શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા
: મુદ્રક અને પ્રકાશક :
પ્રવીણચંદ્ર જી. શાહ
: પ્રકાશન સ્થાન :
૪૭, ડૉ. એમ. બી. વેલકર સ્ટ્રીટ,
(કોલભાટ લેન), પહેલે માળે,
ચીરાબજાર, મુંબઈ–૪૦૦ ૦૦૨.
ટેલિફોન:૨૨૦૧૨૮૭૦, ૨૨૦૦૦૦૯૭
Email : zalawadisabha@gmail.com
મુદ્રણસ્થાન : રાજેશ પ્રિન્ટરી,
૧૧૫, પ્રગતિ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ,
૩૧૬, એન. એમ. જોશી માર્ગ,
ડિલાઈલ રોડ, લોઅર પરેલ (ઈસ્ટ)
મુંબઈ–૪૦૦૦૧૧. ફોન : ૪૦૦૩૨૪૯૬
: ફક્ત પત્રિકાનું લવાજમ :
ત્રણ વર્ષના રૂપિયા ૪૦૦/–
છૂટક નકલ રૂા. ૭/–
મુખપૃષ્ઠ ડિઝાઈનઃ કેલી ગાંધી

શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા
ઑફિસના કામકાજનો સમય
બપોરના ૧૨–૦૦ થી સાંજના ૫–૦૦

*શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા, માસિક પત્રિકામાં પ્રકાશિત થતા લેખોમાં દર્શાવેલા વિચારો લેખકના પોતાના છે, તેની સાથે સભાના હોદ્દેદારો અને તંત્રી સંમત છે તેમ માની લેવું નહિ.*



# હે પરમાત્મા

**હે પરમાત્મા,**
**મને તારી શાંતિનું વાહન બનાવ,**

**જ્યાં ધિક્કાર છે ત્યાં હું પ્રેમ વાવું,**
**જ્યાં ઘાવ થયો છે ત્યાં ક્ષમા,**
**જ્યાં શંકા છે ત્યાં શ્રદ્ધા,**
**જ્યાં હતાશા છે ત્યાં આશા,**

**જ્યાં અંધકાર છે ત્યાં પ્રકાશ,**
**જ્યાં શોક છે ત્યાં આનંદ આપું,**
**હે દિવ્ય સ્વામી, એવું કરો કે,**
**હું આશ્વાસન મેળવવા નહીં, આપવા ચાહું,**

**મને બધા સમજે એ કરતાં હું બધાને સમજવા ચાહું,**
**મને કોઈ પ્રેમ આપે એ કરતાં કોઈને હું પ્રેમ આપવા ચાહું,**
**કારણ કે,**
**આપવામાં જ આપણને મળે છે,**

**ક્ષમા કરવામાં આપણે ક્ષમા પામીએ છીએ,**
**મૃત્યુ પામવામાં જ આપણે શાશ્વત જીવનમાં**
**જન્મીએ છીએ.**

# નવકાર-મહામંત્ર-મહિમા અષ્ટક

णमो अरिहंताणं,
णमो सिद्धाणं,
णमो आयरियाणं,
णमो उवज्झायाणं,
णमो लोए सव्व साहुणं,
एसो पंच णमोक्कारो,
सव्व पावप्पणासणे ।
मंगलाणं च सव्वेसिं
पढमं हवइ मंगलं ।।

परस्परोपग्रहो जीवानाम्

परस्परोपग्रहो जीवानाम्

**જેનો મહાન મહિમા, સઘળે ગવાય,**
**પુણ્યોદયે જન ભજે, સહુ કષ્ટ જાય;**
**શ્રી કલ્પવૃક્ષ મનવાંછિત, પુણ્ય કામ,**
**મંત્રાધિરાજ! પરમેષ્ઠિપદે પ્રણામ.**

**શ્રી શ્વેતવર્ણ અરિહંત, સુ-રક્ત સિદ્ધ,**
**આચાર્ય પીત શુભ-વાચક નીલ બદ્ધ;**
**શ્યામાંગ દિવ્ય મુનિજી, અતિ પુણ્ય નામ,**
**મંત્રાધિરાજ! પરમેષ્ઠિપદે પ્રણામ.**

**સમ્યક્ત્વ ભાવમય, દર્શન જ્ઞાન આપે,**
**ચારિત્ર જ્ઞાનબળથી, ભવ દુઃખ કાપે;**
**ચારિત્રથી તપ મળે શુભ મુક્તિધામ,**
**મંત્રાધિરાજ! પરમેષ્ઠિપદે પ્રણામ.**

**ચક્રેશ્વરી વિમલદેવ, કરે સહાય,**
**પુણ્ય કૃપામય સુદૃષ્ટિ, કદી પમાય;**
**સર્વોચ્ચ પંચપરમેષ્ઠિ પદે પ્રણામ**
**મંત્રાધિરાજ! પરમેષ્ઠિપદે પ્રણામ.**

**સંગ્રામ-સાગ જલે, વિપિને મુંઝાય,**
**આપત્તિ સિંહ-અહિ-વ્યાઘ્રતણી જણાય;**
**ત્યાં દિવ્ય મંત્ર, અખૂટ કામ,**
**મંત્રાધિરાજ! પરમેષ્ઠિપદે પ્રણામ.**

**દારિદ્ર-રોગ-જનનાં, સહુ કષ્ટ ટળે,**
**સંપત્તિ-પુત્ર-વનિતા, સુખમાર્ગે વાળે;**
**એવો મહાન નવકાર, સુહર્ષ ધામ,**
**મંત્રાધિરાજ! પરમેષ્ઠિપદે પ્રણામ.**

**શ્રીપાળ, રાણી મયણા ધરણેન્દ્ર આદિ,**
**પલ્લિપતિ અમર, કંબલ-શંબલાદિ;**
**પામ્યાં બધાં રટણાથી, શુચિ સિદ્ધિ,**
**મંત્રાધિરાજ! પરમેષ્ઠિપદે પ્રણામ.**

**એવો મહાન શુચિ મંત્ર મનુષ્ય પામે,**
**સંસારના ત્રિવિધ તાપ બધા વિરામે;**
**દેવેન્દ્ર કિન્નર રટે, મુખ અષ્ટ યામ,**
**મંત્રાધિરાજ! પરમેષ્ઠિપદે પ્રણામ.**

xxxxx

મહામંત્ર નવકારના પ્રભાવને સરળ અને સુગમ શૈલીમાં સ-રસ ભાષામાં અહીં વાચા આપી છે. શબ્દો સમજાય એવા છે. પરિવારના સભ્યો સાથે બેસી આ અષ્ટકનું ગાન કરે તો, ઘરમાં દિવ્ય વાતાવરણ પ્રસરે. 'મંત્રાધિરાજ! પરમેષ્ઠિપદે પ્રણામ'નો શબ્દઘોષ વિશેષ લાભકર્તા છે. પરિવારના આપસના સંબંધો સંપીલા, મધુર અને સુખમય રાખવા આવા અપાર્થિવ તત્ત્વની આવશ્યકતા હોય છે જ. આ અષ્ટકના શબ્દો પાછળના ભાવમાં ડૂબકી મારવાથી ભાવલોકની ઝલક લાધે છે, રોજ-રોજ આવા શબ્દોના સેતુ દ્વારા અગોચર તત્ત્વ સાથે અનુસંધાન રચાય તે જરૂરી છે. અનુસંધાન માટે શબ્દો સહાયક છે.

કવિ મનોજ ખંડેરિયાએ કહ્યું છે :

મને સદ્ભાગ્ય કે શબ્દો મળ્યા
તારે નગર જાવા;
ચરણ લઈ દોડવા બેસું,
વરસોનાં વરસ લાગે.
અગમના એ લોકમાં ચરણ લઈને
તો ક્યાં પહોંચાય?

શબ્દો એ સોગાદ છે, તેથી આવા શબ્દો દ્વારા શબ્દાતીત સાથે મેળાપ કરી લેવો જોઈએ.

✱✱✱



# સ્વર્ગ તમારા હાથમાં

□ સુરેશ ગઢવી

મારી માને એક સુંદર બહેન હતાં, એમલી. એ ખૂબ સરસ જગ્યાએ પરણેલાં અને અમારા ઘરથી ચાલતાં જઈએ તો દસેક મિનિટમાં પહોંચી જવાય એટલા અંતરે મોટા, ભવ્ય ઘરમાં રહેતાં. મારા પિતા, અમે છ ભાઈ-બહેનો સહિત માને મૂકીને, યુવાનીમાં જ મૃત્યુ પામેલા. એ સમયે માનું મોટામાં મોટું સંતાન માત્ર બાર વરસનું. અને આ બધું વિધવા પેન્શન કે બાળકોનાં વિશેષ ભથ્થાં વગેરે શરૂ થયાં એ પહેલાં ઘણાં વરસો અગાઉ બનેલું એટલે નિખાસલતાથી કહું તો અમારે ભિખારીઓ જેવી હાડમારી વેઠવી પડેલી. પણ મારી મા અને મારી માસી વચ્ચેનું બંધન એની આગવી રીતે અત્યંત મજબૂત હતું. પરિણામે, મને અવારનવાર મારી માસીયાઈ ડોરથીની કંપની માટે મોકલવામાં આવતી. અને ઉંમરના નવમા અને દસમા વરસનો ઘણો સમય મેં કટુ ઈર્ષામાં વિતાવેલો.

ડોરથી, એનાં માતાપિતાનું એકમાત્ર સંતાન, મારાથી માત્ર એક મહિનો નાની હતી. જિંદગીએ મને ક્યારનુંય મારી અંદરની લાગણીઓ છુપાવવાનું શીખવી દીધેલું, એટલે એ લાડકોડથી બગડી ગયેલી નાનકડી છોકરી માટે હું એકદમ યોગ્ય કંપની ગણાતી. મારા કરતાં વધુ સુંદર વ્યક્તિત્વ ધરાવતી મારી નાની બહેન વધુ પડતી નાની હતી. મારા કરતાં વધારે સંવેદનશીલ બાળક એવી મારી મોટી બહેન વધુ પડતી મોટી હતી. એકબીજા સાથે ભાગ્યે જ કોઈ વાતે સહમત થતા મારા ત્રણેય ભાઈઓ અમારી માસીયાઈ પ્રત્યેના અણગમા સંદર્ભે એકમત હતા. પણ હું બરાબર બંધબેસતી લાગતી. એ મોટા ઘરમાં રમવા અને ચા-પાણી કરવા હું અઠવાડિયે ઓછામાં ઓછું એકાદ વાર તો જતી જ. મને પાર્ટીઓમાં પણ બોલાવવામાં આવતી. એક વાર તો મને કડવી-મીઠી યાદોથી ભરેલા આખા મહિના માટે દરિયા તરફ ફરવા માટે લઈ જવામાં આવેલી. વરસોનાં વરસ સુધી તો મારી પાસે પોતાનાં કપડાં જ હતાં નહીં. ડોરથીના શરીરનો વિકાસ મારા કરતાં વધારે થતો એટલે એને નવાં કપડાં આવે કે તરત એમલીમાસી દયાભાવથી ડોરથીનાં અગાઉનાં મોઘાંદાટ અને ઘણી વાર તો મારા માપનાંય ન હોય એવાં કપડાં મને આપતાં.

સ્વભાવથી જ મને ન તો કોઈના અહેસાનમાં આવવું ગમતું કે ન તો હું કોઈ પ્રકારનો લાભ ખાટવા અર્થે કોઈની ખુશામત કરી શકતી. જોકે કોઈને સત્યની ખબર નહોતી પડતી પણ આ પરિસ્થિતિ મને ઘણી વાર પીડતી. હકીકતમાં, મને લાગે છે કે ડોરથીના દસમા જન્મદિને જે બન્યું તેનાથી મારો આત્મા વંકાયો હોવો જોઈએ.

મારો પોતાનો જન્મદિવસ એક મહિના પહેલાં જ ઊજવાયેલો. મા એ દિવસોમાં જ ચાની દુકાન શરૂ કરી રહી હતી. (જે પાછળથી ઠીક ઠીક સમૃદ્ધ થયેલી). પણ મા જન્મદિવસ આવ્યો ત્યાં સુધી એ આખી બાબત ભૂલી જ ગયેલી. એને યાદ આવ્યું એટલે એણે દુકાનમાંથી કાકડીની સેન્ડવિચ અને કેક મગાવ્યાં. સાથે સરસ મજાની ચા બનાવીને આપી. એણે મને વાળમાં નાખવાની નવી રિબન અપાવવાનું વચન પણ આપ્યું. મારી વયનાં બાળકોમાં હું રિબન ખોઈ નાખવામાં એક્કો હતી. એ ખોવાયા પછી નવી રિબન હંમેશાં સરળતાથી નહોતી જ આવતી. મારી નાની બહેને ઘણા સમયથી સંઘરી રાખેલી પેની ખર્ચીને એનસીડ બોલ્સ નામે જાણીતી મીઠાઈ ખરીદી હતી. કોઈ પણ વ્યક્તિએ એક વાર ચાખી હોય તો પ્રેમથી યાદ કરે એવી એ મીઠાઈના - તમે માનો કે ન માનો - એક પેનીમાં ચાલીસ નંગ મળતાં. મારા ભાઈ ફ્રેડને જે સ્કૂલની સ્કોલરશિપ મળેલી એ અમારા ઘરથી છ માઈલના અંતરે હતી. આઘાત લાગે એટલી મોટી રકમ ચૂકવીને માએ એને સ્કૂલ જવા માટે હમણાં જ સાઈકલ લાવી આપેલી. ફ્રેડે મારા જન્મદિવસના માનમાં મને દસ મિનિટ માટે એ સાઈકલ ફેરવવા આપેલી.

આ હતો મારો જન્મદિવસ.

માસી જો ઘરે હોત તો નિઃશંકપણે કંઈક સરસ મજાનું લઈને આવ્યાં હોત. કદાચ દસેક શિલિંગ રોકડા લઈને આવત જે માએ તરત લઈ લીધા હોત અને પાછળથી અમારા સૌનાં રોટી-કપડાંમાં વાપર્યા હોત, પણ માસી બહાર ગયેલાં હતાં અને ભૂલી પણ ગયાં હતાં.

એક મહિના પછી મને ડોરથીના જન્મદિવસની પાર્ટીનું આમંત્રણ મળ્યું. બરાબર જૂન મહિનાનો મધ્યાહ્ન હતો. મને યાદ છે કે મેં બ્લુ રિબન ટાંકેલો સફેદ ડ્રેસ પહેર્યો હતો.

મને મારા સ્કૂલના ડ્રેસમાં જ જવું ગમ્યું હોત, કારણ કે આ સફેદ ડ્રેસ ગઈ સાલ સુધી ડોરથીનો જ હતો. અને એની કંપનીમાં હોઉં ત્યારે મને એના ડ્રેસ પહેરવાનું ગમતું નહોતું, પરંતુ માએ ડ્રેસ ધોઈને ઈસ્ત્રી કરી દીધેલો અને મારી મોટી બહેને એમાં રિબન ટાંકી આપેલી એટલે મને મારી પસંદગી જણાવી એમને નારાજ કરવાનું મન ન થયું.

વિશાળ ઘર ફૂલોથી અને લોકો-ડોરથીની સ્કૂલની છોકરીઓ (જે મારી સ્કૂલ નહોતી) અને એમની માતાઓ-થી ભરાયેલું હતું. ચા-નાસ્તો બહુ સરસ હતાં. ચાંદીના શેકર્સમાં ખાંડ સહિત સ્ટ્રોબેરીના ઢગ હતા. ચાંદીના જગમાં ઘટ્ટ, પીળી ક્રીમ, બધા જ પ્રકારની સેન્ડવિચ, નાની નાની કાચની ડિશોમાં આઈસ્ક્રીમ અને વર્ણન ન થઈ શકે એવી સરસ જુદી જુદી શણગારાયેલી કેક્સ

હતાં. સાથે મોટી થીજેલી કેક હતી જેની ઉપર દસ મીણબત્તીઓ લગાડેલી હતી.

પણ મને તો સૌથી વધુ પ્રભાવિત કરનારી બાબત હતી ભેટોની સંખ્યા. ડોરથીનો રમવાનો ખંડ, કે જ્યાં એ બધી ભેટો જોવા માટે મૂકી હતી, એ દુકાન જેવો લાગતો હતો. મારી મૂર્ખામીમાં હું તો એમ વિચારતી હતી કે ડોરથી પાસે જે કંઈ હોઈ શકે એ બધું જ ક્યારનુંય હતું. પણ પૈસા અને અવનવું શોધી કાઢવાની મનુષ્યની વૃત્તિનો વિજય થયો હતો પરિણામે આવી ભેટો આવી હતી. એની માએ એના ખંડમાં મૂકવા માટે એને ડેસ્ક અને ખુરશી આપ્યાં હતાં. એ બ્લુ રંગથી રંગાયેલાં અને ફૂલો ગૂંથીને શણગારાયેલાં હતાં. એના પિતાએ એને નવી સાઈકલ આપી હતી. કોઈ દૃષ્ટિવંત મિત્રએ સ્કેટ્સની જોડ મોકલેલી. ટેનિસનું રેકેટ પણ હતું. દરેક પાનાં પર બ્લુ રંગથી મોટો 'D' લખ્યો હોય એવું કાગળનું એક પેડ હતું. એક ફાઉન્ટન પેન હતી. અને અલબત્ત, ઘણી બધી ઢીંગલીઓ તથા એને લગતી સાધનસામગ્રી હતાં. બધું મળીને સાઠ ભેટો આવી હતી. બધી જ મોંઘી, નવી અને મેળવવાનું મન થાય એવી. સાઠ ભેટો !

હું બાળક હતી - બધાં જ બાળકો હોય છે એવી લોભી, છીછરા મનની. બધાં જ બાળકોની જેમ સાચી કિંમતથી અજ્ઞાત પણ આંખની વૃત્તિનો શિકાર, 'આંખને ગમે એ કીમતી' એમ માનનારી. મેં ગોઠવાયેલી ભેટો તરફ નજર કરી. ઈર્ષાથી માંદગી જેવું અનુભવ્યું. સાથે સાથે, હું કબૂલ કરું છું, જાત પ્રત્યે દયાની લાગણી પણ અનુભવી. ઈર્ષ્યાની લાગણી એટલી બળવત્તર હતી કે મારે મારી જાતને સખતાઈથી યાદ કરાવવું પડ્યું કે મેં ધરાઈ ધરાઈને ચા-નાસ્તો કર્યા હતાં. મને એમ પણ થયું કે હું બગીચામાં જઈને રમ્યા કરું તો વધારે સારું રહેશે. બગીચામાં જઈને મેં મારી જાતને દિલથી રમતમાં પરોવી. થોડી વારમાં મને સારું લાગ્યું. જેણે મને સારી સોબતીની ખ્યાતિ અપાવી હતી એ આનંદભરી મસ્તીની સ્થિતિ પ્રાપ્ત થઈ. પણ જેવી રમત બંધ થઈ કે મને બધી ભેટો, મારી રિબન કે જેનો વિચાર ક્યારેય ફળીભૂત નહોતો થયો, અનસિડ બોલ્સ અને બાઈકની સવારી યાદ આવ્યાં. મેં ફરી માંદગીનો અનુભવ કર્યો. ઈર્ષા કદાચ ભયંકર પાપોમાંનું એક હોઈ શકે પણ એ ભયાનક શારીરિક પીડા તો ચોક્કસપણે છે જ.

પાર્ટી પૂરી થવા આવી. કેટલીક છોકરીઓના પિતા આવ્યા એમને વાચનખંડમાં ડ્રિંક્સ માટે લઈ જવામાં આવ્યા. માતાઓ પોતાની દીકરીઓને લઈ જવા માંડી. મને રિબાવતી પીડાઓને લઈને નીકળી જવું મનેય ગમ્યું હોત. પણ માસીએ મારા કાનમાં કહ્યું હતું કે જો હું થોડી રાહ જોઉં તો એ, હંમેશાં એ જેમ કહેતાં એમ, 'બીજા બધાં' માટે જન્મદિવસની કેકમાંથી થોડો ભાગ મારી સાથે ઘરે મોકલે. એ લોકો માટે આ મિજબાનીનો ઈનકાર હું ન કરી શકી. મેં રાહ જોઈ અને એટલે અત્યારે ડોરથી અને હું, એમ બંને એકલાં જ, એના રમવાના ખંડમાં હતાં.

એ બારીની નજીક ઊભી રહી અને હું ઢીંગલીઓ તરફ ફરી વાર એક દુઃખભરી નજર નાખવા ગઈ. એક ગમગીન ચુપકીદી છવાયેલી હતી અને મને ખબર હતી કે હંમેશની જેમ મારે જ એને તોડવાની હતી. મને પાર્ટીમાં બોલાવવામાં આવી હતી; મેં એનો જ ડ્રેસ પહેર્યો હતો; હું ઘરે પણ કેક લઈ જવાની હતી. એટલે હું એના તરફ ફરીને ચહેરા પર ચમક લાવીને બોલી :

''ભલે, તો જન્મદિવસ સારો રહ્યોને ?''

''બરાબર જ હતો. કોની ન આવી શકી.''

એના અવાજમાં એટલું બધું દર્દ હતું કે મને દયાની એક ટીસ ફૂટી. મારે પણ કેટલીક ખાસ સહેલીઓ હતી એટલે એ સંદર્ભે ડોરથીના સ્નેહનો વિચાર કરતાં હું પણ સમજી શકી કે આવો આખો દિવસ અને આવી બધી જ ભેટો કોઈ એક પસંદગીની વ્યક્તિ વગર અર્થહીન બની શકે.

''મારા ધ્યાનમાં એ આવ્યું.'' મેં કહ્યું, ''એ કેમ ન આવી શકી ?''

ડોરથીએ એના દુપટ્ટાના છેડાને વળ દેવાનું શરૂ કર્યું. અવાજમાં આશ્ચર્યજનક કડવાશ સાથે એ બોલી :

''એ ઈટલી ગઈ છે.''

''રહેવા ?''

''ના, રજાઓમાં. કેટલી મજા આવે, નહીં ? ઓહ, હું તો ઈટલી જવા ઝૂરું છું. તને એવું ન થાય ?''

આ એક એવી બાબત હતી જેનો મેં ક્યારેય વિચાર જ નહોતો કર્યો. ઈટલી મારા માટે પગના આકારનો ધરતીનો એક ટુકડો હતો, ફૂટબોલને કાયમ લાત મારતો પગ. ફૂટબોલ હતું સિસિલી. અમારી ભૂગોળની શિક્ષિકાએ અમને યાદ રહી જાય એટલે આ રીતે સમજાવેલું. નકશામાં હોય એવી કોઈ જગ્યાની મુલાકાત લેવાનું મને ક્યારેય મનમાં આવ્યું નહોતું. પણ મને પૂછવામાં આવે કે મને જવું ગમે કે નહીં તો હું 'મને ગમે' એટલું જ કહી શકું એમ હતી.

''તો કોની અત્યારે ત્યાં છે. આપણે તો રાબેતા મુજબ થોર્પનેસ જ જઈએ છીએ.'' અમે જ્યાં બહુ આનંદથી રજાઓ ગાળી હતી એ જગ્યા વિશે એ તિરસ્કારથી બોલી. મને ખબર હતી કે મારે કહેવું જોઈએ 'કેવું શરમજનક !' અથવા 'થોર્પનેસ તો સરસ જગ્યા છે' અથવા 'તું તારાં માતાપિતાને ન કહી શકે કે તને ઈટલી લઈ જાય ?' પણ મારી આંખો પાછી ઢીંગલીઓ તરફ ગઈ હતી અને એમની માલિક પ્રત્યે સહાનુભૂતિ દર્શાવવાનો ઢોંગ પણ હું ન કરી શકી.

તમે જુઓ, મારી પાસે ક્યારેક એક ઢીંગલી હતી. એનું નામ સૂઝન હતું. મને એ ખૂબ જ ગમતી. બેએક વરસ પહેલાં મારી નાની બહેને એ મારી પાસેથી લીધી. એના હાથમાંથી એ પડી ગઈ અને એનો ચાઈના માટીનો સુંદર ચહેરો તૂટી ગયો. હું બહુ રડેલી. અને સતત કામમાં અને ચિંતિત રહેતી માએ મને છણકો કરેલો : ''એક ઢીંગલી માટે ખાલી ખોટું રડે છે, મોટી આઠ વરસની છોકરી થઈને ? હવે તું ઢીંગલી સાથે રમે એવડી નથી રહી. મોઢું ધોઈ નાખ અને દોડતી જઈને ફોસ્ટરને ત્યાંથી સોસેજ લઈ આવ.''

આ હતો મારી સૂઝનનો મૃત્યુલેખ.

હું ડોરથીની ઢીંગલીઓ જોતાં જોતાં આવા દ્વેષયુક્ત વિચારો કરી રહી હતી એ જ વખતે લાલ રિબન બાંધેલું મોટું પૂંઠાનું ખોખું લઈને માસી, લગભગ નૃત્ય કરતાં કરતાં ત્યાં આવી પહોંચ્યાં. કોઈને મદદ કરવાની, કોઈને માટે કંઈક કરી છૂટવાની એમની આવી ચેષ્ટાઓ પણ ગરિમાપૂર્ણ હતી એ વાત મને એ વખતે ખબર નહોતી, પરંતુ જે રોગ એમના માટે આવનારાં ચાર વરસોમાં જીવલેણ બનવાનો હતો અને જે એમનું સૌંદર્ય પણ હણી રહ્યો હતો એ ક્યારનોય એમના શરીરમાં પ્રવેશી ચૂક્યો હતો. એમની આંખો બીજા કોઈ પણ કરતાં વધુ ચમકવાળી હતી. અત્યારે એ બહુ ઉત્તેજિત અને સુંદર લાગતાં હતાં. એમણે ખોખું મારા હાથમાં મૂકીને મને ચુંબન કર્યું. એ ફૂલની જેમ મહેકતાં હતાં. એમણે ચુંબન કર્યું એ જાણે બાજુમાંથી પતંગિયું પસાર થઈ ગયું હોય એવું લાગ્યું. મને સારું લાગ્યું. જ્યારે એમણે મને પૂછ્યું : ''તને મજા આવીને, વહાલી?'' ત્યારે હું દિલથી કહી શકી: ''હા, આભાર. પાર્ટી બહુ જ સરસ હતી.' એ મારી સામે મલક્યાં અને પછી ડોરથી પાસે ગયાં. એમણે ડોરથીના લાંબા, ચમકતા વાળની એક લટ એમની આંગળીઓ વચ્ચે લીધી.

''વિચાર તો કરો,'' એ બોલ્યાં, ''મારી નાનકડી છોકરી દસ વરસની થઈ ગઈ!'' ડોરથીએ આંચકો મારીને એનું માથું છોડાવી લીધું. હું ઊભી ઊભી એમને તાકી રહી. હું સરખામણી ન ટાળી શકી. બે વરસ પહેલાં હું 'આઠ વરસની મોટી છોકરી' હતી. ડોરથી દસ વરસે 'મારી નાનકડી છોકરી' હતી. જોકે હું સંજોગો સારી રીતે સમજતી હતી. ગરીબ હોવું, સતત વ્યસ્ત હોવું, છ બાળકો હોવાં અને પતિનું ન હોવું... તેમ છતાં...

''મને લાગે છે કે મારે હવે જવું જોઈએ.'' મેં કહ્યું.

માસી સ્મિત કરતાં મારી તરફ ફર્યાં. પણ હવે એમના ચહેરા પર થોડી ઉદાસી દેખાઈ.

''પણ વહાલી,'' એ બોલ્યાં, ''તુંય દસની થઈ ગઈ. તારો જન્મદિવસ હતો ત્યારે હું બહાર હતી અને ભૂલી પણ ગઈ હતી. ઓહ, હું બહુ દિલગીર છું!''

એ ડોરથી તરફ ફર્યાં. ડોરથી મોઢું ચડાવીને બારી આગળ ચૂપચાપ ઊભી હતી.

''વહાલી, તારે તો બધી વસ્તુઓના ઢગલા થયા છે. ખરેખર, મને તો આખો દિવસ એ જ મૂંઝવણ થયા કરી છે કે આ બધું મૂકીશ ક્યાં. આપણે એનીનો જન્મદિવસ ચૂકી ગયાં હતાં. અત્યારે તું એને કંઈ નહીં આપે?''

મારું હૃદય થીજી ગયું. પેલી માંદગીની લાગણી પાછી આવી - અગાઉ ક્યારેય પણ આવી હોય એના કરતાં વધારે ખરાબ સ્વરૂપે. મારો ચહેરો ગરમ અને અક્કડ થઈ ગયો. એક જંગલી સ્વતંત્રતા જે પાછળથી મારા જીવનમાં મોટી મુસીબત સાબિત થવાની હતી એણે મારો કબજો લઈ લીધો.

''મારે કંઈ નથી જોઈતું, માસી. તમારો આભાર.''

''અરે, હોય એવું! તને કંઈક આપવું જ પડે. એની પાસે કેટલું બધું છે એ તો જો! દાખલા તરીકે, એક નાનકડી છોકરીને બે ઢીંગલીઘર શું કરવાં છે? એની, તને આ જૂનું ઢીંગલીઘર ગમે?''

કદાચ મા માની પણ લે કે હું એ મારી નાની બહેન માટે લાવી હતી તો પણ અમારા સાંકડા ઘરમાં એને ક્યાં મૂકવું? મને લાગે છે કે ગૌરવપૂર્વક મેં કહ્યું :

''ના. તમારો આભાર, માસી.''

''તો પછી એકાદ ઢીંગલી.'' એમણે આગ્રહ ચાલુ રાખ્યો.

એમણે મારી નબળાઈ શોધી કાઢી હતી. મારી પાસે એક ઢીંગલી હોય એવું હું અત્યંત તીવ્રપણે ઈચ્છતી હતી. મારું અભિમાન મને એનો ઈનકાર ન કરવા દઈ શક્યું.

''મને... ઢીંગલી ગમશે.'' શરમાતાં શરમાતાં મેં માંડ કબૂલાત કરી.

''વહાલી,'' માસીની બૂમમાં આનંદનો સૂર હતો, ''તેં સાંભળ્યું? એનીને ઢીંગલી લેવી ગમશે. કઈ આપીશ તું એને?''

દુપટ્ટાને વળ ચડાવતાં ચડાવતાં, માથું ફેરવ્યા વગર જ ડોરથી બોલી : ''એમાંથી કોઈ પણ. એ બધી જ.''

માસી થોડાં ગૂંચવાયાં. પણ એ એમની દીકરીથી ટેવાયેલાં હતાં.

''તો પછી,'' એમણે મને કહ્યું, ''આ બધી ઢીંગલીઓમાંથી તને ગમે એ લઈ લે.''

અને એ સાથે જ મારે જાણે પેલું અભિમાન પાછું જગાડવું ખાસ જરૂરી હતું! મારા પક્ષે એ ખૂબ ખરાબ હતું. એમનો ઈરાદો તો બહુ સારો જ હતો. એ બહુ સુંદર અને દયાળુ હતાં અને હું એમને ચાહતી. એ જ્યારે મૃત્યુ પામ્યાં ત્યારે એ એક ક્ષણને યાદ કરીને હું છાની છાની ખૂબ રડેલી, કારણ કે મેં ત્યાં બધે જ નજર ફેરવીને જાણી જોઈને, મનમાં ઝેર હોવાને લીધે, સૌથી નાની ઢીંગલી લીધી. એ એક નાનકડી ચાઈના માટીની ઢીંગલી હતી. ત્રણેક ઈંચથી મોટી નહીં અને, રાફિઆનું નાનું સ્કર્ટ અને ઝીણા મણકાની એક સરસ ખેતમજૂરણનાં કપડાંમાં અને બીજી નવવધૂના પોશાકમાં સજ્જ એવી બે મોટી ઢીંગલીઓની વચ્ચે પડી રહેલી આ નાની ઢીંગલી બહુ નમ્ર લાગતી હતી.



''મને આ ગમશે.'' મેં કહ્યું.

''પણ એ તો સાવ તૂટેલા જેવી છે, લગભગ નકામી.'' માસી મોટેથી બોલી ઊઠયાં. ''તને એ ખરેખર ગમે છે, વહાલી? તું તને ગમે એ ઢીંગલી લઈશ તો ડોરથીને વાંધો નથી. એને તો ઢીંગલીઓની ખરેખર બિલકુલ પરવા નથી. તું આ લે, કે પછી આ લે.'' એમણે પહેલાં નવવધૂને અને પછી બીજી એક જાડી, ગાલમાં ખંજનવાળી ને બાળકનાં કપડાંમાં હતી એ ઢીંગલીને અડીને કહ્યું.

''મને નાની ચીજો પસંદ છે.'' મેં કદાચ થોડી ગંભીરતા અને સખતાઈ સાથે કહ્યું. મેં એને લેવા કોઈ હલનચલન ન કરી. માસીએ એ ઊંચકીને મારા હાથમાં આપવી પડી.

અચાનક મારી અંદર કંઈક બન્યું. નાનકડી ઢીંગલીના શરીરની આસપાસ મારી આંગળીઓ વીંટળાઈ કે મેં સચ્ચાઈ, પૂર્ણતા અને કોઈ વસ્તુ સંપૂર્ણપણે આપણી પોતાની છે એવી એક લાગણી જે સમગ્ર જીવનકાળ દરમિયાન એક કે બે વાર જ ઉદ્‌ભવતી હોય છે એનો અનુભવ કર્યો. ખુશીના મહાપૂરે મારા હૃદયને તોડ્યું. જાત પ્રત્યે ઊપજેલી દયાની લાગણી, બધી ઈર્ષા અને દ્વેષ- બધું જ ધોવાઈ ગયું. એક ઝબકારામાં મને સમજાઈ ગયું કે ગુસ્સામાં અંધ થઈને મેં જે પસંદગી કરી હતી એ સાચી હતી; એ જ સાચી હતી. બીજી કોઈ મોટી વસ્તુ ક્ષોભનું કારણ બની હોત. આ નાની ઢીંગલી મારા ખિસ્સામાં બેસીને મારી સાથે નિશાળે પણ જઈ શકે. એને મારા ઓશીકા નીચે પણ રાખી શકાય. કોઈને એના વિશે જાણવાની જરૂર નહીં અને મારે કોઈને એના વિશે જણાવવાની જરૂર નહીં. એ મારી ઢીંગલી હતી - મારા માટે જ બનેલી, મારા જ નસીબની.

સંપૂર્ણપણે, લગભગ ઘેલછાની હદે, ખુશખુશાલ હું એ જૂનની સોનેરી સાંજે, એક હાથમાં કેકનું ખોખું અને બીજો હાથ ઢીંગલીની ફરતે વીંટીને, ઘર તરફ ચાલતી હતી. જીવનમાં પહેલી વાર હું હકારાત્મક ચિંતનમાં ડૂબી હતી. મેં ડોરથીને નવા અજવાળામાં જોઈ. આટલું બધું હોવા છતાં એને હજુ વધારેની ભૂખ હતી. રીસભરી એ ઝંખતી હતી ઈટલીને, જમીનના એ પગને જે લાત મારતો હતો દડાને જે સિસિલી હતું. અહીં મારી વળેલી આંગળીઓની અંદર મારો સંતોષ હતો. મને કંઈક સમજાયું - એવું કંઈક જે આજે આટલાં વર્ષો પછી પણ મને એ સમયે લાગેલું એટલું જ સાચું અને મહત્ત્વનું લાગે છે.

સ્વર્ગ એ કોઈ એવી વસ્તુ નથી 'જે રહે છે અમ સંગે શિશુવયે' એ પછી ખોવાઈ જાય. નથી તો એ કોઈ એવી વસ્તુ જે અશક્ય એવા ગુણોનું આચરણ કરીને જ પ્રાપ્ત કરી શકાય. સ્વર્ગ એ તો કંઈક એવી વસ્તુ છે જ તમે તમારા હાથમાં પકડી રાખી શકો.

✱✱✱

નવી દિશા, નવો સૂરજ ઉગાડજે નવા વરસ,
નવી તરસ, નવો જ રસ જગાડજે નવા વરસ!

અશક્ય જેવા શબ્દની તું બાદબાકીઓ કરી,
તું શક્યતાની બારીઓ ઉઘાડજે નવા વરસ.

ધનિકની સાઇકલિંગથી ઈંધણ બચે છે એટલું-
ગરીબની રોટલીમાં ઘી લગાડજે નવા વરસ!

તું મજબૂરી રૂપી એ ચર્મનો ખયાલ રાખજે,
સમયનો ઢોલ ધીમેથી વગાડજે નવા વરસ.

બધાનાં હિતમાં સદા બધાંનું હિત રાખજે,
બધાને સારા દિવસો દેખાડજે નવા વરસ!

જીવનનું ગીત છેડીને 'નિનાદ' જો રડી પડે,
ઘડીક સૂર તું જરા ઉપાડજે નવા વરસ.

- નિનાદ અધ્યારુ

## પ્રત્યેક ઝાલાવાડી સભ્યનું ઉત્તરદાયિત્વ

# 'આધારસ્તંભ યોજના'

સમગ્ર જૈન સમાજમાં આદર્શરૂપ કહી શકાય તેવી આપણી માતબર સંસ્થાએ ૧૧૫ વર્ષની દીર્ઘયાત્રામાં સામાજિક ઐક્ય અને ઉત્કર્ષનાં ઉત્તમ કાર્યો સંપન્ન કર્યાં છે.

ઝાલાવાડી સભાના નવા આયામોમાં દાતાઓએ ઉદાર હૃદયે હંમેશાં સાથ આપ્યો છે, પણ અમે એવું વિચાર્યું છે કે આ સામાજિક યજ્ઞમાં સહુનું યોગદાન જોઈએ – સામાજિક તમસને ઓગાળવા સહુએ એક દીવો પ્રગટાવવાનો – ઇશ્વરની મૂર્તિ માટે એક નાનકડી બાળકીએ આપેલા સિક્કા જેવો અમૂલ્ય દીવો.

આ યોજના મુજબ **પાણી પરબ, નોટબુક, સ્વધર્મી સહાય તથા મેડિકલ રાહત યોજના** (પ્રત્યેકના રૂા. ૩૦૦૦/-) એટલે **કુલ ૧૨,૦૦૦/- રૂપિયાના બદલે ૧૧,૦૦૦/-** આપનાર પરિવાર તે વર્ષનો આધાર સ્તંભ અને ઉપરોક્ત ચારેય યોજનાનો સહયોગી દાતા બની શકશે. એક એક બુંદ થકી હોજ ભરાઈ જાય એવી આ વાત છે. આપણા સાધર્મિક બંધુઓને સહાયરૂપ થઈ શકીએ, વિદ્યાને ઉત્તેજન આપી શકીએ, તૃષાતુરને તૃપ્તિ આપી શકીએ અને માંદગીમાં મૂંઝાયેલા બંધુ-ભગિનીને હળવાશ આપી શકીએ...આપણું કશું આપીને અન્યને પ્રસન્ન કરવાની, દાનની નાનકડી ધારા વહાવવાની આ વાત છે.

આપણે જૈનો 'Really, we are blessed one.' લક્ષ્મીજીની કૃપા સદૈવ આપણા પર રહી છે. આમ પણ સત્કાર્ય સિવાય જીવનમાં કશું સાથે આવતું નથી એ આપણે સમજીએ છીએ. ઝાલાવાડી સભાના ૬૨૦૦ પરિવાર આખા વર્ષમાં કેવળ એક જ વખત ૧૧,૦૦૦/- રૂા.નું અનુદાન કરી સભાના પ્રકલ્પોને વેગવાન બનાવે. સભા સાથેનું સાતત્ય જાળવી રાખે એવી અમારી નમ્ર અરજ

છે. વર્ષભરમાં આવતા મંગલ પ્રસંગોની સ્મૃતિમાં સભા તમારા હૈયે રહેવી જોઈએ એવી અપેક્ષા છે. ઝાલાવાડી સભાના આધારસ્તંભ બનવાનું ગૌરવ અને સંતોષ આપને પ્રાપ્ત થશે એટલું ચોક્કસ...

- આપનો ચેક 'Zalawadi Sabha Charitable Foundation'ના નામનો મોકલવા વિનંતી.
- આપનું દાન ૮૦-જી અન્વયે કરમુક્ત રહેશે.

### આ યોજનામાં જોડાનાર વધુ બડભાગી દાતાઓ : દરેકના રૂા. ૧૧,૦૦૦

- જયશ્રીબેન (જ્યોતી) કિરણભાઈ કામદાર - વાલકેશ્વર
- નરેન્દ્રભાઈ છનાલાલ શાહના સ્મરણાર્થે - વઢવાણ - મલાડ. પાંચમી પુણ્યતિથિ નિમિત્તે, હસ્તે : તારાબેન છનાલાલ શાહ પરિવાર તરફથી ગીતાબેન નરેન્દ્રભાઈ શાહ
- શ્રી દિલીપભાઈ વાડીલાલ તલસાણીયાની ત્રિમાસિક પુણ્યતિથિ નિમિત્તે, હસ્તે : રેણુકાબેન તલસાણિયા
- સ્વ. કાંતિલાલ ડુંગરશી દોશી પરિવાર - વિલેપાર્લા. હસ્તે :કાશીમીરા મધુસૂદન દોશી, સ્વાતી સંજય દોશી
- સ્વ. ચંપાબેન ગુલાબચંદ શાહના સ્મરણાર્થે. હસ્તે : કિશોરભાઈ ગુલાબચંદ શાહ
- હરગોવિન્દભાઈ ગફલભાઈ દોશીના સ્મરણાર્થે, હસ્તે : મુગટભાઈ દોશી

# કાળનો કાળ પાક્યો



બૌદ્ધ ધર્મની જાતક કથાઓમાં અનાથ-પિંડકની એક કથા આવે છે. અનાથપિંડક ધનવાન શ્રેષ્ઠિ હતો. દાન-પુણ્યની કેટલીય પ્રવૃત્તિઓ તે કરતો. તેને આંગણે આવેલ કોઈ યાચક ખાલી હાથે પાછો જતો નહીં. અનાથ લોકો માટે તે સુખ-દુઃખનો સહારો હતો. તેથી લોકો તેને અનાથ પિંડક નામથી જ ઓળખવા લાગ્યા હતા.

અનાથપિંડક ભગવાન બુદ્ધનો પરમ ઉપાસક હતો. બુદ્ધ જ્યાં ચાતુર્માસ કરે ત્યાં તે પહોંચી જાય અને ચારેય મહિના તેમની સારસંભાળ લે. બુદ્ધ જો આસપાસમાં હોય તો તેમનું વ્યાખ્યાન સાંભળવા પહોંચી જાય. ક્યારેક તેની પાસે ફાજલ સમય હોય તો તે બુદ્ધની પાસે જઈ પહોંચે અને તેમની ધર્મવાણીનો બને તેટલો લાભ લે.

આ અનાથપિંડકને એક પુત્ર હતો, જેને ધર્મ પ્રતિ કોઈ રુચિ ન હતી. તે ધર્મની વાતોથી વેગળો જ રહ્યા કરતો હતો. લોકો તેને કાળ તરીકે ઓળખતા. અનાથપિંડકને તેના પુત્ર માટે ઘણી ચિંતા રહેતી. તેઓ કાળને ધર્મ પ્રતિ વાળવા ઘણા પ્રયત્ન કરતા, પણ કાળ ધર્મની તેમની એકેય વાત માનતો નહીં. કાળ સ્વભાવનો ખર્ચાળ હતો. મોજ-શોખ પાછળ તે ઘણા પૈસા ખર્ચતો હતો. તેથી તેને હંમેશાં નાણાંની ખેંચ વર્તાતી. કાળની આ નિર્બળતા જોઈને અનાથપિંડકે તેને ધર્મ તરફ લઈ જવા માટે એક યુક્તિ કરી. તેમણે કાળને કહ્યું, ''જો તું ભગવાન બુદ્ધનું વ્યાખ્યાન સાંભળવા આવે તો હું તને રોજની એક સુવર્ણમુદ્રા આપું.'' પિતા પાસે રોજ પૈસા માગવા કરતાં આ વાત ઠીક પડશે તેમ માનીને કાળે પિતાની વાતનો સ્વીકાર કર્યો અને તે બુદ્ધનું વ્યાખ્યાન સાંભળવા માટે નિયમિત જવા લાગ્યો.

કાળ બુદ્ધનું પ્રવચન સાંભળવા જાય પણ તેનું ધ્યાન શ્રવણમાં ન હોય. ભગવાનનું પ્રવચન પૂરું થતાંની સાથે તે અનાથપિંડક પાસે જાય અને સુવર્ણમુદ્રાની માગણી કરે. દેખીતી રીતે કાળ બુદ્ધનું પ્રવચન સાંભળે પણ તેનું મન મોજ-શોખના વિચારોમાં જ રમતું રહે. તેથી તે ધર્મના લાભથી વંચિત રહી જાય. આમ તાત્ત્વિક રીતે તે કોરો ને કોરો જ રહે. બુદ્ધના પ્રવચનની કાળ ઉપર કંઈ અસર ન થાય એટલે તેનાં વાણી-વર્તનમાં કંઈ ફેર પડ્યો નહીં.

આ જોઈને અનાથપિંડકને લાગ્યું કે, કાળ ભગવાન પાસે આવે છે તે વાત તો સારી છે પણ આટલાથી જ કંઈ કામ નહીં થાય. એક રીતે તો તેનું આવ્યું, ન આવ્યા બરોબર છે. માટે તેને ધર્મ સાથે જોડવા કંઈ બીજો વિચાર કરવો પડશે. આ માટે તેમણે એક બીજી યોજના ઘડી કાઢી. તેમણે કાળને કહ્યું, ''જો તું બુદ્ધનું વ્યાખ્યાન સાંભળીને, ઘરે આવ્યા પછી રાત્રે તે પ્રવચનનો સાર મને કહી સંભળાવે તો હું તને રોજની બીજી બે સુવર્ણમુદ્રા આપું.''

કાળે વિચાર કર્યો કે આમે બુદ્ધના પ્રવચનમાં જાઉં છું તો ખરો, તેથી ધ્યાનપૂર્વક તે સાંભળીને રાત્રે પિતાશ્રીને તેનો સાર કહેવા માટે ખાસ વધારે તકલીફ નહીં લેવી પડે. થોડોક જ વધારે સમય આપવાથી બે સુવર્ણમુદ્રાઓ વધારે મળતી હોય તો ખોટી નથી. વળી દિવસ તો આખો મારા હાથમાં જ છે. આમ વિચારીને તે પિતાશ્રીની આ નવી યોજના સ્વીકારી લેવા તૈયાર થઈ ગયો. અને તેણે રોજ રાત્રે અનાથપિંડકને બુદ્ધના પ્રવચનનો સાર કહેવા માંડ્યો જેનાથી પિતાશ્રી ઘણા ખુશ થયા.

વાતને થોડા દિવસ વીત્યા. કાળ રોજ ભગવાન બુદ્ધને સાંભળવા જાય, રાત્રે પિતાશ્રીને સવારે સાંભળ્યું હોય તેનો સાર કહી સંભળાવે. આમ કરતાં થોડાક દિવસમાં કાળમાં પરિવર્તન આવવા લાગ્યું. તેને બુદ્ધની વાતો ગમવા લાગી. નિર્વાણપ્રાપ્તિનું તેને મહત્ત્વ સમજાયું. તે બુદ્ધ સાથે વધારે ને વધારે સમય ગાળવા લાગ્યો. પછી તો તેને બૌદ્ધધર્મની દીક્ષા અંગીકાર કરવાનો વિચાર આવ્યો અને તે માટે તૈયારી કરવા લાગ્યો.

એક દિવસ કાળ, ભગવાન બુદ્ધનું વ્યાખ્યાન સાંભળ્યા પછી પાછો ઘરે જ ન ગયો અને બુદ્ધની સેવામાં લાગી ગયો. કાળને ક્યાંય સુધી પાછો આવેલો ન જાણીને તેના પિતાને ચિંતા થવા લાગી. અનાથપિંડક કાળની તપાસ કરવા, બુદ્ધે જ્યાં સ્થિરતા કરી હતી તે સંઘારામમાં આવ્યા. ત્યાં તેમણે કાળને ભગવાન બુદ્ધ પાસે બેસીને કંઈક કરતો જોયો. પુત્રને જોતાં અનાથપિંડકને હાશ થઈ. તેમણે કાળને બોલાવ્યો અને પૂછ્યું, ''હજુ સુધી તું ઘરે કેમ નથી આવ્યો ?'' ઉત્તરમાં કાળે કહ્યું, ''પિતાશ્રી, હવે ઘરે આવવાનો પ્રશ્ન જ નથી રહેતો. હવે તો હું અહીં જ રહી જવાનો છું. બૌદ્ધ ભિખ્ખુ બનીને હવે હું તેમની સાથે વિહાર કરીશ. હવે સુવર્ણમુદ્રાઓનો મને કંઈ ખપ નથી.''

વાત આટલે આવેલી જોઈને અનાથપિંડકે ભગવાન બુદ્ધ સામે જોયું. બુદ્ધે મંદમંદ સ્મિત કરતાં કહ્યું, ''અનાથ, કાળનો કાળ પાકી ગયો. હવે તારો કાળ ક્યારે પાકશે ? તું ક્યારે બૂઝવાનો ? તને ક્યારે જ્ઞાન આત્મસ્પર્શી થશે ? હવે તું પણ દીક્ષા લેવાનો વિચાર કરી લે અને મળેલા અમૂલ્ય જીવનનો ઉત્તમ ઉપયોગ કરી લે.''

અનાથપિંડક ભદ્રિક જીવ હતો પણ દીક્ષા લેવા માટે તે હજુ તૈયાર ન હતો. તે ધીમે પગલે પાછો ફર્યો. તેણે પાછા ફરતાં ભગવાન બુદ્ધને વંદન કર્યાં અને પછી એક મીઠી નજરે સ્રોતાપન્ન બનેલા પોતાના પુત્ર કાળ તરફ જોયું. પિતાના ભાવનો પ્રતિભાવ આપતાં કાળ બોલ્યો, ''ધમ્મં શરણં ગચ્છામિ - બુદ્ધં શરણં ગચ્છામિ - સંઘં શરણં ગચ્છામિ.''

***

# સંબંધનો સોનચંપો



□ ભગવતીકુમાર શર્મા

અંગ્રેજી ભાષામાં એક જાણીતી ઉક્તિ છે : 'રિલેશનશિપ ઈઝ ઓલવેયઝ પેઈનફુલ' અર્થાત્ સંબંધ હંમેશાં દુઃખસભર હોય છે. આમ તો આ ઉક્તિઓના તથ્ય સામે બહુ વાંધો લઈ શકાય તેમ નથી. કેમ કે સંબંધોમાંથી દુઃખ ઉદ્ભવી શકે છે તેવો સર્વાનુભવ છે. પરંતુ મને 'ઓલવેયઝ' અર્થાત્ 'હંમેશાં' શબ્દ પરત્વે મુશ્કેલી વર્તાય છે. સંબંધ સદાસર્વદા દુઃખદાયક જ હોય તે વાત સાથે હું સંમત નથી. તેમ હોત તો આ જગતમાં સંબંધ જેવું કાંઈ હોત જ નહિ. બધા એકલા રહેવાનું પસંદ કરત. પણ મનુષ્ય જન્મ મળ્યો એટલે સંબંધમાં બંધાવાનું આપણને પ્રિય છે. ઈશ્વર વિશે પણ કહેવાયું છે કે તેને બહુ એકલતા સાલવા લાગી એટલે તેણે આ સૃષ્ટિનું સર્જન કર્યું. 'એકો અહમ્ બહુસ્યામ્'નો ઉદ્ગાર પણ એ જ સૂચવે છે. જો ઈશ્વરને સંબંધસૃષ્ટિ વિસ્તારવાનું મન થાય તો માણસ કઈ રીતે સંબંધશૂન્ય રહી શકે ? પ્રજોત્પત્તિ એ પણ વસ્તુતઃ સંબંધવિસ્તારનું કાર્ય છે જે બે વ્યક્તિઓના સંબંધ વિના સંભવિત નથી. જો આ વિશ્વના પાયામાં જ સંબંધ રહેલો હોય તો તેનો છેદ ઉડાડી જ કેમ શકાય ? પ્રકૃતિએ પ્રજોત્પત્તિ જેવા નીરસ અને યાંત્રિક બની શકે તેવા કાર્ય સાથે અપાર જાતીય આનન્દના અનુભવને જોડીનેય મનુષ્યની સંબંધપ્રીતિને ઢોળ ચઢાવ્યો છે.

માણસ એકમાંથી બે, બેમાંથી ત્રણ, ત્રણમાંથી સાત એમ વિસ્તરતો જાય તેમ તેમ તેના સંબંધવિશ્વનો વિકાસ થતો જાય. એકલો લાગતો માણસ પણ વસ્તુતઃ એકલો નથી હોતો. તે તેની અંદર જાણે કેટલાયે 'હું'ને સમાવી રહેલો હોય છે. એ અનેક 'હું' પણ સતત પરસ્પરથી સ્નેહ ઉપરાંત સંઘર્ષમાં પણ આવે છે. ધારો કે માણસનું ચિત્ત સંપૂર્ણપણે નિર્વિકલ્પ હોય તોયે તે તેના અંતરાત્મા સાથેનું સૂક્ષ્મ તો અનુભવે જ છે. આ સૂક્ષ્મ તેને પરમ તત્ત્વની અનુભૂતિ સુધી દોરી લઈ જઈ શકે છે.

આમ સંબંધ પર તો આ વિશ્વનું અસ્તિત્વ ટકેલું છે. તો પછી 'સંબંધ હંમેશાં દુઃખસભર' કેમ કહેવાયું હશે ? તે અવાસ્તવિક તો નથી જ. સંબંધ જેમ સ્નેહ પ્રગટાવે છે તેમ દુઃખ પણ નિપજાવે છે. મારું નિરીક્ષણ એવું છે કે મનુષ્ય સતત સંબંધ - અસંબંધની અતિશય સંકુલ પ્રક્રિયામાંથી પસાર થતો રહે છે. માણસ સંબંધો બાંધ્યા વિના રહી શકતો નથી અને પછી એ સંબંધ-ભાવથી કશીક ખોટ અનુભવે છે. સંબંધયજ્ઞને સફળ બનાવવા, સાર્થક બનાવવા મુખ્ય હુતદ્રવ્ય એટલે નિરપેક્ષતા, નિઃસ્વાર્થતા. સંબંધમાં સ્વાર્થ પ્રવેશ્યો એટલે તેનો ક્ષય થવા માંડ્યો જ સમજવો. પતિ-પત્નીના સંબંધોનું ઉદાહરણ લઈએ. એ સંબંધોમાં સ્વાર્થના તત્ત્વને તો શું સ્થાન હોઈ શકે ? સ્ત્રી-પુરુષે દામ્પત્ય સંબંધથી બંધાઈ પરસ્પરને પ્રેમ આપવાનો છે, સંસાર વિકસાવવાનો છે, એકબીજાનાં સુખ-દુખમાં સહભાગી બનવાનું છે. આમ સ્વાર્થનું તો પગેરું એ ન સંભવે, છતાં આપણે જોઈએ છીએ કે દામ્પત્યમાં પણ ધનલાલસાનો સ્વાર્થ દહેજ જેવા દૂષણરૂપે પ્રવેશે છે અને સંબંધને વણસાડે છે.

સંબંધયજ્ઞના સાફલ્ય માટેનું બીજું મહત્ત્વનું હુતદ્રવ્ય એટલે અહમ્ત્યાગ. જ્યાં બેમાંથી એક પક્ષે અહંભાવ આવ્યો એટલે સંબંધ ટકે તોયે તેમાંની મધુરતા ઓગળી - ઓસરી જાય. સંબંધના દીર્ઘાયુષનો મોટામાં મોટો શત્રુ તે અહંભાવ. બંનેને ઊભા રહ્યે બનતું નથી. સંબંધ અહંભાવ અને મમભાવને નહિ, પણ સમભાવને ઝંખે છે. 'સંબંધ' શબ્દમાં જ 'સમ+બંધ' એમ બે શબ્દો રહેલા છે. તેમાં પણ 'સમ' શબ્દ પહેલો છે. જ્યારે 'સમ'નું સ્થાન 'અહમ્' કે 'મમ' લે ત્યારે સંબંધના અંતનો આરંભ બહુ છેટો હોતો નથી. અહંભાવને પૂરેપૂરો ઓગાળી નાખ્યા વિના સમભાવ પ્રગટી શકતો નથી અને સમભાવ ન હોય ત્યાં સંબંધ લાંબું ટકતો નથી.

અનુકૂલન - એડજસ્ટમેન્ટ એ તો સંબંધોનો સામાજિક પાયો છે. અલબત્ત, ક્યારેક સિદ્ધાંતોને ભોગે અનુકૂલન કરવું યોગ્ય કે જરૂરી હોતું નથી, પણ ઘણાંખરાં એડજસ્ટમેન્ટસ તો મૂળભૂત સિદ્ધાંતોને ઝાઝી જફા પહોંચાડ્યા વિના અમલી બનાવી શકાય તેવાં હોય જ છે. જરૂરી હોય છે તે માટેની ઈચ્છા. એક વાર અનુકૂલનવૃત્તિને વિકસાવીએ પછી કોઈ એડજસ્ટમેન્ટ અશક્ય હોતું નથી. ભગવાન વિષ્ણુનાં સહસ્ર નામોમાં એક નામ 'અનુકૂલ' પણ છે. જો ભગવાને 'અનુકૂલ' નામધારણ કરી તે અનુસારનો ગુણ વિકસાવ્યો હોય તો અનુકૂલ બની રહેવામાં માણસને એવી તે શી મોટી હાનિ થવાની હતી ? પરંતુ નાની સરખી અનુકૂલતા સાધવામાં યે ક્યારેક માણસને તેનું અહમ્ આડે આવે છે અને ત્યારે સંબંધ લોહીલુહાણ થાય છે.

આપણે ત્યાં વારંવાર એમ કહેવામાં આવે છે કે સંબંધ તોડવો સહેલો છે, પણ જોડવો મુશ્કેલ છે. વાત સાચી છે. કેટલાક માણસો સંબંધો બાંધવામાં જેટલા અધીરા તેટલા જ તોડવામાં ઉતાવળા હોય છે. એ ખરું કે ક્યારેક શણાર્ધમાં એવો સંબંધ બંધાઈ જાય છે જે જીવન પર્યંત ટકે છે. તો બીજી બાજુ અંદરથી બની ગયેલા સંબંધો પણ સમાજની અલ્પશરતે વર્ષો સુધી ટકી તો રહે છે, પણ તેમાં પ્રાણ હોતા નથી. તેથી જ સંબંધ બાંધતી વખતે સાત ગળણે ગાળીને પીવાનું જરૂરી છે. જેથી પાછળથી પસ્તાવનો વારો આવે નહિ. સંબંધ એ સતત સંભાળ માગતી પ્રક્રિયા છે. જેમ સ્વતંત્રતા પ્રાપ્ત

કર્યા પછી તેની રક્ષા કાજે દેશે અહર્નિશ સજાગ રહેવું પડે છે તેમ સંબંધ બાબતમાં એવી ગફલત ન સેવી શકાય કે એક વાર સંબંધ બંધાયો એટલે તે હરહંમેશ ટકી જ રહેશે - ભલે ને પછી આપણે તેની સાથે ગમે એટલી અનુચિત છેડછાડ કરીએ. ના, સંબંધ તો 'ગ્લાસ વિથ કેર'નું લેબલ માર્યા વિના પણ એક અત્યંત નાજુક બાબત છે જે જરાક ઉગ્ર શ્વાસ પણ ખમી ન શકે. સંબંધના પુષ્પને સદાસર્વદા પ્રફુલ્લિત અને સુવાસિત રાખવા માટે તેને માફકસરનો હવા - પાણી - પ્રકાશ - છાંયડો - ખાતર વગેરે મળતું રહેવું જોઈએ. આ 'માફકસરનું' એટલે કેવું ને કેટલું તે પ્રત્યેક સંબંધનાં સ્વરૂપ અને હાર્દના અનુસંધાનમાં નક્કી કરવું પડે.

સંબંધને શાશ્વત રાખવા માટે આટઆટલી કાળજી રાખવી પડે છે તે સાચું. પરંતુ તેવી કાળજી રાખીએ તો સંબંધનો સોનચંપો હરહંમેશ લીલોછમ અને પીળોધમરક રહી શકે છે એ પણ એટલું જ સાચું છે અને જો સંબંધનો સોનચંપો લીલોછમ, પીળોધમરક રહી શકે તો તે ક્યારેય દુઃખસભર ન પુરવાર થાય અને તેથી જ 'રિલેશનશિપ ઈઝ ઓલવેયઝ પેઈનફુલ' એ ઉક્તિમાંના 'ઓલવેયઝ' શબ્દ સામે હું મારો સૌજન્યપૂર્ણ છતાં મક્કમ વિરોધ નોંધાવું છું. સંબંધના પીડાકારી કાંટાઓને બુઠ્ઠા બનાવવાનું આપણા જ હાથમાં છે.

✱✱✱

# સંબંધો...



કેટલાક સંબંધો
ગુલમહોરિયા કે પછી ગરમાળિયા હોય છે;
ભરઊનાળે આંખોને ટાઢક અને જીવનને રંગદીક્ષા આપે તેવા.

કેટલાક સંબંધો
બાવળિયા હોય છે;
ઉપયોગી તોય કાંટાળા.

કેટલાક સંબંધો
વડલાની શીળી છાયા જેવા ઉપકારક,
તો કેટલાક લીમડા જેવા ગુણકારી.

કેટલાક સંબંધો
વસંતમાં ખીલેલી આમ્રમંજરી જેવા,
તો કેટલાક પારિજાત જેવા સુવાસયુક્ત હોય છે.

કેટલાક સંબંધો
ગુલાબી તો કેટલાક મોગરાની મહેક જેવા હોય છે.

અને કેટલાક સંબંધો
'ઑફિસ ફ્લાવર્સ' જેવા હોય છે,
સવારે ખીલે અને સાંજે બિડાઈ જાય છે.

**ડૉ. ગુણવંત શાહ**



# અબળખા

□ ગોરધન ભેસાણિયા

મોંઘીએ પોતાના નવા ઘરમાં પગ મૂક્યો ત્યાં જ નવા ઘર સાથે નવી બનેલી નણંદ એક છોકરી અને છોકરાને લઈને સામે આવી અણસમજુ બાળકોને સમજાવવા માંડી : જુઓ તમારી મા આવી, જાવ એની પાસે.

બંને બાળકો અજાણભાવે મોંઘી સામે જોઈ રહ્યા. મોંઘીની નણંદ પણ કહું કે ન કહુંની અવઢવમાં હોય તેમ ઘડીક મોંઘી સામે જોઈ રહી ને અંતે બોલી જ ગઈ : બિચારાં મા વગરનાં થઈ ગયાં છે. આજથી હવે તમે એમની મા છો. એમને તમારાં પંડ્યનાં જણ્યાં માનજો.

મોંઘીએ હસતું મોં રાખીને હાથ લાંબા કર્યાં. હાલો... આંય મારા ખોળામાં બેસાડું. ત્રણ-ચાર વરસનો છોકરો મોંઘીને ઓળખવા મથતો હોય તેમ જોઈ રહ્યો પણ નાની છોકરી તો પરાણે વહાલું લાગે તેવું હસીને મોંઘી પાસે આવવા ઊછળી. મોંઘીએ તેને તેડીને ગાલ ચૂમ્યા. છોકરીની આંખમાં રાજીપો રેલાઈ ગયો. છોકરાએ આ જોયું ને પોતે રહી ગયાનો ભાવ અનુભવ્યો. તેનું મોં નિમાણું થયું. મોંઘીએ તેનેય પાસે ખેંચ્યો. એક બાજુ છોકરીને અને બીજી બાજુ છોકરાને બેસાડ્યો. પછી બંનેને માથે હાથ ફેરવવા માંડી. મોંઘીની નણંદ સંતોષથી જોઈ રહી ને પછી કહ્યું : હું તો કેદુની આવી છું. ઘર રેઢું છે તે હવે જાઉં છું. લ્યો, ત્યારે જે શી ક્રશ્ન.

મોંઘીની નણંદે જવા માટે પગ ઉપાડ્યા ને અચાનક યાદ આવ્યું હોય તેમ બોલી : છોકરાંવનું ધ્યાન રાખજો હોં ! બિચારા નમાયાં છે.

મોંઘીને કાળજે શેરડો પડ્યો-આ જગતની રીત તો જુઓ ! કેવી છે ! તમે એની મા છો એમ કહીને પાછા બોલે કે બિચારાં નમાયાં છે. છતી માએ નમાયાં થઈ ગયાં છે એને તો કોઈ સંભારતુંય નથી-મોંઘીની આંખે આંસુનાં તોરણ બંધાઈ ગયાં. છોકરાં સામે જોઈને હૈયામાંથી હાયકારો ઊઠ્યો, અરેરે...! હું...ય કેવી મા છું ? પંડ્યનાં છે એને આઘાં હડસેલીને પારકાને પોતિકાં કરવા નીકળી છું...!

મોંઘીને કાળજે શારડી ફરવા માંડી : મારાં છોકરાં આજ મારા વિના કેવાં હીજરાતાં હશે ? માથે હાથ ફેરવીને એને કોણ સુવડાવશે ?

છોકરા યાદ આવ્યાં તે સાથે જ ચિત્ત સરી પડ્યું, ભૂતકાળની ભવ્ય અને તેટલી જ ભેંકાર ઘટમાળમાં. માધો એને હથેળીમાં રાખતો, અને ઈશ્વર પણ એના સુખી દામ્પત્ય ઉપર જાણે અમી વરસાવતો હતો. પહેલે ખોળે દીકરી અને પછી દીકરો દઈને પ્રભુએ જાણે સ્વર્ગ એના નાનકડા ઘરમાં ઉતાર્યું હતું. જીવનમાં કોઈ જાતની કમી વરતાતી નહોતી. એકધારી સુખની સરવાણીઓ જ વહેતી હતી પણ કાળની ગતિ ગહન છે. એ કોઈને ચઢાવ-ઉતાર વિનાની જિંદગી જીવવા નથી દેતો. અહીં પણ એવું જ થયું. ભાદરવા મહિનાની ભરપૂર મોલાતથી સીમ લહેરાતી હતી. માધો હરખથી ખેતરમાં કામ કરતો હતો. આ મોલાતમાંથી જ માધાને એરુ આભડી ગયો. બધાએ દોડધામ કરી પણ ઘડી-બેઘડીમાં તો માધો હતો ન હતો થઈ ગયો. વીજળીની જેમ કાળ આ કલ્લોલતા ઘર માથે ત્રાટક્યો. આંખના પલકારામાં એણે માધાને ઉપાડી લીધો અને પાછળ મૂકી ગયો ખેદાન-મેદાન થઈ ગયેલા માળાનો ભંગાર, મસાણ જેવો ભેંકાર માહોલ અને ઝાડવાંનેય રોવરાવે તેવું મોંઘીનું કાળું કલ્પાંત.

રોઈ રોઈને મોંઘીએ આંખના કૂવા ઉલેચી નાખ્યા પણ બધુંય વ્યર્થ. જે થયું એને કોઈ ટાળી શકે તેમ નહોતું. આયખું આખું માધાની રટણા સાથે ત્યાં જ વિતાવવાની મોંઘીની નેમ હતી પણ સમાજમાં સહુના પહેલા વેરી તો સગાં જ થાય છે. બીજાનું હડપ કરી જવા માણસ એની કક્ષાથી કયાંય હેઠો ઊતરી જાય છે. મોંઘી એનાં સાસરિયાં સગાંથી એટલી ત્રાસી ગઈ કે દીકરી-દીકરાને લઈને તેણે પિયરની વાટ પકડી. વિચાર્યું : જીવતાં હશું તો કાલે જગન માંડશું. અહીં તો વખતે હું મારા જીવતરનો આધાર જ ખોઈ બેસીશ.

પહેલાં તો ભાઈએ પણ નાતરે વળાવવાની તૈયારી કરી. હજી તારી અવસ્થા નાની છે. અવતાર આખો આમ આધાર વિના કાઢવો સહેલો નથી.

મોંઘીએ ભાઈને આજીજી કરી : ભાઈ, હવે સુખી થવાનાં ફાફાં નથી મારવાં. એનાં દીધાં આ બે છોડવાં ઉછેરીને આયખું વેંઢારીશ. મારે તમારું કાંઈ નથી જોતું. મારાથી થાશે તેટલું કામ કરીશ ને એક ખૂણામાં પડી રહીશ. મારામાં એબ ભાળો તે દિ' મને ભોંમાં ભંડારી દેજો. તમને પાતક નહિ લાગે.

મોંઘીની મક્કમતા જોઈને ભાઈ સમજી ગયો - દુઃખિયારી બહેનને ઊલમાંથી ચૂલમાં નથી નાખવી. કાલે સવારે મારો ભાણેજ મોટો થશે ને એના બાપનાં વાડી-ખેતર સંભાળી લેશે.

મોંઘીએ માધાને ભૂલવા જાતને મહેનત મજૂરીમાં જોતરી દીધી. કામના ઢસરડામાં દુઃખને દાટવા માંડ્યું પણ એમ સીધી રીતે આ દુનિયા ક્યાં કોઈને જીવવા દે છે ? એક દિવસ ઉપવાસ હતો. સાંજે થોડીક નવરાશ લઈને મોંઘી મંદિરે દર્શન કરવા ગઈ, મંદિરના પૂજારી સત્સંગ કરતાં હતાં. ડોસીઓની સાથે તે પણ બેઠા એમાં ટાણું વધારે વહી ગયું. એ ઘરે આવી તો ભાભીએ કાળોતરાની જેમ ડંખ દીધો : અટાણ લગણ કોની હાર્યે પાટકતાં'તાં બેનબા...?

સપનામાંય ચીલો ન ચાતરનાર મોંઘીને ભાભીનાં વેણે વીંધી નાખી. સૂનમૂન થઈને તે પથારીમાં પડી. અણસમજુ છોકરાંઓને પડખામાં લઈને રાતભર આંસુ વહાવ્યાં ને માધાને યાદ કરીને કહેતી રહી : તમને આભડેલ કાળોતરાથી ઘડીકમાં જ તમારો છુટકારો થઈ ગયો. આ કાળોતરો તો મને મારતોય નથી ને જીવવાય નથી દેતો. રાત આખી મોંઘીએ મનોમંથનમાં કાઢી. સવારે નીચાં નેણ રાખીને તેણે ભાઈને કહ્યું : ભાઈ, મારાથી આમ એકલા આયખું નહિ ખૂટે ! મને મારા જોગું ઘર ગોતીને વળાવી દ્યો. મારી હાર્યે મારાં છોકરાંવનેય રાખે એવું ગોતજો.

આટલું બોલવામાં તો આખા જીવતરનો થાક મોંઘીને લાગ્યો. અહીં જ જીવતર આખું વેંઢારવાની વાત કરી હતી ને પાછું આમ કહેવું ? મોંઘીને બીક હતી કે ભાઈ પડયપૂછ કરશે પણ તે થોડામાં ઝાઝું સમજી ગયો. ઘરવાળીનો અણગમો તેનાથી અછતો નહોતો. મોંઘી સામે તે મીટ પણ ન માંડી શક્યો. એણે એની રીતે તપાસ કરવા માંડી. બે-ત્રણ મહિના દોડધામ કરીને તે થાક્યો અને મોંઘીને કહ્યું : ઠેકાણાં તો ઘણાંય છે પણ છોકરાંવને-આંગળિયાત લે એવું કોઈ નથી, પારકી પળોજણ કોણ વેંઢારે ?

પોતાનો આખો દેહ વલોવાતો હોય એવું મોંઘીને લાગ્યું. તે કાંઈ બોલી ન શકી પણ તેનો ભાઈ માણસની જેમ મીટ માંડીને જવાબ માટે ઊભો હતો. મોંઘીનું મગજ સુન્ન થઈ ગયું. ગળું સુકાવા માંડ્યું. એક ઊંડો નિશ્વાસ ને મોંઘીએ કાળજું કાઢીને જાણે એક બાજુ મૂકી દીધું. કોઈ બીજું બોલતું હોય તેવો અવાજ આવ્યો : જેવાં મારાં ભાગ્ય, તમને ઠીક લાગે એમ કરો.

મોંઘીના આ જવાબે ભાઈનાં બધાંય બંધન કાપી નાખ્યાં. થોડા દિવસોમાં જ તેણે સારા સમાચાર આપતો હોય તેમ મોંઘીને કહ્યું : એક ઠેકાણું છે ! ઘરમાં આડું ઊભું કોઈ નથી. ખાલી આગલી બાઈનાં બે છોરું છે. તારાં છોકરાંવની ચિંતા કર્ય મા, હું બેઠો છું ને ! તારું મન વધતું હોય તો વાત પાકી કરું !

અને આજ એ ઘરમાં જ મોંઘી પોતાનાને નોધારાં મૂકી પારકાંને પોતીકાં કરવા મથતી હતી. એનો અનુભવી હાથ બેય છોકરાંનાં પંડ્ય માથે ફરતો હતો. એમાંથી જાણે હેતની સરવાણીઓ વહેતી થઈને છોકરાંના પંડ્ય અને પ્રાણને ભીંજવતી હતી, પણ મોંઘીના હૈયામાં ઘમ્મરવલોણું ફરતું હતું : હે પરભુ...! હું તો વખાની મારી આ ઊંડા વખંભરમાં પડી છું. ગનાનીઓ કહે છે કે આપડે કોકનું સારું કરીએ તો આપડુંય સારું થાય. હું આ છોકરાંવને આંય ફૂલની જેમ સાચવીશ તો ન્યાં મારાં છોકરાં સચવાશે ?

મોંઘીના કાળજે કડાકો બોલ્યો : સચવાય શું ? હું હતી તોય પૂરાં સચવાતાં જ એમ તો કેમ કહેવાય ? સારું ખાવાનું હોય કે રમકડાં હોય, મારી નજર સામે મારા છોકરાં ભાઈનાં છોકરાં સામે ઓશિયાળા મોંએ જોઈ રહેતાં. ભાભીના રૃદિયામાં રામ વસે ને મળે તો ઠીક નકર નિસાસો નાખીને મારા પગે વીંટાઈ જતા. મારો હેતાળવો હાથ એમને સધિયારો આપતો પણ હવે તો...!

કાળજે કરવત ચાલતી હોય તેવી વેદના મોંઘીને પીડવા માંડી : અ...રે...રે...! મેં આ શું કર્યું ? દુનિયા દાખલા દેય છે - ઘોડાનો ચડનાર બાપ મરજો પણ ઘંટીની દળનાર મા ન મરજો - મેં તો આ કહેણીનેય લજવી, ભાઈથી જુદી રહીને મારાં છોકરાં મોટા કર્યા હોત તો ? મજૂરી કરીને માણસો જીવે જ છે. મેં તો મા-જનેતાના બિરદનેય લજવ્યું. ભાભીનાં કવેણે મારી મત્ય મારી નાખી ને મેં આ નો કરવાનું કર્યું !

મોંઘીની આંખોમાંથી આંસુનાં પૂર ઊમટ્યાં. ઈ ટાણે એનો નાતરિયો ધણી નાથો બારણામાં આવીને ઊભો હતો. મોંઘીને એનો અણસાર પણ ન હતો. નાથો ઘડીક ઊભો રહ્યો પછી હળવો ખોંખારો ખાધો. મોંઘી ઝટપટ આંસુ લૂછવા માંડી. નાથાએ આ જોયું. જે તાપે મોંઘી દાઝતી હતી તે જ તાપમાં નાથોય શેકાતો હતો. તેણે તરત પૂછ્યું : સાચું બોલજે હોં... રોણું કેમ આવ્યું ?

મોંઘી કાંઈ બોલી નહિ એટલે નાથો ચોખવટ કરવા માંડ્યો : તને થાતું હશે કે ઉંબરામાં પગ મેલ્યો ત્યાં જ આ બે છોકરાં વળગાડી દીધાં ! પણ આ છોકરાંવને લીધે જ મારે ફરીવાર ઘર માંડવું પડ્યું છે. આ છોકરાંવની મા માંદી થઈ હતી. કે' તી -હું તો હવે નહિ રહું, આ રોગ મારો જીવ લઈને જ જાવાનો. તમે હજી નાના છો. બીજી લાવજો પણ નવીના મોહમાં મારાં આ છોકરાં દુઃખી નો થાય એનું ધ્યાન રાખજો.

આ ઘરમાં બીજી બાઈ આવશે જ નહિ. હું મક્કમતાથી બોલતો પણ ઈ મારા કરતાં વધારે દૂર જોઈ શકતી હશે. એણે કહેલું-એકલા હાથે આદમી ઘર ને સીમ સંભાળી શકે પણ છોકરાં સાચવવાં ઈ તમે ધારો છો એટલું સહેલું નથી. તમારે બીજી વખત કંકુવાળું કપાળ કરવું જ પડશે. ને તમતમારે મોકળા જીવે બીજું ઘર માંડજો, પણ એમાં મારા ફૂલ કરમાઈ નો જાય એટલું જોજો.

નાથાનો અવાજ ભારે થઈ ગયો. ગળામાં ભીનાશ મળી : મને એમ હતું કે મારે બીજું ઘર માંડવું જ નથી પણ છ મહિનામાં તો હું ભગવાન ભાળી ગયો. આ છોકરાંવની પાછળ જ રહેવું પડે છે. નથી ખેતરમાં કામ થાતું કે નથી પૂરું ઘર સચવાતું. છ મહિનામાં આ ઘર; ઘર મટીને ઘોલકું થઈ ગયું છે. મને સમજાઈ ગયું કે આમ તો છોકરાં વધારે દુઃખી થશે અને એટલે જ પછી આ ઘરમાં તને લઈ આવ્યો છું. સંસારના સવાદ સારું મેં ઘર નથી માંડયું. હવે એવી કાંઈ અબળખાય નથી. મારે તો છોકરાંવને સાચવીને મોટાં કરે એવા માણહની જરૂર હતી અને એટલે જ તને દુઃખી કરી છે.

નાથો અટક્યો એટલે મોંઘી બોલી : સંસારના સુખની અબળખા તો જેણે એના કાંટાની વેદના વેઠી ન હોય એને હોય ! મને પોતાનેય નવાઈ લાગે છે કે મેં આ શું કર્યું છે ? મોંઘીની આંખો ફરી વહેવા માંડી ને પછી ધીમે ધીમે તેના હૈયામાં ધરબાયેલી વીતકની કથા વછૂટવા માંડી. સગાં-સંબંધીઓ સામેનો રોષ છેલ્લે જાણે નાથા માથે ઠલવાયો : તમને આદમીને પોતાનાં છોકરાં પારકી બાયડીને

વળગાડતાં પંડ્યનું રૂંવાડુંય ફરકતું નથી. પાછા નવી મા કહીને એને વગોવવામાં પાછી પાની કરતા નથી, પણ જો ઈ બાઈ પોતાનાં છોરું લઈને આવે તો નથી પોસાતી. મારાં છોકરાંવને લીધે જ કયાંય મારો ગોળ નો'તો ખવાતો. બધાય આદમીને એ પારકી પળોજણ લાગતી'તી. બધાંયને બાઈની જરૂર પણ બાઈનાં છોકરાં પારકી પળોજણ ! અસ્તરી માતર મા છે. છોકરાં તો ઈ સાચવે જ ! એને ભલામણ નો કરવી પડે, પણ... આમ ? ઓરતા ને અબળખા તમારે આદમીને જ હશેને ? અસ્તરીને અબળખા રાખવાનો કોઈ હક્ક જ નહિ ને ?

તારી વાત સાચી છે ! મોંઘીના સવાલે નાથાને ખળભળાવી નાખ્યો. એણે કબૂલ કર્યું : તારા ભાઈએ બીજાને કીધું હશે પણ મને નો'તું કીધું કે, તું તારાં છોકરાંવને આંગળિયાત લઈને આવીશ. કીધું હોત તો હુંય બીજાની જેમ ના જ પાડત. મારાં ને તમારાંએ થઈને આપડાંને માર્યા એની ફરિયાદ સાંભળવાની મારીય તૈયારી નહોતી પણ તારી વાત સાંભળ્યા પછી મને સમજાય છે કે કોઈપણ અસ્તરીને મા બનાવવી હોય તો એને એનાં છોકરાંથી નોખી પાડીને કેમ બનાવાય ? એમ કર્ય. હવે તું આ મારાં છોકરાંની સાચી જનેતા થઈ જા...હું તારાં છોકરાંનો બાપ બનું છું.

ઘડીક તો મોંઘીને પોતાના કાન ઉપર વિશ્વાસ જ ન બેઠો. એ અવિશ્વાસથી નાથા સામે જોઈ રહી. કંપતા અવાજે તેણે પૂછ્યું : આ...આ... તમે સાચું કહો છો ?

સાચું એટલે દિવસ ને રાત જેટલું સાચું, મેં ને તેં આ ઘર માંડ્યું એટલું સાચું. નાથો મોં મલકાવીને બોલ્યો.

કાળા ડિબાંગ અંધારામાં જાણે ઉજાસ દેખાયો અને મોંઘીના કરમાયેલા મોં ઉપર અજવાળું પથરાઈ ગયું.

✸✸✸

**MATRIMONIAL**

Mumbai based respected Gujarati (Jain) Family, invites proposal for their well educated, 94 born/5-4"/Good looking/fair/slim daughter, Looking for only Mumbai based Gujarati (Jain) well educated boy from business family from Andheri to South Mumbai.

Email : bride.jvpd@gmail.com (Advt.)

**મહત્ત્વની સૂચના** સર્વે સભ્યોને જણાવવાનું કે ઝાલાવાડી સભાનો તમામ આર્થિક વ્યવહાર – ખાસ કરીને સેનેટોરિયમ બુકિંગ તથા જાહેરાતોનો વ્યવહાર માત્ર ચેક અથવા ડ્રાફ્ટથી કરવાનો રહેશે.

## શ્રદ્ધા માત્ર કર્મકાંડથી મજબૂત થઈ શકતી નથી

શંકા કરવી મનનો સ્વભાવ છે. કોઈની પર અવિશ્વાસ રાખીને મન ખૂબ જ પ્રસન્ન રહે છે. તેથી લોકો ગુરુના શબ્દોમાં પણ શંકા સેવે છે. સિદ્ધ ગુરુ શરૂઆતમાં જ એવા શબ્દોનો ઉપયોગ કરે છે કે મનનાં દ્વાર બંધ ન થઈ જાય. ગુરુમંત્રમાં એવો પ્રભાવ હોય છે કે તે પહેલાં મનમાં પ્રવેશ કરે છે અને પછી ધીરે ધીરે તેની સફાઈ કરે છે. શક્તિપાત ગુરુ સ્વામી શિવોમ્તીર્થજી મહારાજ કહેતા હતા કે મનુષ્યનો સ્વભાવ જ એવો થઈ ગયો છે કે તે દરેક વાતમાં શંકા કરે છે. તેના પ્રત્યે કોઈ સહાનુભૂતિ બતાવે તો પણ તે શંકા કરે છે. અધ્યાત્મ વિષયમાં મનુષ્યએ માત્ર સાંભળ્યું જ છે તેનો કોઈ અનુભવ કર્યો નથી. તેથી આ વિષયમાં તે વધારે શંકાશીલ થઈ ગયો છે. જ્યાં સુધી તેના મનમાં ગુરુનાં વચનો વિશેની શ્રદ્ધા દૃઢ નથી થતી, તેના મનમાં રહેલી શંકા પણ નીચે નથી ઉતરતી. ગુરુ આ વાતને સારી રીતે જાણે છે. તેથી તે પોતાની કૃપાથી શિષ્યને ચેતનાશક્તિની જાગૃતિનો સાક્ષાત અનુભવ કરાવે છે. ચિત્તમાં એક તણખો સળગી ઊઠે છે, જે આધ્યાત્મિક જાગૃતિ માટે બીજનું કાર્ય કરે છે. સૂર્યનો પ્રકાશ ફેલાય તે પહેલાં કિરણો આવે છે, જેનાથી સાધકને જ્ઞાન થઈ જાય છે કે ચિત્તમાં ચારે તરફ પ્રકાશ પથરાવાનો છે. આ કારણે જ તેના મનમાં ગુરુ પ્રત્યે, સાધન પ્રત્યે અને અનુભવ પ્રત્યે શ્રદ્ધા ઉત્પન્ન થાય છે. શ્રદ્ધા જ સાધનાનો આધાર છે અને તમામ શંકાઓને દૂર કરવામાં મદદ કરે છે. શ્રદ્ધાને માત્ર કર્મકાંડથી જ મજબૂત નથી બનાવાતી, તેના માટે ધ્યાન ધરવું પણ જરૂરી છે. સતત ધ્યાન કરતા રહેવાથી જે અનુભવ થાય છે તેનાથી શ્રદ્ધાને બળ મળે છે.

✸✸✸

# સંવેદના



□ હર્ષદ પંડ્યા

ગોમતીપુરની એક સ્કૂલમાં શિક્ષકની નોકરી કરતો સૈયદ વહેલી સવારે શાળાએ જવા નીકળ્યો ત્યારે શાળાની બહાર ઊભેલું એક ટોળું તૂટી પડ્યું. એ લોહીલુહાણ થઈ ગયો. શોરબકોર વચ્ચે એક પોલીસવાન આવી. બે-ત્રણ પોલીસોએ સૈયદને ઊંચકીને વાનમાં સુવાડી હોસ્પિટલમાં દાખલ કર્યો.

'ટોળામાંના માણસોને તું ઓળખે છે ?' એક પોલીસ અધિકારીએ સૈયદને પૂછ્યું. 'કોણ હતા, હિંદુ કે મુસ્લિમ ?'

'સાહેબ', બોલતાં બોલતાં સહેજ અટકી માથા પર બાંધેલા પાટા પર આંગળીઓ ફેરવતાં સૈયદે કહ્યું, 'એ બધા માણસો હતા... માણસો ?'

'હા... એમાંના... કેટલાકનાં બાળકોને મેં ભણાવ્યા છે, સૈયદે કહ્યું, પણ અત્યારે એ લોકોનાં દિલમાં શયતાન પેસી ગયો હોવો જોઈએ...'

૩૨ વર્ષનો સૈયદ શિક્ષકની નોકરી કરતો, પણ ક્યારેય કોઈ વિદ્યાર્થી, વાલી કે શાળાના આચાર્યે એની સામે અણગમો નથી બતાવ્યો.

એ પોતાના વિદ્યાર્થીઓને સંસ્કારની સૌરભ આપતો કે દરેક ધર્મ અલગ અલગ નદી છે અને એ સૌ નદીઓ જે સમુદ્રને મળે છે એ સમુદ્રનું નામ છે માનવતા ! જેટલી આસ્થાથી એ નમાજ પઢતો એટલી જ શ્રદ્ધાથી એ ભદ્રકાળીના મંદિરે પણ જતો. એકાદ-બે વરસ તો એણે જૈનોની 'અઠ્ઠાઈ' કરીને પર્યુષણ પર્વ પણ ઊજવેલું. એ કહેતો : માલિકે આપણને જીવજંતુનો અવતાર નથી આપ્યો, અને ઈન્સાન બનાવ્યા છે તો 'ઈન્સાન' બનીને રહેવામાં જ માલિકનું માન જળવાશે.

આજે એ જ સૈયદ મુઠ્ઠીભર ટોળાંનો શિકાર બની ગયો તો.

'તારું નામ શું છે ?' ડ્યુટી પરના મુખ્ય ડૉક્ટરોએ પૂછ્યું.

'સાહેબ', સૈયદે કહ્યું, 'આજથી મેં મારું નામ ભૂંસી નાખ્યું છે, બોલાવવો હોય તો 'ઈન્સાન' કહીને બોલાવજો. અને... કરું છું નોકરી.. હું ગોમતીપુરની એક શાળામાં શિક્ષક છું.'

ડૉક્ટરે પૂછ્યું, 'પરિવારમાં બીજું કોઈ ?'

'મા છે', સૈયદે આંખો ખોલીને કહ્યું, 'અને શાળાના મારાં બાળકો છે.. બસ, આ મારો પરિવાર છે. સાહેબ...' 'શાદી નથી કરી ?'

'ના', સૈયદે ફરીવાર આંખો બંધ કરીને કહ્યું, 'મારી માને તન, મનથી જાળવે એવી કોઈ છોકરી હજુ નથી મળી...'

ડૉક્ટરે એક જુનિયર ડૉક્ટરને કહ્યું, 'આ દવા અને પેલું ઈન્જેક્શન આપી, પેશન્ટને સાંજે રજા આપી દેવામાં વાંધો નથી...'

ડૉક્ટરે કહ્યું, 'એકાદ અઠવાડિયું આરામ કરજો, સારું થઈ જશે...'

'સાહેબ, અઠવાડિયું ઘેર રહેવું પડશે ?'

'કેમ, ઘેર નથી ગમતું ?' ડૉક્ટરે વ્યંગમાં પૂછ્યું.

'એવું નથી, મારા વિદ્યાર્થીઓને મળ્યા વગર મને ચેન નહીં પડે.'

ડૉક્ટરે નર્સને પૂછ્યું, 'પેશન્ટની સાથે કોઈ આવ્યું છે ?'

'હું આવી છું,' દસ-બાર વરસની એક બાલિકાએ સૈયદના પલંગ પાસે આવીને કહ્યું, 'પપ્પા, પેશન્ટના સગા તરીકે હું આવી છું.'

ડૉક્ટર પૂરા આશ્ચર્યથી તાકી રહ્યા, 'તુલસી... બેટા તું ? તું આવા તોફાન વચ્ચે અહીં કેવી રીતે આવી ?'

'હું એકલી નથી આવી પપ્પા,' મુખ્ય બારણાં તરફ હાથ કરી તુલસીએ કહ્યું, 'અમારો આખો ક્લાસ અહીં આવ્યો છે. સ્કૂલમાં ખબર પડી કે સૈયદ સરને તોફાની ટોળાએ ઘેરી લીધા છે... તરત જ બધા વિદ્યાર્થીઓ શાળાની બહાર નીકળી ગયાં... સ્કૂલ છૂટી ગઈ...'

આ દૃશ્ય જોઈને માત્ર સૈયદની આંખો જ નહીં, ડૉક્ટરની આંખો પણ ભીની થઈ થઈ, આંખો જુદી હતી, પણ આંસુનો ધર્મ તો એક જ હતો - માનવતાનો ! ✸✸✸

## ભક્તિ માનવ અભિમાનને નષ્ટ કરી દે છે

ભલભલા લોખંડી પુરુષો પણ છેલ્લી ઘડીએ ચિતા પર સળગી ગયા. દુનિયા જેમની તાકાત, ક્ષમતા અને વ્યક્તિત્ત્વની વાહવાહ કરતી હતી, છેલ્લા શ્વાસ પછી તેમનાં શરીર જેમાં અનેક લોહતત્વોની કહાણીઓ હતી તે પણ ભડભડ બળી ગયા. મોટા મોટા સૂરમા દફન થઈ ગયા. દુનિયાના સિકંદરોનો હિસાબ લગાવીએ તો માટી ક્ષણમાં જણાવી દેશે. તો પછી અભિમાન કઈ વાતનું ? બધું અભિમાન જીવીએ ત્યાં સુધી જ રહે છે. આ દુનિયામાં રહેતા સંસાર આપણા માટે જેટલું મજાનું કામ કરે છે તેમાંથી એક એ છે કે આપણે અભિમાનને થપકી આપીને તેને પોષણ આપીએ છીએ. માનવી પોતે એટલો અભિમાની હોતો નથી જેટલો તેને બીજા બનાવી દે છે. એવી એવી ગેરસમજ આપે છે કે અભિમાન જાગી જાય છે. અભિમાનને પાડી દેવું હોય, તેને નષ્ટ કરવું હોય તો ભક્તિ કરો. ભક્તિની વિશેષતા હોય છે કે તે અહંકારને નષ્ટ કરી નાખે છે. જોકે અહીં સાવચેત રહેવાની જરૂર છે. સાવચેત નહીં રહો તો ભક્તિ ખુદ અભિમાન બની જાય છે અને અભિમાન આવશે તો પછી ભક્તિ પણ પાખંડ છે. એટલા માટે પ્રયાસ કરો કે કોઈ પણ સ્થિતિમાં અભિમાન ન આવે. દરેક સ્થિતિમાં અભિમાનથી મુક્ત રહેવાની કળા સરળ છે. તમે કોઈ પણ ધર્મથી સંકળાયેલા હોવ, બધામાં ભક્ત હોવાની સુવિધા સરળતાથી મળી જાય છે કેમ કે ભક્તનો મતલબ હોય છે કે ઉપરવાળાના ભરોસે જીવન. ભક્ત આળસુ નથી હોતો. પરમશક્તિના ભરોસે જીવન વ્યતિત કરે છે અને અભિમાનનો અંત આવે છે.



# પંડિત સુખલાલજી

□ રઘુવીર ચૌધરી

**આં**ખો નહોતી એના બદલામાં બીજી બધી ઈન્દ્રિયો અત્યંત સતેજ હતી. શ્રીમતી મૃદુલા પ્ર. મહેતાએ એમના 'પુણ્યશ્લોક પંડિતજી' નામના સંસ્મરણમાં એક પ્રસંગ નોંધ્યો છે.

તે દિવસે ઉકળાટ પછી પવન નીકળ્યો હતો. ચાંદની પણ એવી જ સુંદર હતી. મૃદુલાબહેને એનો ઉલ્લેખ નહોતો કર્યો છતાં પંડિતજી બોલેલા : ''પવન જ સરસ છે તેમ નથી, ચાંદની પણ સરસ છે, ખરું ને !''

મૃદુલાબહેન ડઘાઈ જાય છે. પંડિતજી કહે છે : ''જો, એમાં કંઈ અલૌકિક શક્તિની જરૂર નથી. આજની હવામાં જે અનેરી શીતળતા છે તે પૂર્ણિમાની સોળે કળાએ ખીલેલી ચાંદની સિવાય સંભવે નહીં. એ અનન્ય શીતળતાનો અનુભવ આંખ હોય તેને થાય એના કરતાં વધારે તીવ્રપણે આંખ વગરનાને થાય એમ હું ધારું છું. મેં ઘણી વાર આજે પૂનમ છે તેમ આ અનુભવે જાણ્યું છે. તેમાંય વૈશાખી પૂનમ પરખાયા વિના રહે જ નહીં !''

એ પછીની વાતચીત દરમિયાન પંડિતજી મૃદુલાબહેનને ચાંદનીનું વર્ણન કરવા કહે છે. એ આખો ભાગ લેખિકાના શબ્દોમાં જ મૂકવા જેવો છે :

''મેં વૃક્ષ, વેલીઓ, પુષ્પો અને સરિતાના જળમાં પડતા ચંદ્રના પ્રકાશ, પ્રતિબિંબ-વલયોનું થોડું વર્ણન કર્યું. પછી પંડિતજીએ પોતે નાનપણમાં માણેલી ચાંદનીનું વર્ણન કર્યું, તે શબ્દો મારી પાસે રહ્યા નથી પણ તે પછી તેમણે જે વર્ણન કર્યું તેની એક ઘેરી છાપ મારા અંતરમાં છે.

''કહે : 'પ્રકાશ કરતાં અંધકાર, ગાઢ અંધકારનો અનુભવ કોઈએ ન કર્યો હોય તેવો તીવ્રપણે મેં કર્યો છે. સોળ વર્ષની વયે જ્યારે આંખો ખોઈ ત્યારે આંખોનું તેજ ગયું તેટલું જ નહીં, સમસ્ત જીવન જીવવાની બધી આશા-આકાંક્ષાઓ ફરતો ગાઢ અંધકાર વીંટળાઈ વળ્યો હતો. પ્રગાઢ અંધકાર, જ્યાં પ્રકાશની આછી રેખા ન હતી, આશાની ઝાંય સરખી નહોતી અને અંધકારના ડુંગરનો, ચોસલે ચોસલાનો એવો ભાર હતો કે ડોક ઊંચી ન થઈ શકે. ઊંડા અંધારા કૂવામાં મને કોઈએ ધકેલી દઈ જાણે જીવનનાં એકેએક દ્વાર બંધ કરી દીધાં હતાં. આ અંધકારનો ખડક સમો ભાર ભેદીને બહાર નીકળાશે કે કદી કોઈ પ્રકાશરેખા સાંપડશે તેવી કલ્પના જ અસંભવિત લાગતી હતી. મારા મનની ત્યારે એ સ્થિતિ હતી. કોઈ આધાર નહીં, કોઈ ઓથાર નહીં. તમે એકલા, અટૂલા નિઃસહાયપણે અંધકારના એ કળણમાં ખૂંપી જાઓ તેવી દશા. મૃદુલા, જીવનનો તે અંધકાર શબ્દમાં મુકાય તેવો નથી....''

''તેમના સદા પ્રસન્ન ચહેરા પર વિષાદ છવાઈ ગયો હતો. શબ્દે શબ્દે અસહ્ય વેદના નીતરી રહી હતી. તેઓ બોલતા ગયા અને મારી આંખોમાંથી આંસુ નીતરતાં રહ્યાં. જરા પણ અવાજ ન થાય, શ્વાસ પણ જોરથી ન લેવાય તેની મેં ખૂબ તકેદારી રાખેલી, પણ પ્રજ્ઞાચક્ષુ પામી ગયા. એકાએક થોભીને કહે : 'અરે, તું રડે છે ? આ તો ચાંદનીની મજા બગડી ગઈ ! હું તો વર્ણનમાં તલ્લીન થઈ ગયો. પણ સાંભળ, રડવા જેવું તેમાં હવે શું છે ? ઘોર અંધકારનો અનુભવ કર્યો, તો એવા જ દેદીપ્યમાન પ્રકાશનો પણ અનુભવ કર્યો છે. ગાઢ અંધકારના અસહ્ય ભાર અને ઘોર નિરાશામાં એક પ્રકાશ-કિરણ ઝળક્યું - પુરુષાર્થનું એક પગલું દેખાયું - આંચકો મારીને માથું ઊંચું કર્યું અને નિરાશાનો ખડક ગબડી પડ્યો. ધીમે ધીમે પગ માંડતાં, ટેકો મેળવવાની મથામણ કરતાં કરતાં એક સાંકળ હાથ આવી અને ઊંડા કળણમાંથી બહાર આવ્યો તો જે ભવ્ય, દેદીપ્યમાન અને ઉજ્જ્વળ પ્રકાશ મને મળ્યો તેવો બહુ વિરલ આત્માઓને મળ્યો હશે. જીવનને આ કિનારે તો પ્રકાશ અને આનંદરસ છે. પછી પ્રારંભમાં અંધકાર હતો તેનું કંઈ દુઃખ થોડું જ હોય ! ચાલ, હવે ખુશ ને ? એક સરસ ભજન ગા, પછી આપણે જઈએ.' કહી તેમણે વાત સમેટી લીધી.

''બીજે દિવસે સવારમાં ફરતાં ફરતાં કહે : 'ઈશ્વર એક હાથે લઈ લે તો બે હાથે આપે એવો મારો જીવનનો અનુભવ છે. ઈશ્વરનાં ઔદાર્યને કદી સીમા નથી તે વાત તું જીવનમાં ભૂલતી નહીં. ગમે તેવી વિકટ પરિસ્થિતિમાં પણ આધારનો કોઈક ખૂંટો તેણે આપણે માટે રાખ્યો જ હશે તેવી શ્રદ્ધા ગુમાવવી નહિ. પુરુષાર્થ કરવાનું આપણે ભાગે હોય છે. પુરુષાર્થ ન કરીએ તો ઈશ્વરીય ખૂંટો હાથ નહીં આવે.''

સોળ વર્ષની ઉંમરે લગ્ન થઈ ગયાં હોત, પણ મોકૂફ રહ્યાં ને બીજા વર્ષે ઉનાળામાં માતા નીકળ્યાં ને આંખો ગઈ. વહેમો અને અંધશ્રદ્ધાઓને ઓળખી મુક્ત થતા ગયા. કાશીની યશોવિજય જૈન પાઠશાળામાં અભ્યાસ માટે ગયા. ન્યાય, કાવ્ય, વ્યાકરણના વિશેષજ્ઞો પાસે સ્વાધ્યાયની તક મળી. સંસ્કૃત-પ્રાકૃતમાં ભાષણ કરતા થયા. અલંકાર શીખવા લાગ્યા. ત્યારે જેટલું શીખતા એ બધું કંઠસ્થ કરીને, ચિંતન કરતા. ચિંતનનું પ્રમાણ વધ્યું. ઊંડા ઊતરતા ગયા.

પંડિતજીએ શિક્ષણના ભાગરૂપે પ્રવાસો પણ કર્યા. સમ્મેતશિખર, પાલિતાણા, આબુ, મિથિલા વગેરે સ્થળોની યાત્રાથી પોતે રમ્ય પ્રદેશો અને સરલ સ્વભાવી જનપદોને જાતે સ્પર્શ્યાનો આનંદ પામેલા. બનારસમાં અધ્યાપન કર્યું. અમદાવાદ આશ્રમમાં રહ્યા તે દરમિયાન કામ માગ્યું ને ગાંધીજીએ એમને સાથે દળવા બેસાડ્યા. અનુયાયીઓએ ઊભાં કરેલાં

આવરણ ભેદીને એ ગાંધીજીને જોતા રહ્યા છે. એ માટે એક દાખલો પૂરતો છે. પંડિતજી જૈન સાધુઓને ભણાવતા. એક બહેન ત્યાં ભણવા આવ્યાં. મહારાજજીઓએ વિરોધ કર્યો. પંડિતજી બહેનને ઘેર ભણાવવા જવા લાગ્યા. એનો પણ વિરોધ થયો ત્યારે તેમણે કહી દીધું : ''જો કોઈ ઢેઢ, ભંગી કે બહેનો ભણવા આવશે અને વધારે વખતની જરૂર હશે તો હું સાધુઓને ભણાવવાનું છોડી દઈને પણ તેમને ભણાવીશ.''

પંડિતજી ત્યાગી હતા પણ પોતાના શિષ્યો પ્રત્યેનું એમનું વાત્સલ્ય ધાર્મિક આચારની નકારાત્મક મર્યાદાઓ ઉલ્લંઘતું. એ માટે પણ એ ચોક્કસ સમજથી પ્રેરાતા. જ્ઞાનયોગ, કોઈ યોગસાધનાની શરતરૂપે એ અપરિણીત જીવનને ગણાવતા નહીં. એમને મન સાચી શરત હતી સંયમ. મોટા ભાગના માણસો માટે લગ્નજીવન સ્વસ્થ ઉત્કર્ષનું સાધન છે. કૃત્રિમ રીતે કડક નિયમોથી ઊભો કરેલો સાધુસમાજ વિકૃતિઓ વધારે. એમણે મૃદુલાબહેનને કહેલું કે સ્ત્રીઓના સહવાસ વગરના પુરુષો અર્ધદગ્ધ બુદ્ધુ નીકળ્યા છે અને પુરુષના યોગ્ય સહવાસ વગરની સ્ત્રીઓ વેવલી નીકળી છે. બહેનોને ભણાવવાનો પંડિતજીનો અનુભવ સારો હતો. કહેતા : આટલું સરળ અમારે લખવું હોય તો ઘણો વિચાર કરવો પડે. બહેનો કપડાંમાં ભલે ઠસ્સો કરે, તેમના લખાણમાં કૃત્રિમતા આવતી નથી.

સો વરસ પૂરાં થવામાં વાર ન હતી ત્યાં એમણે વિદાય લીધી. એકેએક ક્ષેત્રના વડીલો સ્મશાનમાં હાજર હતા અને એમના સહુના મોં પર અનાથ બની ગયાનો એક આછો છૂપો ભાવ હતો. પંડિતજી જતાં જાણે કે સામેથી એક શિખર અદૃશ્ય થઈ ગયું.

✷✷✷

# અન્યને મદદ કરો અને મેળવો શાંતિ



*ઉચ્ચ કોટિના ગ્રંથના બદલામાં રાજા ભોજે મુક્ત હાથે પુરસ્કાર આપ્યો. માઘ અને તેમની પત્નીએ એ રકમ દુષ્કાળગ્રસ્ત વિસ્તારમાં વહેંચી નાખી. તેમને અસીમ શાંતિનો અનુભવ થયો.*

**મ**હાકવિ માઘનું મન ખૂબ જ ઉદાર હતું. તેમને જે કંઈ મળતું, તે તેઓ અભાવગ્રસ્ત લોકોને વહેંચી દેતા. એટલે સુધી કે તેમને એક રોટી મળતી અને દ્વાર પર કોઈ ભૂખ્યું આવીને ઊભું રહેતું તો તેને રોટી આપીને પોતે ભૂખ્યા રહેતા. તેમની પત્ની પણ તેમની જેમ જ આત્મત્યાગી અને સંતોષી મહિલા હતી. તે પોતાના તરફથી પતિ સમક્ષ કદી કોઈ માગણી કરતી નહીં.

એક વખત માઘના વિસ્તારમાં ભીષણ દુષ્કાળ પડ્યો. તેમણે પોતાની તમામ સંપત્તિ વેચીને ગરીબ-ભૂખ્યાઓની સેવામાં ખર્ચી નાખી. તેની પાસે માત્ર તેના નવરચિત કાવ્યો જ બાકી રહ્યા. માઘે વિચાર્યું કે આ કાવ્યના બદલામાં જો થોડી રકમ મળી જાય તો તેને પણ ગરીબોની સેવામાં વાપરી શકાય. પછી તેને થયું કે પણ આ ખરીદશે કોણ ? પછી તેને રાજા ભોજની યાદ આવી. તે વિદ્વાનોનો ખૂબ આદર કરતા હતા. માઘ પોતાની પત્ની સાથે રાજા ભોજના રાજમહેલમાં પહોંચ્યા. તેમણે પત્નીને ગ્રંથ આપીને રાજા ભોજને આપી આવવાનું કહ્યું, કારણ કે તેમને ડર લાગતો હતો કે રાજા તેમને ઓળખી જશે તો ગ્રંથની વાજબી કિંમત કરતાં વધારે પૈસા આપશે. ગ્રંથ એટલો ઉચ્ચ કોટિનો હતો કે રાજા ભોજે એ ગ્રંથના બદલામાં મુક્ત હાથે પુરસ્કાર આપ્યો. માઘ અને તેમની પત્નીએ એ રકમ દુષ્કાળગ્રસ્ત વિસ્તારોમાં વહેંચી નાખી. તેમને અસીમ શાંતિનો અનુભવ થયો. માઘ દંપતીની અન્યની સેવાની આ ભાવના સ્તુત્ય અને અનુકરણીય છે. જ્યાં 'નિજ' પોતાની સંપૂર્ણતામાં અન્યનો બની જાય છે. એક મોટું સત્ય એ છે કે આપણે જ્યારે આપણા બે હાથ અન્યોની મદદ માટે ખોલીએ છીએ, ત્યારે ઈશ્વરના હજારો હાથ આપણા માર્ગને આસાન બનાવી દે છે.

✷✷✷

# પ્રભાવ બદલે સ્વભાવમાં જીવો

□ મોરારિબાપુ

એકવાર મને એક પત્રકારે સવાલ કર્યો કે તમે કઈ વ્યક્તિથી સૌથી વધુ પ્રભાવિત થયા છો ? મેં ઘણીવાર કહ્યું છે કે માણસે કોઈનાં પ્રભાવમાં નહીં પરંતુ પોતાના સ્વભાવમાં જીવવું જોઈએ, છતાં જો કોઈ એક વ્યક્તિનું નામ આપવાનું જ હોય તો હું એમ કહું કે હું આજે જે કંઈ છું એની પાછળ મારા સદ્‌ગુરુ એવા મારા ત્રિભુવનદાદાનાં માર્ગદર્શનનો સૌથી વધુ પ્રભાવ છે.

એકવાર કોઈકે મને આવો જ સવાલ કર્યો કે તમે કોની અસરમાં જીવો છો ? મેં કહ્યું કે હું કરકસરમાં જીવ્યો છું પણ ક્યારેય કોઈની અસરમાં જીવ્યો નથી, હું કાયમ મારી પોતાની અસરમાં જીવું છું છતાં જો કોઈ એક વ્યક્તિનું નામ આપવું ફરજિયાત હોય તો હું એમ કહું કે હું આજે જે કંઈ છું એ મુકામ સુધી મારી જીવનયાત્રાને પહોંચાડવામાં સૌથી વધુ અસર મારા સદ્‌ગુરુ ત્રિભુવનદાદા દ્વારા મને મળેલા પ્રેમસભર પથદર્શનની છે.

મારા દાદાએ મને પાંચ સૂચન કર્યા હતા, (૧) સત્યપ્રિય રહેવું (૨) માનસ તથા ગીતાનો નિત્ય પાઠ કરવો (૩) જીભથી કોઈની નિંદા અને જીવથી કોઈની ઈર્ષ્યા કરવી નહીં (૪) બને તેટલું મૌન રહેવું (૫) અભિમાન તો આવશે પણ સાવધાન રહેવું.

મને મારા દાદા તરફથી નાનપણમાં મળેલા આ પાંચ સૂત્રોએ મારા જીવનને પ્રભાવિત કર્યુ છે અથવા એ સૂત્રોની મારા જીવનમાં અસર છે એમ કહી શકાય, આજે એ પાંચ સૂત્રોની સંક્ષિપ્ત ચર્ચા કરીએ.

દરેક માણસે શક્ય તેટલું સત્યની નજીક રહેવું જોઈએ, જૈન ધર્મનાં પાયાનાં ચાર શબ્દોમાં સત્ય, અહિંસા, અચૌર્ય, અપરિગ્રહ છે જેમાં ભગવાન મહાવીર દ્વારા બ્રહ્મચર્ય સ્વરૂપે પાંચમો શબ્દ ઉમેરવામાં આવ્યો, માત્ર જૈન ધર્મમાં જ નહીં પરંતુ ઈસ્લામ, શીખ, બૌધ, ખ્રિસ્તી જેવા તમામ ધર્મમાં સત્યની આરતી ઉતારવામાં આવી છે, હિંદુ ધર્મનો પાયો જ સત્ય છે માટે સત્ય એક વૈશ્વિક શબ્દ છે, વિશ્વભરનાં મહાપુરુષો અને ચિંતકોએ સત્યની તરફેણ કરી છે, નાસ્તિકો પણ અસત્યને ચાહતા નથી, સત્ય, પ્રેમ અને કરુણા એવા શબ્દો છે જે નોખાને અનોખા બનાવી શકે છે. અલગને લગોલગ લાવી શકે છે.

એક વર્ગખંડમાં શિક્ષકે સવાલ કર્યો કે સડસઠ અને તેત્રીસનો સરવાળો કરીએ તો શું જવાબ મળે ? જે વિદ્યાર્થી સાચા હતા તે તમામનો જવાબ એકસરખો એટલે કે સો હતો, અને જે ખોટાં હતા તેમાં કોઈનો જવાબ નેવું હતો, કોઈનો એકસો દસ હતો, તો કોઈનો સાવ અલગ હતો, આમ અસત્યમાં વિવિધતા હોઈ શકે બાકી સત્ય હંમેશાં સમાન હોય છે, શુભ હોય છે.

મને સદ્‌ગુરુ પાસેથી બીજી શિખામણ એ મળી હતી કે જીવનમાં દરરોજ જેટલો થઈ શકે તેટલો માનસ અને ગીતાનો પાઠ કરવો, મેં આ અગાઉ પણ કહ્યું છે કે ભારતનાં ત્રણ મહાગ્રંથોમાં મહાભારત નીતિનો ગ્રંથ છે, ભાગવત પ્રીતિનો ગ્રંથ છે જ્યારે રામાયણ નીતિ અને પ્રીતિ બંનેનો ગ્રંથ છે, અને કુરુક્ષેત્રનાં મેદાનમાં ભગવાન શ્રીકૃષ્ણએ અર્જુનને સંબોધીને વિશ્વને શ્રીમદ્ ભગવત ગીતા જેવો અમૂલ્ય ગ્રંથ આપ્યો જે હિંદુ ધર્મની આધ્યાત્મિક ઊંચાઈ અને ઊંડાઈનો પરિચય છે.

ત્રીજું સૂત્ર એ મળ્યું કે જીભથી કોઈની નિંદા કરવી નહીં અને જીવથી કોઈની ઈર્ષ્યા કરવી નહીં, માણસે દિવસે નિંદાથી દૂર રહેવું અને રાત્રે બને તેટલું નિદ્રાથી દૂર રહેવું એ સાધનાનાં માર્ગની પ્રથમ શરત છે. વિનોબાએ સાધકનાં પાંચ શીલ એટલે કે પાંચ સદ્‌ગુણો કહ્યા છે તેમાં કહ્યું કે એ સહનશીલ, સંવેદનશીલ, સર્જનશીલ, સ્વપ્નશીલ અને સત્યશીલ હોવો જોઈએ, માણસમાં આ પાંચ સદ્‌ગુણો ત્યારે પૂર્ણપણે ખીલે જ્યારે તે નિંદા અને ઈર્ષ્યાથી દૂર રહે, કોઈની નિંદા કરવાથી એની લીટી ટૂંકી થતી નથી અને કોઈની ઈર્ષ્યા કરવાથી આપણી લીટી લાંબી થઈ શકતી નથી, ખુદની લીટી લાંબી કરવી હશે તો જીભથી નિંદા અને જીવથી ઈર્ષ્યા કરવામાં સમય બગાડવાને બદલે સાધકે સાધનાનાં માર્ગ પર સતત ગતિશીલ રહેવું જોઈએ.

મને ચોથું સૂત્ર એ આપ્યું કે બને તેટલું મૌન રહેવું. તમને થશે કે સદ્‌ગુરુની આ આજ્ઞાનો મેં ભરપૂર અનાદર કર્યો છે પરંતુ એવું નથી, મૌન જીભનું બ્રહ્મચર્ય છે અને મારા જીવનમાં મૌનનો બહુ મોટો મહિમા છે, છેલ્લી અડધી સદીથી સમગ્ર વિશ્વમાં રામકથાનાં માધ્યમથી સતત બોલતો રહ્યો છું, થોડા દિવસોમાં મારા મુખેથી બોલાયેલી સાતસો રામકથા પૂરી થશે, તુલસીદાસનાં રામચરિતમાનસને કેન્દ્રમાં રાખીને ખૂબ મુખરિત થયો છું છતાં મને કહેવા દો કે જીવનની સાતસો કથામાં હું જે કંઈ બોલ્યો તે હું નથી બોલ્યો પણ મારું મૌન બોલ્યું છે.

છેલ્લા ઘણા સમયથી દર વરસે શ્રાવણ માસમાં હું મૌન રાખું છું એ સિવાય દરરોજ નક્કી કરેલા સમયે હું મૌન રાખું છું, મૌન વક્તાને બહુ મોટી ઊર્જા આપે છે. મેં ઘણીવાર કહ્યું છે કે જેને નાચતાં આવડે એને ગાવાની જરૂર નથી, જેને સારું ગાતાં આવડે એને વચ્ચે બોલવાની જરૂર નથી પરંતુ જેને સારું બોલતાં શીખવું હોય એને બીજા વક્તાઓને - ચિંતકોને સાંભળવા તથા વાંચવા જોઈએ, મેં પુસ્તકો ઓછા વાંચ્યા છે અને મસ્તકો વધુ વાંચ્યા છે પણ માણસ જ્યારે સાંભળે કે વાંચે છે ત્યારે આપોઆપ મૌન થઈ જતો હોય છે.

જીવનમાં ક્યારેક મૂક તો ક્યારેક બધીર

બની જવું લાભદાયક હોય છે, એકવાર દેડકાંઓમાં પર્વતારોહણની સ્પર્ધાનું આયોજન થયું, દેડકાંથી પર્વતની ટોચ ઉપર ચડવું કેટલું કઠિન થઈ શકે તે સમજી શકાય તેવું છે, બધાં દેડકાં પોતપોતાની શક્તિ પ્રમાણે આરોહણ કરીને પાછા ફરી ગયા જ્યારે એક દેડકો પર્વતની ટોચ સુધી પહોંચી ગયો, જે ટોચ ઉપર પહોંચી ગયો તે વિશિષ્ટ પ્રકારની શક્તિ ધરાવતો નહોતો, એ ઊલટાનો એક શારીરિક ખોડ ધરાવતો હતો, એ સાવ બહેરો હતો, પરંતુ એનું બહેરા હોવું આ સ્પર્ધામાં આશીર્વાદ બની ગયું, પર્વતારોહણ કરી રહેલાં દેડકાઓને સમાજે ખૂબ કહ્યું કે પર્વતારોહણ કરવું એ આપણું કામ નથી માટે પાછા વળી જાવ, બીજા દેડકાંઓ આવા નિરાશાપ્રેરક વચનો સાંભળીને હતોત્સાહ થયા અને એક બાદ એક પાછા ફરી ગયા અને એક દેડકો બધીર હતો તેણે આવું એક પણ વાક્ય સાંભળ્યું નહીં તેથી સફળ થઈ શક્યો. માટે જીવનમાં સફળ થવા માટે અમુક સમયે મૌન, અમુક સમયે બધીર તો અમુક સમયે અંધ થઈ જવું અનિવાર્ય છે અને એટલે તો ગાંધીજીનાં ત્રણ વાંદરા મુખ, કાન અને આંખ બંધ કરીને બહુ મોટી સમજણ આપી જાય છે.

એક પિતાને એક યુવાન અને સ્વરૂપવાન દીકરી હતી, આ દીકરીને જોવા માટે કોઈ પણ યુવાન આવે એટલે તરત જ એને પસંદ કરી લેતો, પણ દીકરીનો બાપ કહે કે મારી દીકરી સ્વરૂપવાન છે પરંતુ અંધ, મૂક અને બધીર છે એટલે દરેક યુવાન લગ્ન માટે અસંમતિ બતાવીને ચાલ્યો જતો હતો.

દિવસે દિવસે પિતાની ચિંતા વધતી જતી હતી જે રીતે જાનકીનાં સ્વયંવરમાં ધનુષ્યભંગ કરવામાં નિષ્ફળ જતાં રાજાઓને જોઈને જનકની ચિંતા વધતી જતી હતી, પરંતુ એક દિવસ એક યુવાન એવો આવ્યો કે જેણે યુવતી મૂક, બધીર અને અંધ હોય તો પણ લગ્ન કરવાની તૈયારી બતાવી, ધામધૂમથી લગ્ન થયા, યુવાને પોતાની પરણેતરને સાસરે લઈ જઈને જોયું તો સુખદ આશ્ચર્ય થયું, પેલી યુવતી બોલી શકતી હતી, સાંભળી શકતી હતી અને જોઈ પણ શકતી હતી.

જમાઈએ ખૂબ રાજી થઈને પોતાનાં સસરાને પૂછ્યું ત્યારે જાણવા મળ્યું કે કોઈ યુવાન મારા શબ્દોને સમજી શકતો નહોતો કારણ મારા વાક્ય પાછળ ગર્ભિત અર્થ એવો હતો કે મારી દીકરી કોઈની નિંદા કરવામાં મૂંગી છે, કોઈની નિંદા સાંભળવામાં બહેરી છે અને કોઈના અવગુણ જોવામાં અંધ છે.

મને પાંચમું સૂત્ર એ મળ્યું હતું કે જીવનમાં અભિમાન તો આવશે પરંતુ સાવધાન રહેવું, આપણે માણસ છીએ તેથી કોઈને પદનું, કોઈને પ્રતિષ્ઠાનું, કોઈને સંપત્તિનું તો કોઈને શક્તિનું અભિમાન આવી શકે છે પરંતુ અભિમાન આવે ત્યારે સાવધ થઈ જઈએ તો અભિમાન માણસને નુકસાન કરવામાં નિષ્ફળ જાય છે. માટે સૌ કોઈ અન્યના પ્રભાવને બદલે પોતાના સ્વભાવમાં જીવે તેવી શુભકામના.

✸✸✸

# શેષ-અશેષ



ભલે તારું વિશ્વ ખળભળી ઊઠે થોડોક સમય,
ભલે મારું વિશ્વ પણ ખળભળી ઊઠે સાથોસાથ.
ત્રીસ વરસ વીતી ગયાં તેથી શું ?
થોડીક વાતો કરવી છે તને.
'તારો અને મારો રસ્તો એક નથી' કહી નાહક
બાળકની જેમ રિસાઈ
છૂટા પડી ગયાં આપણે.
કદાચ હું ખોટો હતો
કદાચ તું થોડી ધીરજ રાખી શકી હોત !
એકબીજાને સમજી શક્યાં હોત - સમજાવી શક્યાં હોત આપણે.
એ શું મુશ્કેલ હતું ?
કેટલીય વાર મેં રિસિવર ઊંચક્યું છે - ફોન કર્યો નથી.
પત્ર હાથમાં લીધો છે - લખ્યો નથી.
દિવસ અને રાત મેં વાતો કરી છે તારી સાથે
ત્રીસ ત્રીસ વરસથી !
મારે તને આટલું જ કહેવું છેઃ
''તારા વગર મે જિંદગી પસાર કરી છે,
હું જીવ્યો  નથી.''
નહીં કહેલી વાતનો ભાર લઈ,
વધુ દિવસ પસાર નથી કરવા મારે,
થોડાંક હળવા થવું છે, માત્ર આટલું જ કહેવું છેઃ
''તને અલગ કરી શક્યો નથી હું જાતથી.''
ગઈ કાલની ભૂલને સુધારી નથી શકાતી આજે,
એકડે એકથી જિંદગી માંડી નથી શકાતી ફરીથી દરગુજર કરજે.
ભલે તારું વિશ્વ ખળભળી ઊઠે થોડોક સમય, પણ પછી ખંખેરી
નાખજે બધું કશું સાંભળ્યું નથી એમ.
ખોવાઈ જજે તારા વિશ્વમાં ફરીથી.
ખોવાઈ જઈશ જેમ હું પણ હળવો થયેલો મારા વિશ્વમાં.
ન કહેવાયેલા શબ્દો પડઘાયા નહીં કરે પછી રાતદિવસ.
મારાં શેષ વર્ષમાં !

**- વિપિન પરીખ**



# સુખી રાજકુમાર

□ પ્રા. ઘનશ્યામ શાસ્ત્રી

એક સુંદર નગર હતું. નગરના મધ્ય ભાગમાં ઊંચી બેઠક પર રાજકુમારનું સુંદર પૂતળું હતું. સાવ સોનાથી મઢેલા તેના દેહમાંથી નીકળતો સોનેરી રંગ આંખને આંજી દેતો તેની આંખમાં જડેલા ઇન્દ્રનીલમણિનાં બે રત્નો આવા નગરના સુખ અને દુઃખને રાત-દિવસ જોયા કરતાં.

કામદેવ રૂપાળા રાજકુમારના પૂતળાને જોઈને સૌ કોઈ બોલી ઊઠતું, ''કેવો સુખી રાજકુમાર?''

સાંજે નગરપાલિકાના સભ્યો જનચર્ચા સાંભળવા નીકળતા. એક સભાસદે આ સુંદર પૂતળાને જોઈને પોતાનો સૌંદર્ય વિષેનો ખ્યાલ રજૂ કર્યો, ''આ પૂતળું તો કળાયેલ મોર જેવું સુંદર છે.''

ખુલ્લા આકાશમાં વિહરતા ચન્દ્રને માટે કોઈ બાળક રડતું ત્યારે તેની માતા લાડથી કહેતી. ''પેલો સુખી રાજકુમાર કોઈ પણ વસ્તુ માટે રડતો નથી. તું કેમ આમ રડે છે.'

ઊંચા સ્થાન પર મૂકેલા રાજકુમારના પૂતળાને જોઈને જતું આવતું સૌ કોઈ બે શબ્દો બોલી ઊઠતું.

''દુનિયામાં મારા સિવાય કોક તો સુખી છે.'' કોઈ ભગ્નહૃદયી દુઃખી માણસ પૂતળા નીચે બબડતો.

સાંજે નિશાળમાંથી છૂટતાં છોકરાં રાજકુમારને 'દેવદૂત' કહીને આનંદથી નાચી ઊઠતાં ત્યારે પાછળ ચાલતો ગણિતનો શિક્ષક ધમકાવતો, ''તમે દેવદૂત ક્યારે જોયો છે?''

''સ્વપ્નામાં,'' સૌ આનંદથી બોલી ઊઠતાં.

છોકરાને સ્વપ્નાં ન આવે તેવી ત્રિરાશિ ગણિતનો માસ્તર મૂકતો.

એક સાંજે એક મધુપંખી ઊડતું ઊડતું તે પૂતળાની બખોલમાં આવીને લપાઇ ગયું. હવે આ દેશમાં ખૂબ ઠંડી પડશે એટલે આ મધુપંખીએ વિચાર કર્યો કે હું તો મિસર (ઈજિપ્ત)માં ચાલ્યું જઈશ. નાઈલ નદીના રમ્ય પ્રદેશ તરફ ઉડીશ. પિરામિડો જોઈશ - તેને રોજ દિવસે ઊડવાનું અને રાત્રે ઊંઘી જવાનું હતું, આજે જ્યારે તે આ નગરમાં આવ્યું ત્યારે તેણે નક્કી કર્યું કે આ પૂતળાની બખોલમાં સૂઇ જવું.

મધુપંખી પાંખમાં ચાંચ ભરાવીને પૂતળાની બેઠકની બખોલમાં ભરાઇ ગયું. માંડ આંખ મીચી ત્યાં તો તેના પણ પાણીનાં ટીપાં પડયાં.

પંખીએ ઊંચે જોયું. સ્વચ્છ આકાશમાં અટૂલી વાદળીય ફરકતી નથી ને આ વરસાદ ક્યાંથી? આ દેશની ઋતુ બરાબર નથી. કાલે તો સૂર્યનું પહેલુ કિરણ દેખાતાં જ નાઈલ નદીના જીવનમય પ્રદેશ તરફ ઊડવા માંડીશ એમ વિચારીને વળી પાછું લપાઈ ગયું. તેવામાં વળી બે ટીપાં પડયાં.

આ પૂતળું વરસાદના છાંટાય ન રોકે તો તેનો ઉપયોગ શો? લાવ કોક છ પગના બાકોરામાં ભરાઈ જાઉં.

ઊડવા માટે પંખીએ પાંખો ફફડાવી ત્યાં એક ત્રીજું ટીપું પડયું. સહેજ ખીજાઈને ઊંચે જોયું. ચંદ્રના રૂપેરી પ્રકાશમાં સુખી રાજકુમારની આંખો રડતી હતી - તેના સોનેરી ગાલ પર દુઃખની રેખાઓ અંકિત કરતી. પંખીનું હૈયુ પીગળી ગયું. ઊડીને તેના ખભા પર બેઠું.

પંખીએ પૂછયું, ''તું કોણ છે?''

''એક સુખી રાજકુમાર!''

''સુખી માણસની આંખમાં આંસુ ના હોય.'' પંખીએ કહ્યું, ''તારાં આંસુથી મારી પાંખો ભીંજાઈ ગઈ.''

રાજકુમારનું પૂતળું પળવાર ન બોલ્યું.

પછી પૂતળાએ પોતાની વાત શરૂ કરી. ''પર દેશી પંખી, મારા ગતજનમની વાત સાંભળ, મારા જીવનકાળ દરમ્યાન મને એક 'સુખવાળા સુવર્ણ મહેલ'માં રાખવામાં આવ્યો. મહેલને ફરતી વિશાળ ઊંચી દીવાલ દુનિયાના દુઃખ અને ગરીબાઈને મહેલમાં આવતાં અટકાવતી. ઉપવનમાં સાથીદારો સાથે દિવસ અને રાત્રી કયાંય સંતાઈ જતાં. પેલી દીવાલની પાછળ શું હશે એનો ખ્યાલ સુધ્ધાં હું ન કરતો. દુનિયાનાં સર્વ સુખ આ મહેલમાં હતાં, લોકો મને 'સુખી રાજકુમાર' કહેતા. આનંદ એ જ સુખ માનીને હું જીવ્યો અને મર્યો.

''મારા મૃત્યુ બાદ લોકોએ મારું સુંદર પૂતળું બનાવ્યું અને ઊંચી જગ્યાએ મને જડી દીધો. જેથી નગરના તમામ દુઃખો હવે મને દેખાય છે. દુઃખીઓને જોઈ શકું છું પણ દિલાસો આપવા જઈ શકતો નથી. મારા સીસાના દેહને આ લોકોએ સોને મઢયો છે, છતાં દુઃખ જોઈને સીસાનું હૈયું દ્રવી ઊઠે છે ત્યારે આંખો આંસુથી ઉભરાય છે. પ્રિય પંખી, આ વિશાળ નગરમાં તું એકલું જ મારા આંસુ જોઈ શકે છે.''

વાત સાંભળીને પંખી ગમગીન થઈ ગયું.

આ કહેવાતો સુખી રાજકુમાર નગર તરફ જોવા લાગ્યો. ''જો, ત્યાં દૂર એક ગરીબ બાઈ કોક ધનિક સ્ત્રીનાં કપડાં પર ભરત ગૂંથી રહી છે. આવતી કાલે એ ધનિક સ્ત્રી રાજની મિજલસમાં જવાની છે. તેના કપડાં તૈયાર કરવા પેલી દુઃખી બાઈ તનતોડ મહેનત કરી રહી છે. અતિશય શ્રમથી તેનો ચહેરો ફિક્કો અને દુબળો પડી ગયા છે. ઉતાવળમાં ગૂંથતા તેની આંગળીઓ પર સોયનાં અણીયાં વાગ્યાં છે ત્યાં લોહીની ટીશીઓ બાઝી ગઈ છે અને તેનો દીકરો તાવથી પીડાય છે. મારા પગ બેઠક સાથે જકડયા છે તેથી હું ત્યાં જઈ શકું તેમ નથી.''

પંખીએ કાંઈ ગણકાર્યું નહિ, તેની ઝીણી આંખો તો હજારો ગાઉ દૂર નાઇલનો રમ્ય પ્રદેશ જોવા લાગી : દિવસે મારા મિત્રો પાણીના પટ

પર ઊંચા નીચા ઊડતા હશે. સાંજે થાકીને તેઓ ખંડેરોની દીવાલમાં સંતાઈ જશે. પિરામિડની હારમાળા ઉપર ઊડવાની રમત રમીને તેઓ આકાશીનો આનંદ મેળવતાં હશે. હું પણ કાલે ત્યાં ઊડી જઇશ.

''મધુપંખી, એક રાત તું ના રોકાય ? જોને પેલી બાઈનું છોકરું ભૂખથી રડે છે. નદીના પાણી સિવાય તેની મા પાસે કશુંય નથી.''

''છોકરાં મને ગમતાં નથી, રાજકુમાર. ગઈ વસંતઋતુમાં હું માળો બનાવતું હતું ત્યારે બે છોકરાં મારા પર પથ્થરો ફેંકતાં હતાં.''

આં સાંભળીને રાજકુમારની આંખમાં આંસુ આવ્યાં.

પંખી તેની અસહ્ય વેદના કળી ગયું.

''મધુપંખી, આ તલવારની મૂઠ પરનું લાલ માણેક તે દુઃખીને તું ન આપી આવે ?''

''ભલે, તારા કામ માટે હું આજની રાત રોકાઇશ.''

''તારો આભાર, પરદેશી. ''

ચાંચમાં લાલ માણેક લઇને પંખી ઊડયું.

આલિશાન મકાનની ઊંચી અટારી અને ભવ્ય મંદિર પરથી તે પસાર થવા લાગ્યું. મંદિરના અનેક સ્થંભ પરની પ્રતિમાઓ અજબ મૂંગા સૂર રેલાવતી સ્થિર ઊભી હતી.

રાજમહેલના પ્રણયવનમાં નમતાં સ્ત્રી-પુરુષોનો આનંદ કિલ્લોલ આકાશમાં ઊંચે ચઢતો હતો. નશાથી છલકાયેલી નિશામાં એક યુવાન યુગલ પ્રણય મસ્તી કરતું ખુલ્લી અટારીમાં ધસી આવ્યું.

આકાશ તરફ મીંટ માંડતાં યુવતીએ કહ્યું, ''મૂંગા તારાઓ કેવા સુંદર છે.''

''તેનાથી વધુ સુંદર છે પ્રેમનો પ્રભાવ.'' કહીને ગાઢ આલિંગન સાથે પ્રિતમે સાક્ષી પૂરી.

બાહુપાશમાં ભરાયેલી યુવતીએ કહ્યું, ''આવતી કાલના વિલાસનૃત્ય માટેના મારા કપડા પેલી કારીગર બાઈ ક્યારે આપશે. આપણાં કપડાંની તેમને પડી જ નથી, કેવા લેકા છે ?''

યુગલની વાત પૂરી થતાં પંખીનો વિસામો પણ પૂરો થયો.

હવાના પવન સામે પંખીએ પાંખો ફફડાવી.

'લક્ષ્મી વિલાસ'ની શેરીઓમાં ધનિકોને તુલાથી નાણું તોલતા તેણે જોયા.

દુઃખથી પીડાતા છોકરાની આજુબાજુ વર્તુળાકારે ઊડીને પંખીએ પાંખો ફફડાવી, પેલું લાલ માણેક નાખ્યું.

''બા, મને હવે કાંઈક ઠીક લાગે છે. હું જીવીશ.'' કહીને છોકરું ઊંઘી ગયું.

પંખીએ બધી વાત રાજકુમારને કહી.

''ઠંડી છે છતાં હૈયું ઉષ્માભર્યું લાગે છે.'' પંખીએ આકાશ સામું જોતાં કહ્યું.

'તારા સત્ કર્મનો બદલો, પંખી.'

નિઃશબ્દ રાત્રિમાં ચંદ્ર ઊંચે ને ઊંચે ચઢતો હતો. પાંખમાં ચાંચ ભરાવી પંખી ઊંઘી ગયું.

શિયાળાના ઉષ્માભર્યો સૂર્ય દેખાતાં મધુપંખી ચારા માટે કુદરતમાં ઊડી જતું.

''શિયાળામાં આ પરદેશી પંખી અહીં ક્યાંથી ?'' સવારમાં ફરવા આવનાર ઝુઓલોજીના પ્રોફેસરે નોંધ લીધી. બીજે દિવસે સ્થાનિક વર્તમાનપત્રમાં તે વિષે પાંડિત્યભર્યો આખો લેખ આવ્યો.

પુષ્પની રૂપાળી રૂપાળી પ્યાલીઓમાં રસ પીતાં મધુપંખીએ વિચાર્યું, આજ રાત્રે તો પિરામિડના પ્રદેશ તરફ ઊડી જઈશ.''

ચાંદો ઊગ્યો આભમાં.

પંખીએ રાજકુમારને કહ્યું, ''આજે તો હું મિસર તરફ જઈશ. કશું કામ છે ?''

''પંખી, પરદેશી પંખી, એક રાતનો મહેમાન થા.''

ઠંડીથી ધ્રુજતાં પંખી કહેવા લાગ્યું, ''હવે તો હું એ જીવંત પ્રદેશની રાહ જોઉ છું. નાઇલ નદીના કાંઠે ઊગતાં કૂમળા છોડ પર બેસતાં રંગીન પતંગિયાની પાછળ મારા સાથી પંખીઓ ઉડતાં હશે, જલપ્રવાહની પડતી અનેક ધારાઓમાંથી પાર નીકળીને તેઓ પવનતાલીની રમત રમતાં હશે. બપોરે સૂર્યના તાપથી બચવા વિકરાળ કાચાવાળા જળઘોડા નદીના પાણીમાં શાંતચિત્તે જળવિહાર કરતા હશે. ત્યાં એ નાઈલનાં અગાધ નીરમાં સંગેમરમરતી કાળી શીલા પર નર્યા પ્રકાશનો બનેલો જળદેવ બેસે છે, ઉષાના પ્રથમ સ્મિત સાથે તે આનંદથી ચીસ પાડીને અગાધ પાણીમાં કૂદી પડે છે. પછી ત્યાં નિઃશબ્દ શાંતિ પથરાય છે. આથમતે અજવાળે કેસરી સિંહનાં તરસ્યાં ટોળા પાણી પીવા આવે છે. પ્રિય રાજકુમાર, આવાં સોહામણાં દૃશ્યોનાં હું સ્વપ્નાં સેવું છું.''

પૂતળાની આંખો દૂર દૂર કાંઈ જોઈ રહી હતી.

''જોને પંખી પેલા ઘરમાં એક લેખક કાગળના ઢગ વચ્ચે માથું દાટીને પડયો છે. ઉજાગરા અને ચિંતાથી તેની આંખો ઊંડી ગઈ છે. ફૂલડાનાં ફૂલ પણ કરમાઈ ગયાં છે. આવતી કાલે નાટક મંડળીના માલિકને આખું નાટક પૂરું કરીને આપવાનું છે. ઠરી ગયેલી સગડી પણ અચેતન પડી છે, મારી આંખનું એક નીલમણિ તેને ન આપે ?''

''તારી આંખનું નીલમણિ કાઢતાં મારું હૈયું માનતું નથી.''

''એક આંખથી પણ દુનિયા તો દેખાશેને. એક આંખ ગયે કોઈને જીવન મલે તો ઘણું.''

બીજે દિવસે પંખી ચણ માટે નદીયે ગયું. વહાણના કુવાસ્થંભ પર બેઠું બેઠું આવતી જતી હોડીઓ અને દૂર દેશાવર જતાં વહાણ જોઈને ઘડીભર તેનું મન મિસર તરફ સફર કરવા લાગ્યું. આ ખલાસીઓ અને વેપારીઓને મારા જેવાની પડી નથી.

રજની રાણીની શાંત આંખ જેવો ચંદ્ર પ્રકાશ્યો ત્યારે મધુપંખીએ રાજકુમારને હળવેથી કહ્યું, ''આજે હું જાઉં ?''

''પ્રિય પંખી, મારી ખાતર એક રાત વધુ રોકાને !''

''પ્રિય રાજકુમાર, શિયાળો બેસી ગયો છે. થોડા દિવસમાં બરફ પડશે. હું થીજી જઈશ. મિસર દેશનો ઉષ્માભર્યા સૂર્ય નાઇલના ભૂરા પાણીમાં પ્રકાશતો હશે. નદીના કાંઠે પડેલા આળસુ મગરો તાડની હારમાળાને બેદરકારીથી જોઈ રહ્યા હશે. રણમાં ઊભેલા જીર્ણ સૂર્યમંદિરમાં મારા સાથીઓ જ્યારે માળા બાંધતાં હશે ત્યારે પેલાં અર્ધભૂખરા અને અર્ધશ્વેત કબૂતરો એક ધ્યાનથી જોતાં હશે. રાજકુમાર, હવે તો મને આ જોવાની લગની લાગી છે. આવતી વસંતમાં ફરી આવીશ ત્યારે તારા માટે ચણોઠી જેવું એક લાલ માણેક અને

આકાશ જેવું એક ભૂરું નીલમણિ લાવીશ.''

રાજકુમારની એક આંખ નગર તરફ જોયા કરતી.

''પેલા રસ્તાના ખૂણા પાસે ફાટેલ કપડામાં એક ગરીબ છોકરી કાંઈક વેચે છે. તેના ઉઘડા પગ ઠંડીથી ફાટી ગયા છે. તેની પાસેથી કોણ ખરીદે ? તું જા, મારી બીજી આંખનું નીલમણિ આપી આવ.''

''વહાલા રાજકુમાર, તારી બીજી આંખ જતાં તું સાવ આંધળો થઈ જઈશ.''

''જીવતો હતો ત્યારે મારી આંખો કોઈના કામમાં ન આવી. મૃત્યુ પછી એ આંખો કોઈને જીવન આપે તો હું સુખી થાઉં. જીવતો હતો ત્યાં સુધી હું આંધળો જ હતો.''

રડતી આંખે પંખીએ રાજકુમારની બીજી આંખ કાઢી.

થોડીવાર પછી પંખી આવ્યું.

''રાજકુમાર, તો તું સાવ આંધળો થઈ ગયો.''

અંધ પૂતળું આનંદભર્યું હસ્યું. ''પ્રિય પંખી, તેં મારું ઘણું કામ કર્યું છે. આભાર. હવે તું મિસર જતું રહે''

''પ્યારા કુમાર! હવે તો હું તારી સાથે રહીશ. તું મારી આંખે જો.''

તે દિવસે પંખીએ મધુરગીત ન ગાયું, ચણ માટે પંખી રાજકુમારને મૂકીને કયાંય ન ગયું.

બીજે દિવસે પંખીએ અંધ પૂતળાને નવા નવા દેશની અદ્‌ભુત વાતો કહી, ''ત્યાં નાઈલનાં લાંબા લાંબા કાંઠા પર લાલ બગલા સ્થિર ઊભા હોય છે પણ સોનેરી માછલી દેખાતાં એક પળમાં પકડે છે. નાઈલના નીર દૂર દૂર જ્યાં વહી જાય છે ત્યાં આગળ રણમાં એક ભેદી મૂર્તિ છે. તેની વિશાળ કાય કેટલાય કાળમીંઢ પથ્થરોની બનેલી છે. તેનું મોં અને છાતી સ્ત્રીનાં છે, દેહ શ્વાનનો, પૂછડી સાપની, પાંખો પંખીની, પંજો સિંહનો અને માનવીના અવાજ જેવો ઘેરો અવાજ રણના વટેમાર્ગુંઓ માટે ભયરૂપ છે. કહેવાય છે કે જતા આવતા લોકોને તે કેવાય સવાલો પૂછે છે. કોઈ જવાબ ન આપે ત્યારે આ મૂર્તિ એવું તો અટ્ટહાસ્ય કરે છે કે લોકો એના હાસ્યથી છગી મરે છે. એકલદોકલને તો એ મૂર્તિ ભરખી જાય છે.''

રાજકુમારનું પૂતળું ફિક્કું હસ્યું.

ઊંટના કાફલાની, વાંસના લીલા સાપની, જંગલના વેંતિયા લોકોની વાતો કરીને પંખી રાજકુમારને આનંદ આપવા પ્રયત્ન કરતું.

''પ્રિય મધુ, દેશવિદેશની અદ્‌ભુત વાતો કરતાં માનવીનાં દુઃખની વાતો વધુ અદ્‌ભુત છે. માનવ દુઃખની વાર્તા જેવી કોઈ શ્રેષ્ઠ વાતો નથી, શ્રેષ્ઠ મારા શહેર પર ઊડીને એક નજર કરને કોણ કોણ દુઃખી છે.''

વળી પંખીએ પાંખો પસારી.

ધનિક લોકોના મહોલ્લામાં મિષ્ટાન્નનો વ્યય થતો હતો. બહાર ભિખારીઓની જમાત એંઠાજુઠા અન્નના કોળિયા માટે પડાપડી કરી રહ્યા હતા. ગામની બહાર ઝૂંપડામાં ભૂલકાં ભૂખથી રડી રહ્યાં હતાં. પુલના છેડે બે બાળકો ઠંડીથી બચવા એકમેકને વળગીને સૂઈ રહ્યાં હતાં. રાતના રખેવાળોએ તેમને ધમકાવીને કાઢી મૂક્યા.

પંખીએ આવીને જે જોયું હતું તેનું વર્ણન રાજકુમાર આગળ કર્યું.

''મારા દેહ પરનું સોનું એ દુઃખી લોકોને આપી દે.''

થોડાક સમયમાં રાજકુમારનો સુંદર દેહ કદરૂપો અને ઉઘાડો બની ગયો.

પાનખર આવી, બરફ વરસવા માંડયો. નાના છોડ તો ધરતીમાં સંતાઈ ગયા. વૃક્ષો હાડપિંજર જેવાં બનીને જાણે કુદરતને શાપ આપતાં ઊભા હતાં !

અસહ્ય ઠંડીમાં પણ પેલું પંખી રાજકુમારને છોડીને કયાંય ન જતું. ભૂખથી વ્યાકુળ થતાં સામેની દુકાનમાંથી ભાડભૂંજાની નજર ચૂકવીને એકાદ ચણો-મમરો લઈ લેતું.

એક રાત્રે પુષ્કળ હીમવર્ષા થઈ.

મધુપંખીને લાગ્યું : જીવનનો આ છેલ્લો દિવસ.

સઘળું બળ ભેગું કરીને એકવાર રાજકુમારના ખભા પર બેઠું, ''છેલ્લા રામરામ, રાજકુમાર. તારા હાથ પર એક ચુંબન કરવા દઈશ.''

''આખરે તું મિસર જાય છે તેથી હું ખુશ છું. તું મને અતિપ્રિય છે માટે મારા ઓષ્ટ પર ચુંબન કર.''

''રાજકુમાર, હું મિસરના દેશમાં જતું નથી. હું તો મૃત્યુના દેશમાં જાઉં છું.''

રાજકુમારના ઓષ્ટને ચુંબીને પંખી તેના પગ આગળ પડી ગયું.

તે સાથે જ પૂતળાની ભીતરમાં ડાબી બાજુએ એક મોટો કડાકો થયો.

બીજે દિવસે સવારે નગરપાલિકાના સભાસદો નગર જોવા નીકળ્યા.

કદરૂપા અને બેઢંગા પૂતળાને જોઈને નગરપાલકે (અ. 'મેયર') ટીકા કરી, ''હવે તો આ સુખી રાજકુમારનું પૂતળું ગંદું દેખાય છે.

તે સાંજે સભાસદોની પરિષદમાં તેણે કડક શબ્દોમાં જાહેર કર્યું, ''આ સુખી રાજકુમારના પૂતળાને ઓગાળી મારું પૂતળું બનાવો.''

બધા જ સભ્યો એકી સાથે બરાડી ઊઠ્યા, ''નહિ મારું, નહિ મારું.''

''આ પૂતળાનું ખંડિત હૈયું કેમે કરી ઓગળતું નથી,'' સીસું ઓગાળનાર એક લુહારે ભઠ્ઠીના અધિકારીને જાણ કરી.

''નાખી દો એ ટુકડાને.''

જે ઉકરડા પર મધુપંખીનો મૃતદેહ પડયો હતો ત્યાં આ રાજકુમારનું ખંડિત હૈયું ફેંકી દેવામાં આવ્યું.

સ્વર્ગવાટિકામાં વિચારતા પ્રભુએ દેવદૂતને કહ્યું, ''પૃથ્વી પરથી બે પવિત્ર અને અમૂલ્ય ભેટ મને લાવી આપ.''

દેવદૂતની પસંદગી પામ્યાં : ખંડિત હૈયું અને મૃતપંખી.

પ્રભુએ દેવદૂતને કહ્યું, ''તું સાચો દૃષ્ટા છે. મારી સ્વર્ગવાટિકામાં આ પંખી અમર ગીત ગાશે અને સુવર્ણનગરીમાં આ સુખી રાજકુમાર રાજ કરશે.''

સ્વર્ગવાટિકાનાં દિવ્યવૃક્ષો આનંદથી બોલી ઊઠયાં.

---

મૂળ લેખક : Oscar Wilde

વાર્તા : The Happy Prince

# નિવૃત્ત પિતા

ઘણી વખત પુત્ર કે પુત્રવધૂના મોંઢે ઘરના વડીલો માટે સાંભળીએ છે કે, આ ઉંમરે પણ એમને ખાવાના બહુ ચટાકા છે.

વડીલો માટે ખૂબ સંભળાતું આ વાક્ય છે. ભણાવીને વિચારશીલ બનાવેલ દીકરો એવું વિચારે છે કે, હવે પિતાની પાચનશક્તિ મંદ પડી ગઈ છે અને એમણે દરેક વસ્તુ ન ખાવી જોઈએ, દીકરાની દલીલ એવી હોય છે કે એમને પહેલાંની જેમ પ્રવૃત્તિઓ ન હોવાના કારણે એ પચાવી ના શકે.

મારે એ બધાં જ દીકરા-વહુને કહેવું છે કે, આ વાત એમને જ નક્કી કરવા દો ને. વર્ષો એમણે એમનાં શરીર સાથે કાઢ્યાં છે, એમને એમનાં શરીરની તાસીર બરાબર ખબર છે, તમે કેવી રીતે નક્કી કરી શકો કે એમને હવે માફક આવશે (સદશે) કે નહીં? તકલીફ પડશે તો આપોઆપ બંધ કરશે. તમે શું કામ ટોકો છો એમને ? ભલે તમે એવું બતાવતાં હોવ કે તમને એમની તબિયતની ચિન્તા છે, પણ એમને એ વાતનું ખૂબ દુઃખ છે.

બીજી વાત, ખાવાના શોખીન તો એ પહેલાં પણ હતા, પણ એ વખતે તે વહુ કે દીકરા પર આશ્રિત ન હતા. એ પોતે એટલાં સક્ષમ હતાં કે એમની નાની-નાની ઈચ્છાઓ પૂરી કરી લેતાં હતાં. એમની પત્ની એટલે કે તમારી મા એમની પસંદગીથી બરાબર પરિચિત હતી, એટલે સમયાંતરે એમને એમનું ભાવતું બનાવી આપતી હતી, પણ હવે એ પત્ની પણ કરી શકે એમ નથી અથવા તો આ દુનિયામાં નથી, એટલે એ પુત્રવધૂથી અપેક્ષા રાખે છે. એમને શું ખાવું છે એની ઈચ્છા વ્યક્ત કરે છે, બનશે કે નહીં એની ખાતરી એમને નથી હોતી. બબડતાં - બબડતાં ને સાસુના આગ્રહથી પણ વહુ થોડા દિવસમાં એ વાનગી બનાવી આપે છે. અને પછી બધાંને, ખાસ તો એમના દીકરા (પોતાના વર) ને કહે, પપ્પાની ડિમાન્ડ પૂરી કરવામાં હું તો નવરી જ નથી પડતી.

એ જ વહુ પોતાને ભાવતી અથવા બાળકો કે પતિને ભાવતી વાનગીઓ ઉત્સાહથી માગણી (Demand) થાય તે પહેલાં હાજર કરી દે છે. જે એમનાં સાસુ વર્ષોથી એમનાં વર ને એમના દીકરા માટે કરતાં હતાં. એવું તો પિતાએ આપનું શું બગાડ્યું હોય છે કે આટલી સમજ સાથેની લાગણી તમે દર્શાવી ના શકો !!

વડીલોની હાજરી ઘરના સભ્યોને બીજી ઘણી બાબતે નડતી હોય છે. તેમાંનું એક એમનું ખૂબ વહેલું ઊઠવું પણ છે. અવારનવાર ઘણાં ઘરોમાં દીકરા-વહુના મોંઢે આવું સાંભળ્યુ છે : ''રજાના દિવસે પણ અમને તો શાંતિ નથી, પપ્પા સવારે ૫ વાગ્યાના ઊઠીને ખટર-પટર કર્યા કરે છે, ને બધાંની ઊંઘ બગાડે છે.'' આવું કહેતો દીકરો એ ભૂલી જાય છે કે એનાં માતા-પિતા તો વર્ષોથી વહેલાં ઊઠે છે, ને ઉંમર થતાં આમ પણ ઊંઘ ઓછી થઈ જાય છે. જે સગવડ તમને આજે છે તે તેમના સમયમાં ન હતી. એટલે એ પ્રમાણે એમણે દિવસનું આયોજન (planning) કર્યું હોય છે. ભલા માણસ, તને ભણાવવા કે ઘર ચલાવવા માટે નોકરી પર જવા તારા પિતા તો વર્ષોથી વહેલાં ઊઠતાં હતા, ત્યારે તને વાંધો ન હતો ? આજે તમારા આરામમાં ખલેલ ના પડે માટે પિતાનું વહેલું ઊઠવું તમને નડે છે? કમાલ છે યાર, લાગણીઓને વિસરાવવાની.

શું નિવૃત્તિ પછી પિતાએ પોતાની ઈચ્છાઓ અને જૂની ટેવોને પણ નિવૃત્ત કરી દેવી જોઈએ ? ક્યારે ઊઠવું, ક્યાં જવું, શું ખાવું, તે બધું જ દીકરા-વહુની ઇચ્છા (Desire) પ્રમાણે કરવાનું ?

નિવૃત્ત પિતા પ્રત્યે અણગમો (Dislike) કે માન ન રાખનાર દરેક દીકરાએ ધ્યાનમાં રાખવું જોઈએ કે, પિતાએ એમના જીવનનાં ૬૦-૭૦ વર્ષ કાઢ્યાં છે, ને તમારા કરતાં ઘણાં વધારે અનુભવી છે. તમે એમની જોડે વાત કરવાનું ટાળો, એમને ટાળો (avoid) કરો, અવગણો (ignore) કરો કે આડકતરી રીતે કંઈ પણ કહેવાનો પ્રયત્ન કરો, એમને ખ્યાલ તો આવી જ જાય છે. તમારા હાવ-ભાવ, વાણી-વર્તનથી તમે એમનાં માટે શું વિચારો છો અને કેટલું માન આપો છો, બધું જ સમજી જાય છે. અને રીતસર એ તમને સહન કરે છે.

આ લખાણ સાથે દરેક પુત્રને વિનંતી કરું છું... ''તમારા પિતાનું ઘડપણ લાચાર નહીં, સંતોષકારક બનાવો.''

✷✷✷

# આટલું તો આવડવું જ જોઈએ



જીવન જીવતા આવડવું જોઈએ
સંબંધો સીવતા આવડવું જોઈએ

અમૃત નહિ મળે રોજ બ રોજ
ઝેર પીતા પણ આવડવું જોઈએ

વાત વાતમાં રુઠવું સારું નહિ
સહન કરતાં પણ આવડવું જોઈએ

અક્કડ ઝાડ પહેલું તૂટી જાય
થોડું નમતા પણ આવડવું જોઈએ

બધું કંઈ પચી નહિ શકે
થોડું વહેચતા પણ આવડવું જોઈએ

બેઠાળુ જિંદગી શ્રાપ છે
થોડું નાચતા પણ આવડવું જોઈએ

ચોપડીઓ અચૂક વાંચો
ચહેરા વાંચતા પણ આવડવું જોઈએ

અબોલા ક્યારેય નહિ લેતા
મન મોટું રાખતા પણ આવડવું જોઈએ

સોગિયું મોઢું કોને ગમે
ખડખડાટ હસતા પણ આવડવું જોઈએ

સંઘરાખોરી દૂષણ છે
દાન આપતા પણ આવડવું જોઈએ

ખોટા વખાણ કરવા ચાપલૂસી છે
અરીસો બનતા પણ આવડવું જોઈએ !!

**આસીમ !!!**

# અપ્રતીમ અઝરબૈજાન... સુંદર શહેર બાકુ

સંધ્યા શાહ

કેસ્પીયન સમુદ્રના તીરે મનોરમ્ય કોકેસસ પર્વતમાળાથી ઘેરાયેલું ધનધાન્ય ફળો ફૂલો ને મનમોહક વનરાજીથી ભરેલું અઝરબૈજાન વસ્તીમાં નાનું પણ પ્રાકૃતિક સંપત્તિમાં વિરાટ છે. અહીંની ખળખળ વહેતી નદીઓ ખેતરોને ફળદ્રુપ અને હરિયાળા બનાવે છે. નિસર્ગના અદ્ભુત સૌંદર્યને નિહાળતા અવાક્ થઈ જવાય તેટલું અપ્રતીમ અઝરબૈજાન ગાઢ વનસ્પતિ, રંગીન ચમકતા ફૂલો થકી મોટા રંગીન ગાલીચા જેવું લાગે છે.

પ્રાચીન સંસ્કૃતિ અને ઈતિહાસના સમન્વય સમું અઝરબૈજાન સદીઓ જૂના સ્મારકો, વિશાળ મંદિરો, અદ્ભુત મસ્જિદો અને વિશ્વના ઈજનેરોએ બનાવેલ વિધવિધ ઈમારતો થકી કોઈપણ પ્રવાસીને મંત્રમુગ્ધ કરી દે તેવું છે.

અઝરબૈજાનનું વૈજ્ઞાનિક, સાંસ્કૃતિક અને ઔદ્યોગિક કેન્દ્ર અને રાજધાની તે બાકુ. સમુદ્રની સપાટીથી ૨૮ મીટર નીચે આવેલું વિશ્વનું સહુથી મોટું શહેર તે બાકુ. એન્જિનિયરીંગની ઉત્કૃષ્ટ કળાથી શોભતા જગતના સુંદર શહેરો માંહેના આ એક શહેરને જોવાની ભારે ઉત્કંઠા હતી.

મિત્રો સાથે આ પ્રવાસ નક્કી કર્યો. શારજાહ થઈને બાકુ પહોંચી ગયા. બાકુ આપણા ભારતીય સમય કરતા દોઢ કલાક પાછળ છે. વીસેક વર્ષની, શુદ્ધ હિન્દી બોલતી, એક સુંદર - ગોરી - વાંકડીયા વાળ વાળી ગાઈડ એમિલિયા અમારા સ્વાગત માટે એરપોર્ટ પર જ હતી. કોન્ટિનેન્ટલ હોટલ પર પહોંચ્યા અદ્યતન ઈમારતોથી શોભતા એક નવા નકોર શહેરમાં હવામાન એટલું સરસ હતું કે થાક ઉતરી ગયો. વાતાવરણમાં શીતળતા ને પ્રદૂષણ શૂન્ય... સુવિધાજનક હોટલમાં ચોખ્ખાઈ ઊડીને આંખે વળગે તેવી હતી. ભોજન કરી, થોડો આરામ કરી શહેરમાં ફરવા નીકળી ગયા.

નાની કેબલકારમાં બેસીને **હાઈલેન્ડ પાર્ક** પહોંચ્યા - અહીં શહીદોની સ્મૃતિને સંચિત કરી છે. યુદ્ધમાં શહાદતને વરેલા સૈનિકોના ફોટાઓની નીચે તેમની સ્મૃતિમાં બાંધવામાં આવેલી મજાર-કબર પર લોકો-લાંબી દાંડીવાળા ગુલાબના ફૂલો અર્પણ કરે. પગથિયા ઉપર ચડતા જઈએ તેમ તેમ બાકુની વૈભવી ઈમારતોમાં ઝળહળતી રોશની દેખાવા લાગી. ટોચ ઉપર પહોંચ્યા - અહીં અગ્નિ સતત પ્રજ્વલિત રહે છે. અગ્નિ અહીં સહુથી વધુ પવિત્ર અને પૂજનીય માનવામાં આવે છે - આટલી ઊંચાઈએથી બાકુ ખૂબ મનોહર દેખાય છે. દુબઈના બુર્ઝ ખલીફા જેવા ત્રણ ઊંચા, ગગનચૂંબી, અગ્નિની જ્વાળા જેવા ટાવર પર સતત રંગ બદલતી રોશની દેખાય છે. આ રંગોની આભા અદ્ભૂત હતી - **ફ્લેઈમ ટાવર્સ** સમગ્ર વિશ્વમાં આકર્ષક ઈમારતો છે. અહીંથી બાકુ -આઈ Baku eye નું મોટું ચકડોળ પણ ઝળહળતું દેખાય છે. London eye જેટલું મોટું નહીં, પણ સમગ્ર બાકુને નજરમાં ભરી શકાય તેટલું ઊંચુ આ ચકડોળ પ્રવાસીઓ માટે મજાનું સ્થળ છે. નેશનલ એસેમ્બલીનું મકાન જોયું. આખા શહેરમાં





કાયદો અને વ્યવસ્થા તૂર્કી પોલીસોના હાથમાં- નાઈટ લાઈફ ને ક્લબો માટે અત્યંત મશહૂર આ શહેરમાં ગુનાખોરીનું પ્રમાણ શૂન્ય...

રાત્રે મુંબઈની જેમ જ ટ્રાફિક દેખાય લોકો કામ પરથી પાછા ફરતા હોય એટલે વાહનોની ભરમાર જોવા મળે - અલબત્ત હોર્ન વગર... અમારો ડ્રાઈવર શાકાહારી ભોજન આપતી રેસ્ટોરન્ટનો રસ્તો ભૂલી ગયો. ઝરમરતા વરસાદમાં એક કલાક સુધી બાકુના રોશનીથી ઝળહળતા રસ્તાઓ પર અમે ઘૂમ્યા કર્યુ. અમારે માટે તો એ આશીર્વાદ રૂપ જ હતું કારણ આ નવા શહેરને રાત્રિના રમ્ય પરિવેશમાં મન ભરીને નિહાળવા મળ્યુ. અહીં પુષ્કળ રેસ્ટોરન્ટ છે. ૪૦ થી પણ વધારે રેસ્ટોરન્ટ શાકાહારી, ગુજરાતી, જૈન ભોજનની સુવિધા આપે છે. ફળ-સૂકા મેવા - સલાડ અને લીલા મરચા સાથે બે શાક-દાળ-ભાત-અથવા પુલાવ - ફરસાણમાં ભજીયા એકાદ મીઠાઈ - દહીં - છાસ.... અહીં મરચા ખાવાની મજા આવી. જરાયે તીખા ન હોય. હિન્દી ફિલ્મોના ગીતોની સાથેના ભોજનના અંતે આઈસ્ક્રીમ પણ ખરો.- અહીંના કોલ્ડ્રીંક વધારે strong. બૂફેની વ્યવસ્થામાં ગોરા-ગુલાબી યુવાનો કાર્યરત હતા.

બીજે દિવસે **ગબાલા** અથવા Qabala જવાનું હતું, અઝરબૈજાનમાં ઉત્તરે આવેલું આ નાનું પણ ખૂબસૂરત શહેર છે. જેને અહીંનુ સ્વીત્ઝલેન્ડ માનવામાં આવે છે. ઉનાળા અને શિયાળામાં બરફની અનેકવિધ રમતો માટે વિશ્વભરના પ્રવાસીઓનું આ માનીતું સ્થળ છે.

ગબાલા જવાની ખૂબ ઉત્સુકતા હતી પણ રાત્રે વરસાદ વરસતો હતો અમને થયું. આ મજાની ટ્રીપ કદાચ અમે નહીં માણી શકીએ પણ સુરખી ભરી સવારે અમારી યાત્રા શરૂ થઈ. રસ્તા પર દૂર સુદૂર સુધી પથરાયેલા ખેતરો અને રસ્તાની સમાંતરે મધ્યમ કદના પાંખા પર્ણો વાળા વૃક્ષો હતા. શરૂઆતમાં તો બાકુ તરફ આવતા વાહનો જોવા મળ્યા પણ આગળ જતા તો આખુંય વિશ્વ અમારે માટે જ... બદામી પહાડો, આછા પીળા પર્ણો વાળા વૃક્ષો, વચ્ચે વચ્ચે ચાર રસ્તાની મધ્યમાં ગોળાકાર પીળા ફૂલોની રંગોળી કરી હોય તેવા ડિવાઈડર, લીલા છાપરા વાળા છૂટા છવાયા નાનકડા ઘર તો કયાંક યુરોપિયન બાંધણી વાળા ઘર દેખાતા હતા - બધા મોટા મકાનો પર બહુધા અઝેરી ભાષામાં નામ લખાયેલા હતા આગળ જતા ઊંચા ઢોળાવ પર કેસરી વૃક્ષશ્રીની આભા નયનરમ્ય લાગતી હતી. બારી પર જામી જતા ઝાકળને વારે વારે સાફ કરીને અનિમેષ પણે આ સૌંદર્યને માણ્યું.

પહાડો પર સરકતી બે કેબલ કારમાં બેસીને ટફનડગ પહોંચ્યા - **ટફનડગ** તેના સહુથી લાંબા કેબલને કારણે, પ્રકૃતિના અપાર ઐશ્વર્યને કારણે અને સ્કીઈંગની રમતને કારણે અત્યંત પ્રસિદ્ધ છે. ભૂખરા પહાડો પર ચાંદીની પરત લગાવી હોય એટલા રૂપેરી દેખાતા હતા. ઝરમરતો વરસાદ બંધ થઈ ગયો હતો, હવામાં શીતળતા હતી. આગલી રાત્રે ને વહેલી સવારે આવેલા વરસાદની ભીનાશ વાતાવરણમાં હતી પણ આકાશ ખુલી ગયુ હતું. નિરભ્ર આકાશમાં ચોમેર ઊંચા બરફથી છવાયેલા પહાડોની વચ્ચે અપૂર્વ શાંતિનો અનુભવ થતો હતો. ઢોળાવ પરના કેસરી રંગના વૃક્ષો ને ખીનમાં ફેલાયેલી વનરાજી... નિતાંત સુખની અનુભૂતિ હતી. પ્રકૃતિના આ અભિરામ સૌંદર્યની સન્મુખ સહુ ચૂપ થઈ ગયા...

બે કલાકનો સમય પસાર થઈ ગયો - ફરી




કેબલકારમાં ગોઠવાયા ત્યાં તો ધુમ્મસની શરૂઆત થઈ ગઈ. બધા વાદળાઓ જાણે ધરતી પર ઉતરી આવ્યા - નીચે પહોંચ્યા ત્યારે કશું જ દશ્યમાન નહોતું થતું - ઠંડો પવન ફૂંકાતો હતો ફોટા પાડવા માટે મોજા કાઢીએ તો આંગળી ઠીંગરાઈ જતી હતી. જલ્દી જલ્દી વાહનમાં ગોઠવાયા.

પ્રકૃતિની સંગે રહેવાની માનવીની અદમ્ય એષણા, તેને પૂર્ણપણે પામવાની, તેના અનવદ્ય રૂપને નિહાળવાની ઝંખના ટેક્નોલોજીના આ અદ્‌ભુત ચમત્કારથી શક્ય બની છે. બરફથી છવાયેલા પહાડોની વચ્ચેથી પસાર થતી વેળાએ સ્વીટ્ઝર્લેન્ડ યાદ આવતું હતું.

Jungfrau જેટલી ઊંચાઈ નહોતી તો પણ... ખરા અર્થમાં લોકો આને અઝરબૈજાનનું સ્વીટ્ઝર્લેન્ડ કહે છે ૩૦૦ કિ.મી. જતા ને ૩૦૦ કિ.મી. આવતા - ૬૦૦ કિ.મી. ની આ યાત્રા અવિસ્મરણીય બની રહી.

હવે વરસાદે ખરેખર વિદાય લીધી - ત્રીજા દિવસની ખુશનુમા સવારે Old City બાકુમાં



ફરવા નીકળ્યા. ૫૦૦૦ વર્ષનો ઈતિહાસ ધરાવતા મેઈડન ટાવર અને રાજા શિરવાન શાહનો મહેલ - ૧૨ મી અને ૧૫મી સદીના સ્મારકો છે. મેઈડન ટાવર અને આ મહેલ વર્લ્ડ હેરિટેજમાં સ્થાન પામ્યા છે. અઝરબૈઝાનની આ વિશિષ્ટ ઓળખ છે. - અઝેરીની કરન્સી પર તથા સરકારી કાગળો પર તેની મુદ્રા જોવા મળે છે. સ્વતંત્ર અઝરબૈજાનની સંસ્કૃતિ તથા રાષ્ટ્રીય વારસાને તે પ્રતિબિંબિત કરે છે - જૂનું બાકુ 'દિવાલોવાળા શહેર' તરીકે પણ ઓળખાય છે. આ વિભાગ ખૂબ રમણીય છે. અહીં કેરવાનશરાઈ, હમામ, મસ્જિદ, મકબરા, કિલ્લા તથા દરવાજાની તસવીરો... મુસ્લિમ શૈલીના સ્થાપત્યની યાદ અપાવે છે. અહીં ૧૨મી અને ચૌદમી સદીના અનેક હમામ મળી આવે છે જે તેના સ્થાપત્યના સૌંદર્યને દર્શાવે છે - ગાલીચા બનાવવામાં નિષ્ણાત લોકો અહીં સોવિનિયેર તરીકે નાનકડી કલાકૃતિઓ રસ્તા પર વેચે છે. જૂના બાકુથી ચાલતા ચાલતા જ નિઝામી સ્ટ્રીટ જવાનું હતું. રોમ કે પેરીસના રસ્તાઓ પર ફરતા હોય તેવું લાગતું હતું. ચોરસ-ચોરસ પથ્થરોથી ચકચકતી ધરા પર એક બાજુ કિલ્લાની રાંગ દેખાય ને બીજી બાજુ ખુલ્લા રેસ્ટોરન્ટ.. રસ્તા પર મહાન વ્યક્તિઓ ને કલાકારોના બાવલા ને ભીંત પર ચિત્રો દોરેલા હતા. રસ્તાઓ સાંકડા - પણ વચ્ચેથી કાર પસાર થઈ જાય... ખુશહાલ પ્રવાસીઓથી આ રસ્તો ભર્યો ભર્યો હતો. નિઝામી સ્ટ્રીટમાં બધી જ બ્રાન્ડેડ વસ્તુઓના શોરૂમ, કોફી અને જ્યૂસના સ્ટોલ્સ, જ્વેલરી અને ફેશનેબલ ડ્રેસીસના શોરૂમ હતા - વચ્ચે વચ્ચે બેસવા માટેની આરામદાયક વ્યવસ્થા... આસપાસ લગભગ કાળા ચકચકતા લેધરના જાકીટ-પેન્ટ અને ફેશનેબલ ટોપીમાં સજ્જ યુવાન યુવતીઓ ને એ જ રીતે ઢબૂરાયેલા નાના ફૂલગુલાબી બાળકો...કોઈની આંખપર ચશ્મા ય જોવા ન મળે... વાતાવરણની શુદ્ધિ અને

ઠંડકનું જ કારણ હશે... વાતાવરણમાં નરી પ્રસન્નતા મળે. કવિ અને શાયરોના પૂરા કદના પૂતળાઓ એક સાથે એક ઈમારતમાં જોવા મળ્યા - શેક્સપિયરનું નગર સ્ટ્રેટફોર્ડ-અપોન-એવોમ યાદ આવી ગયું.

અઝારબૈજાનની મુલાકાતે આવેલા પ્રવાસીઓએ 'ગોબુસ્તાન' તો જોવું જ રહ્યું. બાકુથી ૭૦ કિ.મી. દૂર આવેલું, અહીંની ઐતિહાસિક ઓળખ સમું ગોબુસ્તાન હજારો વર્ષ પહેલાના આદિમાનવના સંકેતો સાચવીને બેઠું છે. પથ્થરો જે રીતે એકબીજા પર ગોઠવાયેલા છે એ જોતા એવું લાગે કે હજારો વર્ષ પહેલા ધરતીકંપને કારણે એકમેક પર પત્થરો પડયા હશે - આદિમાનવ ત્યાં જ રહેતો હશે - એમની પથ્થર પર દોરાયેલી આકૃતિ. પશુપંખીની આકૃતિ, એમના નૃત્યની ઝલક, પથ્થર પર જ અમુક પ્રકારના પથ્થર વગાડીને વગાડાતું સંગીત, પાણી માટે રણદ્વિપમાં કર્યા હોય તેવા ગોળ વીરડા... અતિ પ્રાચીનતાનો અહેસાસ કરાવે છે.

અહીંના **મડ વોલ્કેનો** ગિનીઝ બુક ઑફ વર્લ્ડ રેકોર્ડમાં નોંધાયેલા છે. સમગ્ર વિશ્વના ૮૦૦ જ્વાળામુખીમાંથી ૩૦૦ તો અહીં જ વિસ્તરેલા છે. લગભગ દોઢ કલાકનું અંતર પાર કરવા માટે ખાસ ટેક્સીઓમાં જવાનું હોય છે - દુબઈમાં રેતીના રણમાં જે કુશળતાથી





ડ્રાઈવર ગાડી ચલાવે છે તેવી જ રીતે આ ડ્રાઈવરો રાખોડી માટી પર કુશળતાથી લાંબુ અંતર કાપીને પ્રવાસીઓને પહોંચાડે છે - ગેસ અને તેલના કુદરતી સ્રોત અહીં ધરબાયેલા છે. આ સુષુપ્ત જ્વાળામુખીની રાખોડી માટીના પ્રવાહીમાં દિવાસળી પ્રગટાવો તો આગ ભભૂકે છે - આ માટી ત્વચાના રોગોમાં અક્સીર માનવામાં આવે છે. અહીં આવતા પ્રવાસીઓ ત્વચાના સૌંદર્ય અને સ્નિગ્ધતા વધારવા માટે બોટલો ભરીને પોતાના દેશમાં લઈ જાય છે અમે પણ લઈ આવ્યા....

Yanardag - સળગતા પહાડો... કુદરતી ગેસથી સતત પ્રજ્વલિત રહેતા પહાડ એટલે જ Yanardag

પાંચમા દિવસે **'આતિશગાહ'** - અહીંનું પર્શિયન અને ભારતીય સંસ્કૃતિના સમન્વય સમું અગ્નિમંદિર જોયું : પ્રાચીન કાળમાં અગમ્ય કુદરતી કારણોસર અહીં સતત અગ્નિ બળતો જોઈને આ સ્થળ આસ્થાનું કેન્દ્ર બન્યું હશે. અહીં નાની નાની ઓરડીમાં સંસ્કૃતિનો ઈતિહાસ સચવાયેલો છે - રાજાની વસ્તુઓ - એમના વસ્ત્રો - જીવન શૈલી - પોતાની સુરક્ષા માટે પોતાના જ આવાસમાં ઘોડો ને ગધેડો રાખતા રાજા (મને મુલ્લા નસરુદ્દીનની યાદ આવી ગઈ) રાજાનો એક જ સેવક રાજાની રસોઈ બનાવે... પોતાના પાપની સજા પોતે જ ભોગવતા પાપભીરુ લોકો, બિમાર લાકોને સાજા કરવા માટે ૐ નો મંત્ર બોલતો હકીમ, દેવી દેવતાના કંડારાયેલા ચિત્રોમાં ગણેશ, શંકર ભગવાનની તાંડવ નૃત્ય કરતી મૂર્તિ, સરસ્વતી દેવી દેવનાગરી લિપિમાં લખાયેલા શ્લોકો સંસ્કૃતિના સમન્વયને દર્શાવતા હતા. અહીં જૂના પથ્થરોને સાચવવા માટે પણ ટફન ગ્લાસનું આવરણ રાખવામાં આવ્યું છે.

બાકુના સાંસ્કૃતિક, ઐતિહાસિક, કલાત્મક વારસાને પ્રદર્શિત કરતા અનેક **મ્યુઝિયમ** છે. કાર્પેટ મ્યુઝિયમનો આકાર જ રોલ કરેલી કાર્પેટ જેવો છે. રાજા હૈદરઅલાવીની Signature ના આકારનું Car Museum વિન્ટેજ ગાડીઓના ચાહકોને પ્રસન્ન કરી દે તેવું છે જગતની તમામ શાહી - ઉત્કૃષ્ટ ચકચકતી ગાડીઓ અહીં ખૂબ જતનથી સાચવવામાં આવી છે. બાકુની ઈમારતોની વિશેષતાઓને કારણે તેને પૂર્વનું પેરીસ ગણવામાં આવે છે. ખરેખર તો ૨૦૦૦ ના દાયકાની શરૂઆતમાં આકર્ષક ઈમારતોનું કામ શરૂ થયુ. આર્થિક વિકાસ થતો ગયો તેમ તેમ જૂની ઈમારતોને તોડીને નવી ઈમારતો બનવા લાગી. આખા શહેરમાં વર્લ્ડ ક્લાસ એન્જિનિયરોએ કાચની પેનલો વાળા અવનવા આકારના અદ્ભુત આર્કીટેક્ચર વાળા મકાનો બાંધ્યા છે. અઝરબૈજાન ટાવર, હૈદરઅલિયેવ સાંસ્કૃતિક કેન્દ્ર, ફ્લેઈમ ટાવર્સ, બાકુ ક્રિસ્ટલ હોલ.....વિ. આને કારણે આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે





બાકુની નોંધ લેવાઈ. ડિસ્કવરી ચેનલે પણ બાકુના extreme engineering ની નોંધ લીધી છે.

અહીંની **ફળોની માર્કેટ**માં જવાનું પણ આકર્ષણ હતુ. સૂકા મેવા માટે આ વિસ્તાર પ્રખ્યાત છે મોટા મોટા ફળો-ખાસ કરીને દાડમ અહીંનું પવિત્ર ફળ માનવામાં આવે છે. દાડમ, સફરજન, સંતરા, મોસંબી, કેળા, ઉત્તમ શાકભાજી, સુકા મેવા, ચા, મધ, મરી મસાલાની દુકાનોના બહુ જ બધા સ્ટોલ અહીં જોવા મળ્યા. ફળોની અને સૂકા મેવાની સજાવટ ધ્યાનાકર્ષક હતી. આપણે ભારતીય લોકો વસ્તુ ખરીદવામાં ભાવતાલ કરીએ કર્યા પછી ન પણ લઈએ ને ક્યારેક એકની સાથે ભાવતાલ કરીને બીજા પાસેથી પણ લઈએ પણ વેપારીઓના ચહેરા પ્રસન્ન-કોઈ નારાજગી નહીં, ભાંગ્યુ તૂટ્યુ અંગ્રેજી ને સરસ હિન્દી બોલતા આ વેપારીઓને પણ હિન્દી ફિલ્મોના ગીતો ને શાહરૂખ ખાનનું વિશેષ આકર્ષણ.

એકવાર તો અમે **ક્રુઝની** સફર કરતા હતા. થોડા ભારતીય લોકોની સાથે વિદેશી પ્રવાસીઓ પણ હતા. એક દંપતીએ આવીને અમને પૂછયું, 'તમે ભારતીય છો ? અમે હા પાડી. તો કહે, એક વિનંતી છે મારી ચૌદ વર્ષની દીકરીનો જન્મદિવસ આવી રહ્યો છે એને ભારત આવવાની ઝંખના છે - ખાસ શાહરૂખ ખાનને મળવા - અમે જાણતા નથી કે એનું સ્વપ્ન અમે પૂર્ણ કરીશુ કે નહીં - પણ તમે - ભારતીય - જો એને જન્મદિવસનો સંદેશ આપશો તો એ ખુશ થઈ જશે - મેં અંગ્રેજીમાં જન્મદિનની શુભેચ્છા આપી તો એમણે હિન્દી ભાષાનો આગ્રહ રાખ્યો. અમે હિન્દીમાં શુભેચ્છા આપી ને જન્મદિવસનું ગીત પણ ગાયું. 'બાર બાર દિન યે આયે....' પેલું દંપતિ ભાવવિભોર થઈ ગયું - Video રેકોર્ડ કર્યો અમારી સાથે ફોટા પડાવ્યા. સરનામાની આપલે કરી. એમને ત્યાં જવાનો આગ્રહ પણ કર્યો. જો કે અમારે માટે તે શક્ય નહોતું.

સહુથી વધુ મજા તો બાકુના **બુલેવાર્ડમાં** ફરવાની આવી. કેસ્પિયન સમુદ્રની સમાંતર-મુંબઈના મરીન લાઈન્સ જેવો ખૂબસૂરત નઝારો... પાકા વિશાળ માર્ગ પર વૃક્ષોની હારમાળા - વચમાં વચમાં જ્યૂસ ને આઈસ્ક્રીમ વેચતી નાની નાની હાટડીઓ-ખુલ્લા રેસ્ટોરાં તો ખરા જ.. ચાલવાના શોખીન લોકોનું માનીતું સ્થળ છે પદયાત્રીઓની અદ્ભુત સહેલ અમે પણ માણી.

આથમતા સૂરજના કિરણો ધરતીને સ્પર્શી રહ્યા હતા. કેસ્પિયન સમુદ્રના કિનારે વિશાળ પરિસરમાં બનાવેલ **'બાકુ આઈ'**ના જાયન્ટ વ્હીલ - મોટા ચકડોળમાં બેસી ગયા. ધીમી ગતિએ ચાલતું હોવાથી સમગ્ર બાકુના નયનરમ્ય પરિવેશને નિહાળવાનું ખૂબ ગમ્યું.

Sky Scrapper થી મંડિત આ શહેરમાં મેટ્રો ટ્રેનમાં પણ પ્રવાસ કર્યો. દસ માળ જેટલું નીચે એસ્કેલેટરથી જવાનું પણ રોમાંચક હતું. અહીં એક એકથી ચડિયાતા વિશાળ, વૈભવી **શોપીંગ મોલ** પ્રવાસીઓને





આકર્ષે છે. બાકુ રેલ્વેસ્ટેશનની બાજુમાં 28th mall માં અમે ગયા. ભરચક વસ્તીથી ધમધમતા વિસ્તારમાં શહેરની મધ્યમાં ૨૫,૦૦૦ ચોરસ ફૂટમાં પાંચ માળમાં વહેંચાયેલા મોલમાં ખરીદી કરવાની મજા પડી. બાકુ પોર્ટમાં તો ૩૦૦ થી પણ વધુ તો બ્રાન્ડેડ કપડાના સ્ટોર્સ છે. દુનિયાભરની શ્રેષ્ઠ વસ્તુઓ અહીં ઉપલબ્ધ છે. અહીંનુ ચલણ મનાત કહેવાય છે. આપણા ૪૦ રૂા. બરાબર ૧ મનાત... અહીં કયાંય ગરીબીનું નામનિશાન જોવા ન મળે... એક વખતનો ખેતીપ્રધાન દેશ આજે અગ્રણી ઉદ્યોગપ્રધાન દેશ બની રહ્યો છે. પ્રાચીન કાળમાં બુરખામાં રહેતી ને લગભગ નિરક્ષર એવી સ્ત્રીઓ આજે વિશ્વમાં સર્વાધિક સાક્ષરતા દર ધરાવે છે અહીંની યુનિવર્સિટીઓમાં જગતભરના વિદ્યાર્થીઓ અભ્યાસ માટે આવે છે. અઝરબેઝાનના તેલનિષ્ણાતો સમગ્ર વિશ્વમાં પંકાય છે - ટેક્નોલોજીના અદ્ભુત આવિષ્કાર સમુ બાકુ અનેક આંતરરાષ્ટ્રીય આયોજનોમાં યજમાન બન્યું છે. ચેસ ચેમ્પિયન ગેરી કાસ્પારોવ, ઈલહામ અલિયેવ, લૅવ લેન્ડાઉ, મીમી આઈકૉન જેવી મહાન હસ્તીઓ માટે બાકુ ગૌરવ અનુભવે છે.

ઐશ્વર્યના ધામ સમું આ શહેર મને મુગ્ધ કરી ગયુ... ✸✸✸



# આનંદોત્સવ

□ આશા વીરેન્દ્ર

દસમા ધોરણમાં ભણતી નેહા આમ તો વર્ષોથી સાઈકલ પર સ્કૂલે આવ-જા કરતી પણ તે દિવસે અચાનક જ આડું કૂતરું આવી ગયું ને એને બચાવવા જતા એ ધડામ કરતી પડી. બંને કોણીઓ છોલાઈ ગઈ, લોહી નીકળવા લાગ્યું ને યુનિફોર્મ ધૂળ ધૂળ થઈ ગયો. એ જેમતેમ ઊભી થવા પ્રયત્ન કરતી હતી ત્યાં એની તરફ એક હાથ લંબાયો અને સાથે જ આવ્યો ઉષ્માસભર અવાજ - ‘મે આય હેલ્પ યુ ?’ નેહાએ જોયું તો એની જ શાળામાં ભણતો યુવક, ઘઉં વર્ણો વાન અને ભાવવાહી આંખો. એને સંકોચ થયો. આમ અજાણ્યાનો હાથ કેવી રીતે પકડાય ? એણે કહ્યું, ‘નો, થેન્ક્સ. હું ધીમે ધીમે મારી જાતે ઊભી થઈ જઈશ.’

બે-ત્રણ વખત પ્રયત્ન કર્યા છતાં ઊભા ન થવાયું ત્યારે ન છૂટકે એણે ધીમું ધીમું મલકી રહેલા યુવક તરફ હાથ લંબાવ્યો. એણે નેહાને ઊભી કરી, આમતેમ પડેલાં પુસ્તકો ભેગાં કરી આપ્યાં અને સાઈકલનું વાંકું વળી ગયેલું ગવન્ડર સરખું કરી આપ્યું.

‘થેન્કયૂ વેરીમચ.’ સંકોચ અને શરમથી ઝૂકેલી આંખે નેહાએ કહ્યું ત્યારે યુવક એકીટસે એના લજ્જાના ભારથી રતુમડા થઈ ગયેલા નમણા ચહેરાને જોઈ રહ્યો હતો.

હવે તો એ વાતને પંદર-સત્તર વર્ષ થઈ ગયાં હશે. વચ્ચેના ગાળામાં કેટકેટલું બની ગયું ? મિલિંદ એમ.બી.એ. થઈ ગયો. નેહાએ એમ.કોમ. કર્યું. જયારે પરણીને જીવનમાં ઠરીઠામ થવાનો વિચાર પાકો કર્યો ત્યારે મિલિંદે પ્રસ્તાવ મૂક્યો, ‘નેહા, મારી સાથે લગ્ન કરવાનું પસંદ કરીશ ?’

‘મિલિંદ, સાચું કહું તો આ મારા મનની જ વાત છે પણ આજ સુધી હું તને જે કહી નથી શકી એ વાત કહી દઉં કે આપણા લગ્નમાં સૌથી મોટો અંતરાય મારી જ્ઞાતિનો આવે એમ છે. અમે ખ્રિસ્તી છીએ.’

બધા અંતરાય પાર કરીને ભલે બંનેએ લગ્ન તો કર્યાં પણ મિલિંદની મમ્મી રોહિણીબહેનની સખત નારાજગી વચ્ચે. રમેશભાઈ થોડા ઉદારમતવાદી ખરા એટલે એમણે આ સંબંધનો ખાસ વિરોધ ન કર્યો. વળી એમણે પત્નીને સમજાવવાની પણ ભરપૂર કોશિશ કરી, ‘રોહિણી, આજે ન્યાત-જાતનાં બંધનો તૂટતાં જાય છે. દુનિયા વિશાળ બનતી જાય છે. આપણાં સંતાનો જેમાં રાજી એમાં આપણે પણ ખુશ રહેવું જોઈએ. ને આપણે હરીફરીને મિલિંદ અને અભિજિત સિવાય બીજું કોણ છે ? અભિ ને એની પત્ની તો છેક દિલ્હી છે. આપણે રહ્યાં અહીં પૂનામાં. અડધી રાત્રે જરૂર પડે તો મિલિંદ ને નેહા જ કામ આવવાનાં છે.’

રોહિણીબહેન વચ્ચે જ તાડૂકી ઊઠતાં, ‘હવે તમે દીકરા-વહુની વકીલાત કરવાનું બંધ કરશો ? તમે ગમે તેટલું કહેશો પણ આ ખ્રિસ્તીની દીકરી મારા ઘરમાં નહીં જોઈએ એટલે નહીં જોઈએ.’

મિલિંદ અને નેહા ભલે આટલા મોટા બંગલાને બદલે નાનકડા ફ્લેટમાં રહેતા હોય પણ નેહા દૂર રહ્યે રહ્યે પણ સાસુ-સસરાની દરેક જરૂરિયાતનું ધ્યાન રાખતી. રોહિણીબહેનની જાણ બહાર રમેશભાઈનો દીકરા-વહુ સાથે સંપર્ક ચાલુ જ હતો અને તેથી જ એક દિવસ સવારના પહોરમાં એમણે ફોન કરવો પડ્યો, ‘મિલિંદ, તારી મમ્મી કાલે દાદરા પરથી પડી ગઈ. હાથે પણ વાગ્યું છે અને પગે તો ફ્રેકચર થયું છે. બે મહિના પગ પ્લાસ્ટરમાં રાખવો પડશે. ત્યાં સુધી પથારીમાં જ રહેવાનું. તમે એમ કરો. ઘર બંધ કરીને રીંકી અને મોન્ટુને લઈને બંગલે જ આવી જાવ.

‘પણ પપ્પા, ત્યાં આવવાનું તો કેવી રીતે ફાવે ? મારે જૉબ પર જવાનું. બાળકોને સ્કૂલ અહીંથી નજીક પડે અને અહીં નેહાના ટ્યૂશન કલાસીસ પણ ચાલે. આ બધું...’ મિલિંદના હાથમાંથી રિસિવર લઈને નેહાએ કહ્યું, ‘પપ્પા, બધું થઈ જશે. તમે જરા ય ચિંતા ન કરશો. પણ હા, ઘર આટોપવા માટે મને અડધો દિવસ જોઈશે. સાંજ સુધીમાં અમે આવી જઈએ તો ચાલશે ?’

‘હા, હા, બેટા, રસોઈ બનાવવા માટે બહેન તો આવે જ છે એટલે ઉતાવળ નથી.’ બીજા દિવસથી અત્યાર સુધી સૂનો લાગતો બંગલો રીંકી ને મોન્ટુની ધબાધબીથી ગાજવા માંડ્યો. રસોઈવાળી બહેન રસોઈ બનાવતી ને રોહિણીબહેન માટે રાખેલી બહેન એમને નવડાવવાં, કપડાં પહેરાવવાં એ બધું કરતી પણ એને રોહિણીબહેનને માથું ઓળી આપવું કેમે કરીને ફાવતું નહોતું. નેહાએ એ કામ તો પોતાના હાથમાં લીધું જ પણ એ સિવાય સાસુજીને સમયે સમયે દવા આપવી, જ્યૂસ આપવો એવી દરેક વાતનું ધ્યાન રાખતી. રોહિણીબહેનને બાળકોના કલબલાટથી ધમધમતું ઘર ગમતું પણ એમણે નેહાના હાથે બનેલી કોઈ ચીજનો સ્વીકાર નહોતો કર્યો. એમને પથારીવશ થયાને અઠવાડિયું થયું ન થયું ત્યાં રસોઈ બનાવનારી બહેનના પતિને હૉસ્પિટલમાં દાખલ કરવા પડ્યા.

હવે ખરી કઠણાઈ શરૂ થઈ. સવારે ચા તો રમેશભાઈએ બનાવી આપી પણ એ આખો દિવસ રોહિણીબહેને ફળાહાર કરીને જ વીતાવ્યો. એક તો આટલી દવાઓ લેવાની ને વળી ભૂખ્યા રહેવાની જીદ. એમની ચિંતામાં સતત નીતરી રહેલી નેહાની આંખો રમેશભાઈના ધ્યાન બહાર નહોતી. રાત્રે સૂવા જતાં પહેલાં તેઓ પત્ની પાસે બેઠા. એમનો હાથ હાથમાં લઈને એમણે કહ્યું, ‘રોહિણી, આ કઈ જાતની હઠ ? કોઈ સ્વાર્થ

વિના જે દીકરી તારી મન મૂકીને સેવા કરે છે, એને જ હડધૂત કરવાની? આ જ સમય છે, વડીલ તરીકેની તારી સમજદારી બતાવવાનો. ધર્મ, જ્ઞાતિ ને આભડછેટનું ભૂત મગજમાંથી કાઢી નાખ તો તું પણ સુખી થશે ને આપણું ઘર નંદનવન બની જશે.'

આખી રાત રોહિણીબહેને પડખાં ઘસીને કાઢી. મનમાં વિચારોનું તુમુલ યુદ્ધ ચાલતું હતું. નેહાનો નિર્દોષ ચહેરો વારંવાર નજર સામે આવીને એમને પૂછતો હતો, 'મારો શું વાંક છે? મને તમારી દીકરી નહીં બનાવો?'

સવારે એમણે બૂમ પાડીને કહ્યું, 'નેહા, આઠ વાગવા આવ્યા. મને ચા ક્યારે મળવાની છે? ને સાથે કંઈક નાસ્તો પણ લેતી આવજે.'

ચા-નાસ્તાની ટ્રે લઈને ગયેલી નેહાની લાલ આંખો તરફ જોતાં એમણે કહ્યું, 'ચાલ, હવે રડવાનું છોડીને મને તારે હાથે ચા પીવડાવ. ને હા, આજે તારાં મમ્મી-પપ્પા, ભાઈ-ભાભી બધાને જમવા બોલાવજે. કારણ પૂછે તો કહેજે કે, અમારે ઘરે આજે આનંદોત્સવ છે. બધાં ભેગાં મળીને ઊજવીશું.' નેહા રોહિણીબહેનને ગળે વળગી પડી.

✶ ✶ ✶

# લક્ષ્મીના પગલાં ...



નાનકડી એવી વાર્તા છે. સાંજના સમયે, એક છોકરો ચપ્પલની દુકાનમાં જાય છે. ટિપિકલ ગામડામાંનો. આ નક્કી માર્કેટિંગવાળો હશે,એવોજ હતો પણ બોલવામાં સહેજ ગામડાની બોલી હતી પણ એકદમ કોન્ફિડન્ટ.

૨૨-૨૩ વર્ષનો હશે.

દુકાનદારનું પહેલા તો ધ્યાન પગ આગળ જ જાય. એના પગમાં લેધરના બુટ હતા એ પણ એકદમ ચકાચક પોલિશ કરેલા...

દુકાનદાર - શુ મદદ કરું આપની... ?

છોકરો - મારી મા માટે ચપ્પલ જોઈએ છે સારી અને ટકાઉ આપજો..

દુકાનદાર - એ આવ્યા છે? એમના પગનું માપ..?

છોકરાએ વોલેટ બહાર કાઢી એમાંથી ચાર ઘડી કરેલ એક કાગળ કાઢ્યો. એ કાગળ પર પેન થી બે પગલાં દોર્યા હતા.

દુકાનદાર- અરે મને પગના માપનો નંબર આપત તોય ચાલત...!

એમ જ એ છોકરો એકદમ બાંધ ફૂટે એમ બોલવા લાગ્યો 'શેનું માપ આપું સાહેબ'..?

મારી માએ આખી જિંદગીમાં ક્યારેય ચપ્પલ પહેર્યા નથી. મારી મા શેરડી તોડવાવાળી મજૂર હતી.

કાંટામાં ક્યાંય પણ જાતી. વગર ચપ્પલની ઢોર હમાલી અને મહેનત કરી અમને શિખાવ્યું. હું ભણ્યો અને નોકરીએ લાગ્યો. આજે પહેલો પગાર મળ્યો. દિવાળીમાં ગામડે જાઉં છું. મા માટે શું લઈ જાઉં..? આ પ્રશ્ન જ નથી આવતો. મારા કેટલાં વર્ષોનું સપનું હતું કે મારા પહેલા પગારમાંથી મા માટે હું ચપ્પલ લઈશ.

દુકાનદારે સારી અને ટકવાવાળી ચપ્પલ દેખાડી અને કીધું આઠશો રૂ. ની છે. છોકરાએ કીધું ચાલશે. એવી તૈયારી એ કરીને જ આવ્યો હતો.

દુકાનદાર - એમ જ પૂછું છું કેટલો પગાર છે તને.

છોકરો - હમણાં તો બાર હજાર છે રહેવાનું, ખાવાનું પકડીને સાત-આઠ હજાર ખર્ચો થાય. બે-ત્રણ હજાર મા ને મોકલાવું છું

દુકાનદાર - અરે તો આ આઠશો રૂ. થોડાક વધારે થાશે.

છોકરાએ દુકાનદારને અધવચ્ચે જ રોકયો અને બોલ્યો રહેવા ઘો ચાલશે. દુકાનદારે બોક્સ પેક કર્યું. છોકરાએ પૈસા આપ્યા અને બહુ જ ખુશ થઈને બહાર નીકળ્યો.

મોંઘું શું, એ ચપ્પલની કોઈ કિંમત થાય એમ જ નહોતી.

પણ દુકાનદારના મનમાં શું આવ્યું કોને ખબર. છોકરાને અવાજ આપ્યો અને થોભવાનું કીધું. દુકાનદારે હજી એક બોક્સ છોકરાના હાથમાં આપ્યો.

અને દુકાનદાર બોલ્યો 'આ ચપ્પલમા ને કહેજે કે તારા ભાઈ તરફથી ભેટ છે'. પહેલી ચપ્પલ ખરાબ થઈ જાય તો બીજી વાપરવાની. તારી માને કહેજે કે હવે વગર ચપ્પલનું નહીં ફરવાનું અને આ ભેટ માટે ના પણ નથી કહેવાનું.

દુકાનદાર અને એ છોકરાના એમ બેવની આંખોમાં પાણી ભરાઈ ગયા. શું નામ છે તારા મા નું.? દુકાનદારે પૂછ્યું. 'લક્ષ્મી' એટલું જ બોલ્યો.

દુકાનદાર તરત જ બોલ્યો મારા જય શ્રીકૃષ્ણ કહેજે એમને અને એક વસ્તુ આપીશ મને..? પગલાં દોરેલો પેલો કાગળ જોઈએ છે મને...!

એ છોકરો પેલો કાગળ દુકાનદારના હાથમાં દઈને ખુશ થઈ નીકળી ગયો. પેલો ઘડીદાર કાગળ દુકાનદારે દુકાનના મંદિરમાં રાખી દીધો. દુકાનના મંદિરમાં રાખેલ એ કાગળ દુકાનદારની દીકરીએ જોયો અને પૂછ્યું, બાપુજી આ શું છે...?

દુકાનદારે એક લાંબો શ્વાસ લીધો અને દીકરી ને બોલ્યો 'લક્ષ્મી ના પગલાં' છે બેટા. એક સાચા ભક્તે દોરેલા છે. આનાથી બરકત મળે ધંધામાં.

દીકરીએ, દુકાનદારે અને બધાએજ એ પગલાને ભાવભક્તિ સાથે નમન કર્યું...!

✶ ✶ ✶

# સદ્ગૃહસ્થો !



□ ગિરીશ ગણાત્રા

ત્રણેય મિત્રોનો લગભગ એ જ રોજિંદો ક્રમ.

રાત્રે સાડા અગિયાર કે બાર થાય, એટલે બધા એક ઠેકાણે મળે. આ 'એક ઠેકાણું' એટલે કૉલેજ-હોસ્ટેલના મેદાનમાં આવેલો પાણીની ટાંકીનો મોટો ઓટલો. એક મિત્ર શહેરમાં રહે. બીજા બે પાસે પાસેની જુદી હોસ્ટેલોમાં. શહેરવાળો મિત્ર એની કાર લઈને આવે. શહેરને છેવાડે આવેલા મેદાનમાં એકાદ કલાક બેસી, લેડીઝ હોસ્ટેલ આગળથી પસાર થાય. હોસ્ટેલની બાજુમાં આવેલી નાનકડી પોસ્ટ ઑફિસના થાંભલે લટકાવેલા લાલ રંગના પોસ્ટના ડબ્બામાં હાથ નાખી જેટલા કાગળો હાથમાં આવે તે લઈને હોસ્ટેલની રૂમ પર જાય ને ત્યાં બેસી નિરાંતે બધા કાગળો વાંચે.

આજે પણ આઠ-દસ કાગળો હાથમાં આવેલા. કયા કાગળો ખોલવા ને કયા ન ખોલવા, એ અનુભવ પરથી નક્કી કરીને ખોલી, વાંચ્યા.

'આ સાલ્લી નીતા પટેલનું સગપણ થઈ ગયું છે એટલે અઠવાડિયે બે વખત લવલેટર લખતી થઈ ગઈ છે...'

'છોડ, છોડ એ કાગળને. એમાં બહુ દમ નહીં હોય. જૂના ફિલ્મી ડાયલોગ ને બે-ત્રણ નવલકથાનાં વાક્યો. એનો પટેલિયો સમજતો હશે કે કેમ... ? બીજો કોનો છે ?'

'વૈજયંતીમાલાનો વહેમ રાખતી પેલી રેખાનો. કોઈ બહેનપણી પરનો કાગળ છે. છે વાંચવા જેવો, યાર, લખે છે : હું તારી જેમ માબાપની પસંદગીવાળો છોકરો હરગીજ પસંદ ન કરું. મારા પોતાના ટેસ્ટ ને આઈડિયોલોજીને અનુરૂપ...'

'તારે ઉમેદવારી કરવી હોય તો કર... આગળ ચાલો...'

'આજના કાગળોમાં કંઈ ખાસ નથી. સેકન્ડ ટર્મ શરૂ થઈ ગઈ ને એવી બધી વાતો છે.'

'કાલે પાછા ડબામાં પધરાવી દેજે.'

'અરે વિજય, આ એક ઈનલેન્ડ છે. પેલી 'સ્કોલરે' લખ્યો લાગે છે.'

'હેં ! પલંગમાં આડો પડેલો વિજય બેઠો થઈ ગયો. 'ખોલ, ખોલ સાલી દાદુ છોકરી છે. હું જો પિક્ચર ઉતારું તો હીરોઈનની ભૂમિકા આ 'સ્કોલર'ને જ આપું.'

'પણ હાથ મૂકવા દે એવી નથી, બેટમજી.' બીજાએ મશ્કરી કરી. 'કૉલેજની ફર્સ્ટ ક્લાસ સ્ટુડન્ટ છે. એ ભલી ને એના લાઈબ્રેરીના થોથાં ભલાં. આ વખતે યુનિવર્સિટીમાં ચોક્કસ નંબર લાવશે...'

જલદી કાગળ ખોલ ને,' વિજયે ઉતાવળથી કહ્યું.

'ખોલું છું, ખોલું છું' બીજાએ કહ્યું, 'પાછો હતો એમ ને એમ ચોંટાડી દેવો પડશે ને ! પણ આ કોઈ લવ લેટર નથી. ઘેર કાગળ લખ્યો છે. સરનામું એના ઘરનું છે, ચાલ હવે વાંચું...'

પેલા વિદ્યાર્થીએ મનમાં ને મનમાં કાગળ વાંચી ગુપચુપ વિજયના હાથમાં એ ઈનલેન્ડ મૂકી દીધું. સિગારેટનો દમ મારતાં વિજયે પણ કાગળ વાંચી જયેન્દ્રને સરકાવી દીધો. જયેન્દ્રે પણ કાગળ વાંચી લીધો.

હવે રૂમમાં શાંતિ પથરાઈ ગઈ.

કોઈ કંઈ બોલ્યું નહિ !

થોડી વારે મૌન તોડી વિજયે કહ્યું :

'યાર, એ આટલી બધી ગરીબ હશે એની ખબર નહીં.'

'હા દોસ્ત, ત્રણ ત્રણ કાગળના જવાબ ભાઈએ આપ્યા નથી એટલે માને લખ્યો છે. યાર, અઠવાડિયામાં ઘરેથી પૈસા નહીં આવે તો ક્યાંક... કાલ તપાસ કરને કૉલેજમાં. ઑફિસ-ક્લાર્ક પરમાર તારો મિત્ર છે ! પૂછી તો જો કે પ્રજ્ઞા મહેતાની ટર્મ-ફી ભરાઈ છે કે નહીં ? એની મેસનું ત્રણ બિલ ચડી ગયું છે તે હવે એકટાણાં ને ઉપવાસ પર ચડી ગઈ છે...'

'યાર, એની પાસે બે-ત્રણ જ સારી સાડીઓ છે એ આજ ખબર પડી !'

'સિમ્પલ કપડાંમાંયે સાલ્લી કેટલી ગોર્જિયર્સ લાગે છે !'

'એની પાસે એકેય ટેક્સ્ટ બુક પણ નથી. લાઈબ્રેરીમાં કેમ ભરાઈ રહે છે એનો ભેદ આજે ખૂલ્યો. ખેર, દોસ્ત, આપણે કંઈ કરવું જોઈએ.'

નીતિને પ્રસ્તાવ મૂક્યો : 'આપણને તો કંઈ વાંધો આવે એવું છે નહીં, આપણા ત્રણેયના બાપાએ કમાય છે ને માગે એટલા પૈસા મળી રહે છે. તો...'

'સ્યોર. વી મસ્ટ ડુ સમથિંગ...'

બીજે દિવસે વિજય બે ટેક્સ્ટ બુક ખરીદી લાવ્યો. એક કવરમાં સો રૂપિયા મૂકી, કવરને ટેક્સ્ટ બુકમાં મૂકી એણે લાઈબ્રેરીના પ્યૂનને બે બુકો હાથમાં આપી કહ્યું :

'જો રામજી, પેલા મિસ મહેતા લાઈબ્રેરીમાં આવે કે આ પકડાવી દેજે. કોણે આપ્યું છે તે કહેતો નહીં. બહુ પૂછે તો કે'જે કે કોઈ વડીલ લાગતા સદ્ગૃહસ્થ આપી ગયા છે, સમજ્યો ? જો, અમારાં નામ દીધાં છે તો... અમારી આબરુ કેવી છે એ તને ક્યાં ખબર નથી ? બસ આટલામાં સમજી જા.'

રામજી આ ત્રણેયને ઓળખતો હતો. પૈસાદાર બાપના બેટા ને વળી 'માથાભારે તત્ત્વો'માં ગણતરી થાય એવા, એટલે રામજી સમજ્યો કે કવરમાં કોઈ લવલેટર મોકલાવ્યો હશે. 'મારા બાપનું શું જાય ?' કહી એણે મિસ મહેતાના હાથમાં બન્ને બુકો પધરાવી દીધી.

પંદરેક દહાડે વળી બીજી ટેક્સ્ટ બુકોનું પાર્સલ ને કવરમાં પૂરતા પૈસા મૂકી, કોઈ બાઈ મારફત પાર્સલ લેડીઝ હોસ્ટેલમાં પ્રજ્ઞાબહેનને પહોંચાડ્યું. કૉલેજની ટર્મ ફી તો ક્યારનીય ભરાઈને એની રસીદ પહોંચાડી દેવાઈ હતી.

આ ગેબી મદદ ક્યાંથી આવે છે એની પ્રજ્ઞાને સમજણ ન પડી. પણ પછીના અઠવાડિયે આના મોં પર તાજગી ને લાલી પથરાયેલી જોઈ ત્રણેય મિત્રો હરખાયા. મિસ પ્રજ્ઞા મહેતાને એમણે કોઈ તકલીફ પડવા ન દીધી.

એક રાત્રે પોસ્ટના ડબામાંથી તફડાવેલા કાગળો વાંચતાં વાંચતાં જયેન્દ્રે કહ્યું :

'પેલી સ્કૉલર' કોઈને કાગળ નથી લખતી કે શું ? હમણાં હમણાં એના કોઈ કાગળો દેખાતા નથી.'

'આ લે તો... અક્ષરો એના જેવા જ લાગે છે...'

'એના જેવા શું. એના જ છે. ઘેર કાગળ લખ્યો છે...વાંચ તો...'

'વાંચવા જેવું કશું જ નથી. કવરમાં માત્ર નાનકડડી ચિઠ્ઠી જેવું છે... વાંચું ? લખે છે કે... 'બા, તે લખ્યું હતું ને કે માતાજી પર શ્રદ્ધા રાખજે. તારી ભીડ ભાંગી જશે. બસ, જે દિવસે તારું પોસ્ટ કાર્ડ મળ્યું એ દિવસે હું સાવ ભાંગી ગઈ હતી. બે દિવસથી તો ખાધું નહોતું. ભૂખ્યા પેટે રાત્રે ઊંઘ ક્યાંથી આવે ? એટલે માતાજીનો જાપ જપતી જપતી ક્યારે આંખ મળી ગઈ તેની ખબર ન પડી... બા. બરાબર બીજે જ દિવસે કોઈ સદગૃહસ્થ તરફથી...

'હા... હા...સાલ્લા આપણે સદગૃહસ્થો બની ગયા ! સાંભળ વિજય, આપણે સદગૃહસ્થો...' ત્રણેય ખડખડાટ હસી પડયા.

'ચાલ દોસ્ત જિંદગીમાં કોઈએ આપણને અજાણ્યે પણ સદગૃહસ્થ કહ્યા ખરા ને ! થઈ જાય એ શિરપાવ બદલ એક બીજું કવર. એની ટર્મ પૂરી થઈ જાય ત્યાં સુધી એની ચિંતા ભાંગી નાખીએ...

—-

બે વર્ષ પછી જયેન્દ્રને એક કાગળ મળ્યો. કાગળમાં માત્ર આટલું જ લખ્યું હતું :

'પ્રિય ભાઈ,

આવતા ગુરુવારે હું તમને મળવા આવીશ.

સવારે નવેક વાગ્યે. તમે ઘરે રહેશો ?

ચોક્કસ મળવું જ છે.

- તમારી વહાલી બહેન.

જયેન્દ્ર વિચારમાં પડી ગયો. આ વળી કઈ બહેન ફૂટી નીકળી ? ન નામ, ન ઠામ. ઠામ જોવા કાગળ પર પોસ્ટ ઓફિસનો કૅન્સલેશન માર્ક તપાસ્યો પણ એ એટલો ખરાબ હતો કે ગામનું નામ જ ન મળે !

પૂરા ચાર દિવસ જયેન્દ્રને એ ચાર લીટીનો કાગળ સતાવતો રહ્યો.

ગુરુવારે સવાર એણે સાત વાગ્યાથી પ્રતીક્ષા કરવી શરૂ કરી દીધી.

આખરે સાડા નવ જ્યારે બંગલાની પોર્ચ પર એણે એક યુવતીને પ્રવેશતી જોઈ કે એ પોર્ચમાં ધસી ગયો. યુવતી પાસે આવી ત્યારે એનાથી બોલાઈ ગયું :

'ઓહ, મિસ મહેતા... તમે ?'

'મિસ મહેતા નહીં, પ્રજ્ઞા કહો. મારો પત્ર તમને મળી ગયેલો ને ?'

'હા... હા... આવો ને અંદર.'

થોડી ખબરઅંતર, કુશળ સમાચાર ને કૉલેજ જીવનની વાતો પર ચા-પાણી પૂરાં થયાં એટલે પ્રજ્ઞાએ કહ્યું :

'ભાઈ અઠવાડિયા પછી મારાં લગ્ન છે. તમને કંકોતરી દેવા આવી છું. બીજા પણ બે ભાઈઓને આ કંકોતરીઓ દેવાની છે, પણ નીતિનભાઈ કે વિજયભાઈનાં મારી પાસે સરનામાં ન હોવાથી તમારી પાસેથી એ પણ



લેવા આવી છું. મેં બાને કહીં દીધું છે કે મારા ત્રણેય ભાઈઓની હાજરી નહિ હોય તો હું લગ્નના માંડવે નહિ બેસું. એટલે જો તમે ના નહિ પાડો તો બેત્રણ દિવસમાં બાને જ તમારી પાસે મોકલી દઇશ...'

અક્સક્યુઝ મી, મિસ મહેતા...' જયેન્દ્રે કહ્યું.

'મિસ મહેતા નહિ, પ્રજ્ઞા....'

'સૉરી, પ્રજ્ઞાબહેન, તમારી કંઈ ભૂલ થતી લાગે છે. હું કબૂલ કરું છું કે આપણે સૌ કૉલેજમાં એક જ બેચમાં સાથે ભણ્યા છીએ પણ આપણી વચ્ચે ક્યારેય, બે શબ્દોય બોલવાનો તો ઠીક પણ સામસામા અભિવાદન કરવાનોય વ્યવહાર નહોતો, એટલે એ સંજોગોમાં આ અચાનક, ભાઈબહેનના સંબંધો કઈ રીતે ફૂટી નીકળ્યા ? તમે હોશિયાર છો, યુનિવર્સિટીમાં બે માર્કે તમારો પહેલો નંબર આવતો અટકી ગયો એ પણ જાણું છું. હવે તમારાં લગ્ન થવાનાં છે એ જાણીને આનંદ થાય છે. એ પ્રસંગે આ ખાસ આગ્રહ કરીને, હું ન આવું તો તમે લગ્ન જ ન કરો, એવા સંબંધો બાંધવા આવ્યાં છો એટલે જરા નવાઈ લાગે છે. અને તમે મારી કૉલેજની આબરુ તો જાણતા જ હશો. કોઈ છોકરી અમને ભાઈ તો ઠીક, મિત્ર બનાવવાય રાજી નહોતી એવે વખતે...'

'ભાઈ, હવે વધુ ન બોલો તો સારું. હૉસ્ટેલ છોડી ત્યારે મારા સગા ભાઈ કરતાંય વધુ મારી કાળજી કોણે કરી હતી, એ જાણ્યા પછી આ શહેર છોડ્યું છે. માતાજીના સોગંદ દેવડાવી રામજી પાસેથી મેં તમારા ત્રણેયનાં નામ મેળવ્યા હતાં. મારી જિંદગીને તમે ઉજાળી છે. તમારી ત્રણેયની સમયસરની મદદ ન મળી હોત તો... એ વિચાર કરતાંય આજે કમકમા છૂટે છે. તમે ત્રણેય ભલે જેવા હોય તેવા, મારા તો સગા ભાઈ કરતાંય વિશેષ છો. બસ મારી જિંદગીને તમે તારી દીધી તો હવે લગ્નના માંડવે માથે હાથ મૂકી નવા જીવનને તારવાના આશીર્વાદ આપવા આવો એવી વિનંતી કરવા આવી છું...ભાઈ, બહેનનું આટલું નહિ કરો ?'...

જયેન્દ્રને જિંદગીમાં પહેલી જ વખત 'સદ્‌ગૃહસ્થ' શબ્દનું ઉંડાણ સમજાયું.

✶✶✶

# પૂનિત પૂજારી

□ કનૈયાલાલ વાઘાણી



ઉદેપુરનું ચત્રભુજનું મંદિર. આ મંદિરમાં એક પૂજારી હતો તેનું નામ દેવો. દેવો સીધો સાદો સરળ માનવી હતો. દેવાના કુટુમ્બમાં અન્ય કોઈ હતું નહીં, પોતે એકલો જીવ. બાળપણથી જ સરળ-સ્વભાવનો અને ઈશ્વર પ્રત્યે ખૂબ ભાવનાવાળો હતો. ભાવતું હતું તે વૈદે કીધું એવું દેવાને બન્યું. એકલો ફક્કડરામ જીવ અને ઉદેપુરના ચત્રભુજના પૂજારી બનવાની તક મળી ગઈ.

દેવો હતો મસ્ત જીવાત્મા. ભગવાનને નવડાવવા, શણગાર ધરાવવા, આરતી ઉતારવી, ભોગ ધરવા એ એને ખૂબ ફાવી ગયું હતું. દેવો તો હતો પ્રભુનો બંદો.

જ્યારે રાત્રે ભગવાનને ટેરો આવી જાય એટલે દોકડ લઈ ભજનિયા લલકારે. ગળાનો સૂર પણ મોહક હતો. સાંભળનારા ડોલી ઊઠતા. દર્શને આવનાર ભાવુકો સાથે પણ સારો મેળ હતો. સૌ કોઈ એના કામથી સંતુષ્ટ રહેતા હતા.

ઉદેપુરના મહારાણાને પણ ચત્રભુજના દર્શને દરરોજ આવવાનો નિયમ હતો. ચત્રભુજનું મંદિર એ રાજ્યમંદિર પણ હતું.

એક દહાડો નિત્યનિયમ પ્રમાણે મહારાણા સમયસર દર્શન કરવા પધાર્યા નહિ. સંધ્યા આરતી થઈ ગઈ તો પણ પધાર્યા નહિ. સેન આરતીની તૈયારી થઈ ગઈ. પૂજારીએ સેન આરતી કરી. ભગવાનને વાઘા બદલાવી સેનની (શયન) તૈયારી થઈ રહી હતી. ચરણામૃત અને પ્રસાદ વહેંચાઈ ગયો હતો. દેવો પૂજારી ટેરો બંધ કરવાની તૈયારી કરી રહ્યો હતો બરોબર આવે ટાંણે ''નીગાં રખ્ખો .......મહેરબાં''ની છડી પોકારાણી. પૂજારીના હાથમાં ટેરો થંભાઈ ગયો. મહારાણા દર્શને પધાર્યા. પૂજારી મૂંઝવણમાં મુકાયા. ચરણામૃત હવે રહ્યું ન હતું, પ્રસાદ પણ ખલાસ થઈ ગયો હતો. ફૂલની માળા તો પોતે ગળામાં પહેરી લીધી હતી.

મહારાણા ભગવાન ચત્રભુજને સાષ્ટાંગ પ્રણામ કરતા હતા તે વખતે પૂજારીએ પોતાના ગળામાંથી ફૂલમાળા કાઢી નાખી. મહારાણા સાષ્ટાંગ પ્રણામ કરીને ઊભા થયા એટલે ફૂલમાળા મહારાણાને આપી.

મહારાણા પણ ખૂબ ચબરાક હતા. તેમણે માળા આમતેમ જોઈ. માળા ભગવાનના કંઠમાંથી સીધી આવી નથી એવી તેમને શંકા પડી. માળા આમતેમ ફેરવીને જોઈ. માળાની અંદર ચાર પાંચ સફેદ વાળ ચોંટયા હતા. માળા પણ ચોળાયેલી હતી. ચબરાક રાણાને સમજતાં વાર ન લાગી.

''પૂજારીજી ! શું ચત્રભુજ ભગવાનને પણ વૃદ્ધાવસ્થા આવી ગઈ ! પ્રભુના વાળ પણ સફેદ થયા હોય એમ લાગે છે.'' મહારાણાએ ટકોર કરી.

દેવો પૂજારી તો બહાવરો બની ગયો. પૂજારી ટોણું સમજી ગયો.

''મહારાજ ! પ્રભુના વાળ ધોળા કેમ ન થાય !''

દેવા પૂજારીના આવા જવાબથી ક્રોધ ચડયો પરંતુ તેમણે જણાવા દીધું નહિ. મહારાણા જતાં જતાં કહેતા ગયા, ''પૂજારીજી ! સફેદ વાળવાળા શ્યામના દર્શને હું સવારમાં વહેલા આવીશ વૃદ્ધ પ્રભુના દર્શન કરી કૃતાર્થ થઈશ.''

દેવાને માથે વીજ પડી. દેવો વિચારમાં ડૂબી ગયો. ''ભારે થઈ છે. ભૂંડી થઈ છે. જેવી મારા ઠાકોરની ઈચ્છા એણે ધાર્યું હશે ઈમ થાશે.''

દેવાના હાથમાં ટેરો એમને એમ રહી ગયો. દેવો તો ચત્રભુજના ચરણોમાં જ બેસી ગયો. દેવાની આંખોમાંથી શ્રાવણ ભાદરવો વરસી રહ્યો હતો. એની આંખમાંથી વહેતા આંસુડાં ચત્રભુજના ચરણો પલાળી રહ્યા હતા. બંધ કરવાનું તો ભુલાઈ જ ગયું.

''પૂજારીજી ! હજુ ટેરા બંધ કેમ નથી કર્યા ? દ્વાર બંધ કરું ને !'' બહારથી ચોકીદારે બૂમ પાડી.

''હા ભાઈ, બંધ કરો.'' પૂજારીએ જવાબ આપ્યો.

પૂજારી તો ચત્રભુજના ચરણોમાં ઢળી પડ્યો હતો. ભગવાનને આરઝૂ કરી રહ્યો હતો ''બાપ ! મારા રામ ! આજની રાત તારા ચરણો સેવી લઉં. મારા રામ ! આ દીન દાસના ગના માફ કરજો. તારા સેવકની ભાળ લેજે. પ્રભુ ! હવે તો તારા ચરણોમાં સમાવી દે.''

દેવા ભગત તો પ્રભુના ચરણોમાં જ પડી રહ્યો હતો. સમયનું પણ તેને ભાન રહ્યું ન હતું. પ્રાગડ વાહ્યું, કૂકડો બોલ્યો, મંગળા આરતીનો સમય થવા આવ્યો હતો.

પૂજારીજી ઉઠ્યા નાહ્યા ધોયા. આરતીની તૈયારી કરી. પૂજારીજીની આંખો રડી રડીને લાલઘૂમ બની ગઈ હતી. નીચું મુખ રાખી આરતી કરી રહ્યો હતો. પ્રભુની મૂર્તિ સામે જોવાની હિંમત કરતો ન હતો.

આરતીના સમયે દર્શનાર્થીઓ આવી પહોંચ્યા હતા. તેઓએ ચત્રભુજના મુખકમળ સામે જોયું તો મૂર્તિના વાળ સફેદ હતા. ભગવાનની મૂર્તિના મુખ ઉપર કરચલીઓ દેખાતી હતી. દર્શનાર્થીઓ તાજુબ થયા. ભગવાનના વાળ સફેદ જોઈ સૌ દીગમૂઢ બની ગયા.

આરતી થઈ રહી કે પૂજારી પ્રભુના ચરણોમાં

પડી ગયા. બરોબર આ સમયે ''નીગા રખ્ખો... મહેરબાં''ની છડીનો પોકાર થયો. મહારાણા દર્શને પધાર્યા. લોકો આઘા ખસી ગયા, મહારાણાને માર્ગ કરી આપ્યો.

મહારાણાએ મૂર્તિ સામે દૃષ્ટિ કરી. ચત્રભુજના વાળ સફેદ હતા. મહારાણાએ પૂજારીનો તાગ લેવા નિશ્ચય કર્યો હતો. તેને લાગ્યું કે પૂજારીએ કરામત કરી છે, છેતરવાનો પ્રયત્ન કર્યો છે. રાજવીની રાજહઠ હતી. પૂજારીએ કરેલી કરામત ઉઘાડી પાડી બધા પ્રજાજનો વચ્ચે પૂજારીને ઉઘાડો પાડી દઉં.

મંદિરમાં શું બની રહ્યું છે તેનો ખ્યાલ બાપડા પૂજારીને હતો નહિ. એ તો ભગવાન ચત્રભુજના ચરણોમાં બેભાન પડયો હતો.

મહારાણા મૂર્તિ પાસે ધસી ગયા. મૂર્તિના મસ્તક પરનો એક સફેદ વાળ લેવા પ્રયત્ન કર્યો પણ વાળ નીકળ્યો નહિ. જરા વધારે જોર કરીને વાળ ખેંચ્યો પરન્તુ ન નીકળ્યો. મહારાણાએ જોરથી વાળ ખેંચ્યો એટલે સીસકારો સંભળાયો એટલું જ નહીં પણ મૂર્તિની આંખો મીચાણી અને મોં મચકાણું. મસ્તક ઉપરથી જ્યાંથી વાળ ખેંચાયો તો ત્યાં લોહીનો ટેસીયો દેખાયો. એટલું જ નહિં પણ લોહી ઊડીને મહારાણાના વસ્ત્ર ઉપર પડ્યું. મૂર્તિ ધ્રૂજી ઊઠી.

મંદિરમાં હાહાકાર થઈ ગયો. મહારાણા ધ્રૂજી ઉઠયા અને બેશુદ્ધ થઈને પડી ગયા. લોકો દોડાદોડી કરવા લાગ્યા. મહારાણાને શુદ્ધિમાં લાવવાના યત્નો કરવા લાગ્યા. રાજવૈદને તેડાવવામાં આવ્યા. અનેક ઉપચારો કરીને મહારાણા તથા પૂજારીને શુદ્ધિમાં લાવવામાં આવ્યા.

મહારાણા શુદ્ધિમાં આવ્યા અને પુનિત પૂજારીના ચરણોમાં પડી ગયા. ''ભગવાન! મારો અપરાધ ક્ષમા કરો. તમારી અનન્ય શ્રદ્ધા અને ભક્તિને ધન્ય છે. અજર પ્રભુ પણ જરાવાન બન્યા. મારી સત્તાના મદે હું ભાન ભૂલ્યો અને ન કરવાનું કરી બેઠો. ભગત! મને ક્ષમા કરો.''

''રાજન્! ગુનો તો મારો છે. એ ફૂલની માળા મેં પહેરી હતી, હું અસત્યનો સાથી બન્યો, મેં કહ્યું કે પ્રભુ વૃદ્ધ બન્યા છે પણ એ શ્યામે મારી આબરૂ રાખી આ પાપી રંક દાસ ખાતર વૃદ્ધ બન્યો. એ કેવો દયાળું છે? અજર પણ જરાવાન બન્યો. ક્ષમા તો આપે કરવાની છે. મારો શ્યામ કેવો કૃપાળું છે!''

પૂનિત પૂજારીની શ્રદ્ધા ઉપર સૌ દંગ થયા. પૂજારીની પત રાખવા અજર પ્રભુ જરાવાન બન્યા, સૌ કહેવા લાગ્યા, ''પ્રભુ, તારી ભક્તવત્સલતા અજબ છે. દિનદયાળ! તારાની પત તું રાખણહારો છો.''

મહારાણા પ્રભુને પ્રણામ કરીને મંદિરમાંથી ચાલ્યા ગયા. આ ઘટના બન્યા પછી કદી મંદિરમાં આવ્યા જ નહિ.

આ ઘટના બન્યા પછી ઉદેપુરના રાજવંશમાં એવી પ્રથા પડી ગઈ છે કે ઉદેપુરની ગાદી ઉપર બિરાજતો માનવી ચત્રભુજના મંદિરમાં દર્શન કરવા આવતો નથી. રાજવી જ્યાં સુધી યુવરાજ પદે હોય ત્યાં સુધી જ ચત્રભુજના દર્શને આવી શકે છે પરન્તુ રાજતિલક થયા બાદ ચત્રભુજના મંદિરે દર્શન કરવા આવી શકતો નથી. ✱✱✱

## ટીપ



એ ટેબલ ઉપર વાનગીની ટ્રે લઈને આવેલો સુખદેવ ટેબલ પરના મહેમાનો જોઈને હેબતાઈ ગયો. સહેજે પચીસ-વર્ષ પછી આ ચહેરાઓને જોઈ રહ્યો હતો. પેલા ચાર જણ કદાચ એને ઓળખ્યા ન હતા કે પછી ઓળખવા માંગતા ન હતા. ચારમાંથી બે મોબાઈલ પર વ્યસ્ત હતા અને બાકીના બે લેપટોપ પર કદાચ હમણાં જ થયેલી ડીલના આંકડા ગણી રહ્યા હતા. સ્કૂલના મિત્રો ઘણા આગળ વધી ગયા હતા અને પોતે કૉલેજ સુધી પણ પહોંચ્યો ન હતો. વચ્ચે બે-ત્રણ વાર ટેબલ પર જવાનું થયું, પણ સુખદેવે સિફતથી પોતાની નેમ પ્લેટ છુપાવીને વાનગી સર્વ કરી.

ચારે બિઝનેસમેન ડિનર પતાવીને નીકળી ગયા. 'હવે પાછા અહીં ક્યારેય ન આવે તો સારું.' પોતાની નિષ્ફળતાને કારણે શાળાકાળના મિત્રો સાથે ઓળખાણ તાજી કરતાં સુખદેવને ભારે સંકોચ થયો હતો. 'સુખદેવ, ટેબલ ક્લીન કરી નાખ. ત્રણ હજારનું બિલ અને સાલાઓએ એક પૈસો પણ ટીપમાં નથી મૂક્યો.' મેનેજર બબડતો હતો.

ટેબલ સાફ કરતા સુખદેવે ટેબલ પર પડેલો પેપર નેપ્કિન ઉપાડ્યો. બિઝનેસ ચલાવતા લોકોએ પેનથી કદાચ પેપર નેપ્કિન પર પણ આંકડા માંડ્યા હતા. ફેંકી દેતા પહેલાં એનાથી પેપર નેપ્કિન તરફ જોવાઈ ગયું.

'તને ટીપ આપતાં જીવ ચાલ્યો નહીં સુખા, આ હોટેલ પાસે જ ફેક્ટરી લીધી છે, એટલે અહીં આવવા જવાનું તો થતું રહેશે. તું અમારી સાથે જમતો ન હોય અને અમારે માટે જમવાનું લાવતો હોય એ કેવું લાગે? આપણે તો નાસ્તાના એક જ ડબ્બામાંથી ભાગ પડાવતા. આજે આ નોકરીનો તારો છેલ્લો દિવસ, ફેક્ટરીનો કાફેટેરિયા કોઈએ તો ચલાવવો પડશેને? લિ. નવચેતન સ્કૂલના નામચીનો. નીચે ફેક્ટરીનું નામ અને ફોન નંબર લખેલા હતા. અત્યાર સુધીમાં મળેલી સૌથી મોટી ટીપને સુખદેવે ચૂમીને છાતી સરસી ચાંપીને ખિસ્સામાં મૂકી દીધી.'

**હેમલ વૈષ્ણવ**

# સમાચાર સંકલન

### પૂ. ધીરજમુનિ મ.સા. ની નિશ્રામાં વિલેપાર્લેમાં વૈયાવચ્ચ અર્થે મહેતા પરિવારનું ૫૧ લાખનું અનુદાન

શ્રી વિલેપાર્લે સ્થાનકવાસી જૈન સંઘ, વિરાણી ધર્મસ્થાનક ખાતે પૂ. ગુરુદેવ શ્રી ધીરજમુનિ મ.સા.ની નિશ્રામાં પાલનપુર નિવાસી, સેવાભાવી સ્વ. સુમતિબેન રમેશભાઈ વાડીલાલ મહેતાની સ્મૃતિમાં મોક્ષમાર્ગ પ્રેરક - શ્રી નિર્ગ્રંથ ગુરુ ભગવંત સેવા સંસ્થાન નામકરણ યોજનામાં રૂા. ૫૧ લાખનું માતબર અને પ્રથમ જ વાર અનુદાન મળતાં સંઘમાં અનેરો ઉમંગ છવાયો હતો. કાયમી અનુમોદક દાતા શ્રેણીમાં શ્રી ચંદુભાઈ દોશીએ એક લાખનું દાન અર્પણ કરી શુભારંભ કરતાં હર્ષ છવાયો હતો. મહેતા પરિવારના જ્યોત્સ્નાબેન મહેતા, નમિતાબેનનું સન્માન કરાયા બાદ તક્તી અનાવરણવિધિ સંપન્ન થયેલ.

### પૂ. ધીરગુરુદેવની નિશ્રામાં નવદીક્ષિત પૂ. રત્નજ્યોતજી મહાસતીજીની દીક્ષા પ્રસંગે જ્ઞાનદાનમાં લાખોનું અનુદાન : શનિવારે વડી દીક્ષા સંપન્ન

શ્રી ઘાટકોપર જૈન મોટા સંઘમાં પૂ. શ્રી ધીરગુરુદેવના હસ્તે પલકબેન દોશી કરેમિભંતે ! દીક્ષા મંત્ર બાદ ગોંડલ સંપ્રદાયના ૨૨૮મા ક્રમાંકે નવદીક્ષિત બા.બ્ર.પૂ. રત્નજ્યોતજી મ.સ. ઘોષિત કરાતાં હજારો ભાવિકોએ જયનાદ કરેલ. આ પ્રસંગે દેશવિદેશના ભાવિકો તેમ જ અમેરિકા, મસ્કત, કોલકાતા, જલગાંવ, રાયપુર, રાજકોટ વગેરે અને બૃહદ્ મુંબઈના સંઘો તેમ જ પૂ. મનોહરમુનિ મ.સા., પૂ. વિમલમુનિ મ.સા., પૂ. ધનેશચંદ્રજી મ.સા., પૂ. જયેશમુનિજી મ.સા. સહિત ૧૧ સંતો અને ૭૧ મહાસતીજી બિરાજિત હતાં.

ઘાટકોપર સંઘ સંચાલિત શ્રમણી વિદ્યાપીઠમાં ૪૦૦થી વધુ સંત-સતીજીઓ, વૈરાગી અભ્યાસ કરી ગયા છે અને હજી અભ્યાસરત છે. જ્ઞાનદાતા યોજનામાં રૂપિયા ૧ લાખ અને ૫૧ હજારની યોજનામાં અનેક દાતાઓ, સંઘો તેમ જ દીક્ષાર્થીના પ્રતીકોનો ચડાવો અસ્મીતા હિતેશ જસાણી, સરોજબેન બકુલભાઈ મહેતા, પારૂલ ઉર્વિશ વોરા, નયનાબેન રૂપાણી, મીલી જીગર શેઠ, દક્ષાબેન કામદાર અને મીનાબેન લાખાણી, ગુલાબચંદજી કોઠારી, રમાબેન સી. દફતરી વગેરેએ લાભ લીધેલ. માલિનીબેન સંઘવી, શકુંતલાબેન મહેતા, અમીષાબેન વોરાએ નગરસેવિકાઓનું સન્માન કરેલ. દીક્ષા મહોત્સવના મુખ્ય લાભાર્થી કુમુદબેન એમ. દોશી, નલિનીબેન પ્રસનભાઈ ટોલીયાનું સન્માન કરેલ.

### શ્રમણી વિદ્યાપીઠને લાખોનું દાન

શ્રી ઘાટકોપર સ્થા. જૈન મોટા સંઘ, હિંગવાલા લેન સંચાલિત શ્રમણી વિદ્યાપીઠમાં ૧૯૭૦થી આજ સુધીમાં ૪૫૦ જેટલા સંત-સતીજી-વૈરાગી પાંચ વર્ષનો અભ્યાસ કરી ચૂક્યા છે. હાલમાં મહાસતીજીઓ જ્ઞાનાભ્યાસ કરી રહેલ છે. શ્રમણી વિદ્યાપીઠના જ્ઞાનદાતા યોજના નામકરણમાં શ્રી કિશોરભાઈ ભીમજીભાઈ સંઘવી પરિવાર તરફથી રૂા. ૨૫ લાખનું અનુદાન પ્રાપ્ત થતાં માલિનીબેન, ઉમેશભાઈ, પર્લી-કેતન, વિનસ, બ્રુનેલના હસ્તે તક્તી અનાવરણ વિધિ યોજાયેલ. આ પ્રસંગે કાયમી અનુમોદક દાતા શ્રેણી રૂા. ૧ લાખ અને પ્રેરકદાતા શ્રેણી રૂા. ૫૧ હજારમાં ભાવિકો તેમ જ સંઘો જોડાયા હતા. માતુશ્રી નલિનીબેન મહેન્દ્રભાઈ દોશીએ ૫ લાખ જાહેર કરી સહુનો ઉમંગ વધાર્યો હતો. પૂ. શ્રી ધીરજમુનિ મ.સા. એ જ્ઞાનદાનની પ્રવૃત્તિને વેગવાન બનાવવા સહુને અનુરોધ કરેલ. વિલેપાર્લેમાં કાયમી વૈયાવચ્ચમાં સેવાભાવી સુમતિબેન રમેશભાઈ મહેતા પાલનપુરવાળા પરિવારે રૂા. ૫૧ લાખનું અનુદાન અર્પણ કરતાં તક્તી અનાવરણ વિધિ જ્યોત્સ્નાબેન મહેતા તથા શકુંતલાબેન મહેતાએ કરેલ.

### શ્રી વર્ધમાન સ્થા. જૈન શ્રાવક સંઘ – મહાવીરનગર – કાંદિવલી

બોટાદ સંપ્રદાયના ગુરુભગવંતો પૂ. માણેકગુરુ, શિતગુરુ, નૂતનગુરુ, અમીગુરુ-શૈલેષગુરુ ની અનહદ કૃપા થકી પૂ. શ્રી જયેશચંદ્રજી મ.સા. ના સુશિષ્ય પૂ. સુપાર્શ્વચંદ્રજી મ.સા. ના પી.એચડી ના અભ્યાસની મંગલ પૂર્ણાહુતિના અવસરે ડૉક્ટરેટ પદવીનો અભિવાદન અવસર તથા પી.એચ.ડી મહાનિબંધ ગ્રંથરૂપે પ્રકાશિત 'કલ્યાણમંદિર સ્તોત્ર : એક અધ્યયન' - પુસ્તકના વિમોચનનો મંગલમય પ્રસંગ મહાવીરનગર સંઘને આંગણે રવિવાર તા. ૮-૧૨-૨૦૧૯ ની સવારે યોજાયો હતો.

બોટાદ સંપ્રદાય અને સમગ્ર જૈન સમાજના આ ગૌરવપૂર્ણ પ્રસંગે ગુરુદેવ પૂ. શ્રી જયેશચંદ્રજી મહારાજ સા. આદિ ઠાણા -૨, પૂ. રસીલાબાઈ મ.સ., પૂ. શ્રી ગુણવંતીબાઈ મ.સા. આદિ ઠાણા-૫, લીંબડી ગોપાલ સંપ્રદાયના પૂ. નિરુપમાબાઈ મ.સા. આદિ ઠા-૧૨ ની ઉપસ્થિતિ હતી. ઉપાશ્રયના મુખ્ય દાતા શ્રી જશુભાઈ ટુવાવાળા, મુંબઈના ગારોડિયા સંઘ, હિંગવાલા સંઘ, રાજાવાડી સંઘ, વિલેપાર્લા સંઘ, કાંદિવલી, બોરીવલી, દહિંસર, મીરા રોડ, ભાયંદર તમામ સંઘોના પદાધિકારીઓએ શોભામાં અભિવૃદ્ધિ કરી હતી. મુંબઈ યુનિ. પ્રાધ્યાપક ડૉ. ઉર્વશીબેન પંડ્યા, ડૉ. અભયભાઈ દોશી અને આ અભ્યાસમાં સતત સ્નેહપૂર્ણ સહયોગ આપનારા શ્રી યોગેશભાઈ બાવીશી, સુરેશભાઈ પંચમિયા, શ્રી નિલેશભાઈ ગોસલિયા તથા અનેક ગુરુભક્તોએ ઉત્સાહભેર આ પ્રસંગને દીપાવ્યો હતો.

મહાવીરનગર -કાંદિવલી સંઘના પ્રમુખ શ્રી અનિલભાઈ સંઘવીની અનુપસ્થિતિમાં મંત્રીશ્રી હર્ષદભાઈએ સમગ્ર કાર્યક્રમનું કુશળ સંચાલન કર્યુ હતું. મંત્રીશ્રી ચેતનભાઈ ગોસલિયા તથા સમગ્ર કારોબારી કમિટી તેમ જ ચંદનબાળા મહિલામંડળની બહેનોએ પ્રસંગને સંપન્ન કરવા માટે જહેમત ઉઠાવી હતી.

શ્રુતજ્ઞાનના અભિવાદનના આ અવસરે ગુરુભગવંતોના આશીર્વચન, યુવા ઉત્સાહી સુપાર્શ્વચંદ્રજી મ.સા. નું વક્તવ્ય ભક્તોને ભાવવિભોર કરી ગયું.

મહાવીરનગર સંઘને આ સુકૃત્યની અનુમોદનાનો લાભ મળ્યો તે બદલ સંઘે ખૂબ ખૂબ પ્રસન્નતા વ્યક્ત કરી હતી. આ પ્રસંગે ત્રણ લાખ રૂા. નું જીવદયા ફંડ એકત્રિત કરવામાં આવ્યું હતું.

**વિશ્વ જૈન જનગણના**

પૂરા વિશ્વમાં જૈનોની વસ્તીગણતરી થઈ રહી છે. આ માટે વિશ્વ જૈન જનગણનાનું ફોર્મ કુટુંબ (રસોડા) દીઠ એક ભરવાનું છે. સમગ્ર જૈનોની વસ્તીનો આંકડો સરકાર આગળ ખોટો છે તેથી પૂરા વિશ્વના જૈનોની જનગણના ફીરકાના ભેદભાવ વગર થઈ રહી છે. ઝાલાવાડી સભા આ અભિયાનમાં સારો સપોર્ટ - ટેકો આપી શકો છે.

www.jainganana.org અથવા support@jainjanganana.org પરથી ફોર્મ મેળવી શકશો.

**શાહ પ્રવીણચંદ્ર હરજીવનદાસ, મુંબઈ**

## ચાર વૃદ્ધ

એક સવારે એક સ્ત્રીએ ઘરનું બારણું ખોલી જોયું તો ફળિયામાં બે વૃદ્ધ સ્ત્રી અને દાઢીવાળા બે પુરુષ બેઠા હતા. બાઈને અજાણ્યાની બીક લાગી, પણ હિંમત કરી પાસે જઈ પૂછ્યું : ''માફ કરજો વડીલો ! મેં તમને ઓળખ્યા નહીં. કોઈ કામ અંગે આવ્યા હો તો બોલો. વિશ્રામ કરવો હોય તો ઘરમાં પધારો - આરામ, ભોજનની વ્યવસ્થા કરીશ.''

''બેટા ! તારી વાતથી આનંદ થયો, પણ તારા ઘરવાળા-ઘરના માલિક હાજર છે ?'' - એ ચારમાંથી સફેદ દાઢીવાળા વૃદ્ધે પૂછ્યું. ''ના દાદા, સવારથી કામ પર નીકળી ગયા છે. રાહ જોવાની જરૂર નથી, આપ અંદર આવો.'' ''નહીં દીકરી ! અમારો નિયમ છે કે ઘરના માલિકની હાજરી-મંજૂરી વિના અમે કોઈ ઘરમાં પ્રવેશતા નથી. પતિ આવે જણાવજે. અમે સામે ઝાડ નીચે બેઠાં છીએ.''

પતિ આવ્યો. ચારેયને અંદર આવવા વિનંતી કરી. ''અમે ચારેય એક સાથે ભાગ્યે જ કોઈ ઘરમાં જઈએ છીએ. માટે ચર્ચા કરી કોને અંદર આવવું તે જણાવો.'' વૃદ્ધે કહ્યું. ઘરધણીએ ઓળખાણ માગી. સફેદ દાઢીવાળા વૃદ્ધે કહ્યું : ''હું પ્રેમ છું. આ વૈભવ છે, અને આ બે સ્ત્રીઓ શાંતિ અને સફળતા છે. તું ઘરના સભ્યો સાથે ચર્ચા કરીને આવ કે અમારામાંથી કોણ એક તારા ઘરમાં આવે.'' પત્ની કહે : ''વૈભવને બોલાવીએ.'' ધણી બોલ્યો : ''સફળતાને બોલાવીએ. મારા પ્રોજેક્ટને એની જરૂર છે.'' યુવાન પુત્ર કહે : ''ઘરની ટકટકથી હું કંટાળી ગયો છું મારે હવે શાંતિ જ જોઈએ છે.'' પુત્રવધૂ ચૂપચાપ કામ કરતી હતી. તેને પૂછતાં તેણે કહ્યું: ''ઘરમાં બધું જ છે. જો ઘરમાં પ્રેમ આવશે તો કોઈ વાતની ખામી નહીં રહે.'' બધાંને વાત યોગ્ય લાગી. ઘરધણીએ બહાર આવી પ્રેમને આમંત્રણ આપ્યું. પ્રેમ ઊભો થયો. તેણે આવવાનું શરૂ કર્યું તો બાકીનાં ત્રણેય તેની પાછળ આવ્યાં ! ઘરધણીએ આશ્ચર્ય વ્યક્ત કર્યું ત્યારે વૈભવે કહ્યું : ''અમારો નિયમ છે જ્યાં પ્રેમ રહે ત્યાં અમે બધાં રહીએ છીએ.''

## હા, હવે સંઘ આવી ગયો !

સ્વામિનારાયણ સંપ્રદાયના સ્થાપક શ્રી સહજાનંદ સ્વામીના સામૈયામાં હજારો હરિભક્તો ભેળા થતા. એકવાર ગઢડાના સામૈયામાં સાધુઓ-હરિભક્તોનાં ટોળે ટોળાં આવ્યાં. રસ્તામાં એક છોકરો એમાં જોડાયો. ચાલતાં છોકરાને બાવળની શૂળ વાગી, ને તે પગમાં જ ભાંગી ગઈ. સંઘ તો શ્રીજી મહારાજને મળવાની ઉતાવળમાં રવાના થઈ ગયો. છોકરો રસ્તામાં બેઠો બેઠો રડ્યા કરે.

રસ્તે ચાલતાં સાધુ, સંતો, હરિભક્તો વિ. આવે. રડતા છોકરાની દયા ખાઈ ચાલતા થાય. ત્યાં માણાવદરના માવા ભગત રસ્તેથી નીકળ્યા. છોકરાની પીડા જાણી, કાંધે તેડી પાસેના ગામમાં વાળંદ પાસેથી કાંટો કઢાવ્યો ને પાટો બંધાવી છોકરાને કાંધે બેસાડી ગઢડા લઈ ગયા. ગઢડામાં માણસ માય નહીં. મંડપ હકડેઠ ને સૌ કથા-કીર્તન શરૂ થાય એની રાહ જોતા મહારાજ સામે બેઠા. મુક્તાનંદ સ્વામી કહે : ''બધો સંઘ આવી ગયો,'' પણ મહારાજ કહે : ''સંઘ હજી આવ્યો નથી.'' ત્યાં માવા ભગત મોડા મોડા આવતા દેખાયા. એને જોઈ મહારાજ કહે : ''હા, હવે સંઘ આવી ગયો !''

મહારાજ માવા ભગતને ભેટ્યા, છોકરાને પ્રસાદ આપ્યો. ઓચ્છવમાં શા માટે વિલંબ થયો એનું કારણ જાણી વહેલા પહોંચનારા પસ્તાયા. માવા ભગત મોડા આવીને પણ સૌની આગળ થઈ ગયા હતા.

**સાંઈ શ્રી મકરંદ દવે**


।। શ્રી શંખેશ્વરા પાર્શ્વનાથાય નમઃ ।।

**લબ્ધી ઘી સેન્ટર**

**(હોલસેલ તથા રિટેલ)**

**Mob.: 9820881678 / 7021022561**

**અમારે ત્યાંથી પાટણ તથા જામખંભાળિયાનું શુદ્ધ દેશી ઘી મળશે.**

**2 kg. / 5 kg. / 15 kg. પેકિંગમાં ઉપલબ્ધ**

**વલોણાનું દેશી ઘી**

**ગાયનું શુદ્ધ દેશી ઘી મળશે.**

**ફ્રી હોમ ડિલિવરી**

**શિયાળામાં બારેમાસ ભરવાનું શુદ્ધ ઘી મળશે.**

**શિયાળુ ઘી**

**દેરાસર તથા ભોજનશાળા માટે હોલસેલ ભાવે ઘી મળશે.**

શોપ નં. ૧૬, અંબિકા પાર્ક નં. ૧, શિવસેના ગલી, ભાયંદર (વે),

(Advt.)

**શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા / ઝાલાવાડી સભા ચેરિટેબલ ફાઉન્ડેશન**

૧૦૭, પંચવટી બિલ્ડિંગ, પહેલે માળે, એસ.વી. રોડ, આનંદવન આશ્રમની બાજુમાં,

કાંદિવલી (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૬૭. Tel. : 2200 0097 / 2201 2870

# SUMMER VACATION SANATORIUM BOOKING

## શ્રીમતી કમળાબેન ગંભીરચંદ ઉમેદચંદ શાહ આરોગ્યધામ, લોનાવલા

ઓલ્ડ મુંબઈ, પુના રોડ, હરિ ઈન્ટરનેશનલ હૉટલ સામે, લોનાવલા-૪૧૦ ૪૦૧. Tel. : 021142 73107

## શ્રીમતી ઈન્દુમતીબેન ધીરજલાલ છોટાલાલ શાહ આરોગ્યધામ, પંચગીની

ખીનગર રોડ, ભારતીય વિદ્યાપીઠ સામે, પંચગીની, જિલ્લો : સતારા. Tel. : 02168 241277

## શ્રી સી. યુ. શાહ આરોગ્યધામ દેવલાલી

